# સંકલન

ડન્કેલનું [...] રોળિયો માખ[...]ળી જાય છે

[...]s: Farm expert fears MNC [...]opolies in plant breeding

ડંકેલ ભારતમાં ગનપાવડરથી નહિ પણ હવે મનીપાવરથી યુદ્ધ લડશે

ડંકેલ દાટ વાળીને

ડન્કલનું આ ડિંડવાણું

ડંકેલ દરખાસ્તનો વિરોધ

## ત્રીજી દુનિયાના દેશો માટે ખતરારૂપ

## 'ઉરુગ્વે ચક્ર'

[...]તનું જાળું : કરો[...]

[...]ાખીને આમંત્રે છે

: સંપાદક :
વિનિયોગ પરિવાર
૧૩;ગોપાલ સદન, ૧લે માળે,
શ્રી સંભવનાથ જૈન દેરાસર લેન,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦ ૦૯૨
ફોન: ૮૦૭ ૭૭ ૮૧, ૮૦૭ ૭૬ ૧૬

સંકલન વાંચતા પહેલા આ લેખ અવશ્ય વાંચો.

ચૌરાહાના લેખક ડૉ. વિનાયક પુરોહિતને અભિનંદન

લોકોને ઊંધા રવાડે ચડાવનારા ચીલાચાલુ લેખકોનો રાફડો ફાટ્યો છે ત્યારે ચૌરાહા કૉલમના લેખક ડૉ. વિનાયક પુરોહિત અને એમના લેખ છાપતા તંત્રીશ્રી હસમુખભાઇને લાખ લાખ અભિનંદન.

ડૉક્ટરસાહેબ આપના લેખોમાં પ્રજાનું અને દેશનું સાચું હિત કરવાની સાચી દિશા છે. આપ મૂઠીઊંચેરા માનવી છો. આપના લેખો વાંચ્યા પછી લાગે છે કે આટલો ઊંડાણ ભરેલો તલસ્પર્શી અભ્યાસ કોઇ કરતું નથી. આપ પ્રત્યેક વિષયનું પૃથક્કરણ લાજવાબ કરો છો.

ડૉ. વિનાયક પુરોહિત જેવા વિચક્ષણ પુરુષો અને એ વિચારોને જીવંત બનાવતા જવાંમર્દ કાર્યકરોથી જ આ દેશ અને પ્રજા હવે બચી શકશે; બાકી વર્લ્ડબૅન્ક, આઇએમએફ, યુનો, ફાઓ, મલ્ટીનેશનલ કંપનીઓ, યુરોપિયન ગુંડાઓ અને આ બધાંને ઇશારે નાચતા રાજકારણીઓ (જે કસાઇ અને શેતાનને શરમાવે એવા બન્યા છે)થી આ દેશ ઇથોપિયા કે સોમાલિયા જેવો બની જશે.

માનવ-સેવાદિરૂપ રચનાત્મક કાર્યો કરવા કરતાં ધર્મસંસ્કૃતિનો કે પ્રજાનો ખાતમો બોલાવતાં કાર્યોને તોડી પાડવાના, પડકારવાના, ઝઝૂમવાના ખંડનાત્મક કાર્યમાં વધુમાં વધુ રસ લેવો જોઇએ.

દર વર્ષે કરોડો લોકોને રોગિષ્ટ બનાવી મોતના મુખમાં ધકેલતાં સાધનોની સામે પડકાર ફેંકવાને બદલે દર વર્ષે બેચાર હજાર રોગીઓને ફક્ત કામચલાઉ નીરોગી બનાવતી હૉસ્પિટલ ઊભી કરવાના રચનાત્મક કામથી શી રીતે સંતોષ મનાય?

આખા મુંબઇને ઉડાવી દેવા આવતી આરડીએક્સથી ભરેલી સ્ટીમરને પડકારીને ગમે તે રસ્તે તેને અટકાવી દેવાનું કે ઉડાવી દેવાનું ખંડનાત્મક કાર્ય કરવું? કે પાછળથી માનવ-સેવાદિરૂપ નાનકડું ગામ ઊભું કરવાનું રચનાત્મક કાર્ય કરવું?

યાદ રાખો, ખંડનનું ખંડન તે મંડન જ છે. આજના બુદ્ધિજીવી દેશી અંગ્રેજોના વર્ગમાં ખંડન કરવાનું સત્ત્વ રહ્યું નથી એટલે એ બિચારાઓને રચનાત્મક કામોની વાત કરવાની બકવાસ ફેશન પડી ગઇ છે. સમજદાર સત્ત્વશાળી લોકોએ આવી વાતોમાં ફસાવું ન જોઇએ.

આવી ઘણી બધી વાતો અમલમાં મુકાશે ત્યારે આ દેશની પ્રજાનો ઉદયકાળ જોવા મળશે. મેં તો અહીં માત્ર નાનકડી ભૂમિકા કરી છે. બાકી આ અંગે પ્રખર વક્તા, ઊંડા અભ્યાસી અને મહાન ચિંતક એવા મહાસંત પં. ચંદ્રશેખરવિજયજી મહારાજસાહેબને સાંભળવા જોઇએ અને એમની પ્રેરણાથી ચાલતી સાવ અનોખી કંઇક નોખી સંસ્થા વર્ધમાન સંસ્કૃતિ ધામ - ૬, ધન મેન્શન, અવંતિકાબાઇ ગોખલે સ્ટ્રીટ, ઑપેરા હાઉસ, મુંબઇ ફોન ૩૮૮૭૯૩૭માં જોડાઇ નાહિંમતની, નિષ્ક્રિયતાની, નિર્માલ્યતાની ઓઢેલી પછેડી ફગાવી દઇ મરજીવા બની કેસરિયાં કરવાં જોઇએ અને સંસ્થા ઉપરથી એમના જ હાથે કંડારાયેલા આ વિષયને વિવિધ પાસાંઓની સમજ આપતાં પુસ્તકો મેળવી એનું વાચન અને મનન અવશ્ય કરવું જોઇએ. પુસ્તકોની યાદી: (૧) ઇતિહાસનું ભેદી પાનું (૨) સ્વરાજનું લોખંડી ચોકઠું (૩) ગોરાઓની ભેદી ચાલ (૪) હવે તો ભગવાન બચાવે (૫) ભારત વિરુદ્ધ ઇન્ડિયા (૬) શું ભારતનું ભાવિ અંધકારમય (૭) આંધી આવી રહી છે (૮) હવે તો ધર્મ એ જ રાજકારણ (૯) સૌથી લેટેસ્ટ, રાજકારણની કડવી વાતો (૧૦) વિશ્વમંગલ ગ્રંથમાળા. લે. વેણીશંકર વાસુ.

સુનીલ છેડા
એ/૩, ક્રિકેટ, કાર્ટર રોડ નં. ૧,
બોરીવલી (ઇસ્ટ), મુંબઇ - ૬૬

સમકાલીન... 6/11/93....

VINIYOG

# ડન્કેલનું જાળું : કરોળિયો માખીને આમંત્રે છે

ડિસેમ્બર ૧૯૯૧માં આર્થર ડન્કેલ નામના એક નઠારા અને વાહિયાત અમેરિકને ગાટ સંસ્થાના પ્રમુખ નિર્દેશક તરીકે અમુક પ્રસ્તાવો કર્યા જે વિશ્વભરમાં ચકચારનો વિષય બની ગયા છે. (ગાટ એટલે વિશ્વ વેપાર અને સીમાશુલ્ક પરિષદ) ૧૯૪૭ પછી દેશના સારભૌમત્વ પર આવો મોટો ખુલ્લો પ્રહાર આજ સુધી થયો નહોતો. આનો પ્રતિકાર કરવાનું તો બાજુએ રહ્યું, નામ સંસ્થા તરફથી તેમાં જબરદસ્ત અને મૂળભૂત ફેરફારો કરાવવાની ઝુંબેશ ઉઠાવવાનું તો દૂર રહ્યું (નામ એટલે તટસ્થ રાજયોનો સંઘ), પણ દેશદાઝવિહોણી આપણી દલાલ કૉંગ્રેસના નેતાગણો, જેમાં નરસિંહ રાવ, પંત પ્રધાન, મનમોહન સિંહ, નોકરશાહ નાણાપ્રધાન અને પ્રણવ 'રિલાયન્સ' મુખરજી, વેપારપ્રધાન મુખ્ય છે. આ જન્મજાત દલાલોની ત્રિપુટીએ ડિસેમ્બર ૧૯૯૩ સુધીમાં ડન્કેલ પ્રસ્તાવોને બહાલી આપી, જોઇતા સહીસિક્કા કરવાનું કબૂલી લીધું છે (જુઓ, વેપારસચિવ, એ. વી. ગણેશન સાથેની મુલાકાત, "આપણી પાસે પર્યાય નથી," ઇકોનોમિક ટાઇમ્સ ૮/૬/૧૯૯૩).

ડન્કેલ દરખાસ્તો ફક્ત વેપાર અને સીમાશુલ્ક પૂરતી મર્યાદિત નથી. આંતરરાષ્ટ્રીય વેપારના ઓઠા હેઠળ અનેક બીજા વિસ્તૃત આર્થિક ફેરફારો ડન્કેલે સૂચવ્યા છે. ઔદ્યોગિક નીતિ, પરદેશી રોકાણ નીતિ, વ્યાપક વિત્ત નીતિ, દવાદારૂ, બિયાણ, જીવંત નસલો વગેરે પરની પેટન્ટ નીતિ, આવું ઘણુંબધું ડન્કેલે પોતાનાં સૂચનોમાં સમાવી લીધું છે. તે ભૂંડાં સૂચનો ભારત સરકારે લગભગ સંપૂર્ણપણે માન્ય કર્યાં છે.

એક વિશાળ જનઆંદોલન વગર અને આ સરકારને ઊથલાવ્યા વગર આપણું રાષ્ટ્રીય અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે. બલકે આપણે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય લગભગ ખોઇ નાખ્યું છે. આ પહેલાં ચોરાહામાં વર્લ્ડ બૅન્ક અને ઇન્ટરનૅશનલ મોનિટરી ફન્ડે આદરેલા આપણા દેશ પરના આક્રમણનો ઉલ્લેખ થઇ ચૂકયો છે (૨૯/૫/૯૩ અને ૧૮/૬/૯૩). ગાટ સંસ્થા આ જ નવઉપનિવેષવાદની રાક્ષસી સાંકળની ત્રીજી કડી છે, જે જગતને ભીંસમાં લઇ રહી છે.

સૌપ્રથમ આપણે ડન્કેલ પ્રસ્તાવો શું છે તે સમજી લઇએ. સંપૂર્ણ વિગતો અને તેનું વિવેચન એક લેખમાં સમાવી લેવું અસંભવિત છે, પણ આ લેખ માટે આપણે બેત્રણ મુદ્દા ચૂંટી લઇશું, જેવા કે (૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ, (૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયતાની સીમારેખા અને (૩) બિયાણ અને જીવંત નસલોની પેટન્ટના હકો. બાકીનું આગળ ઉપર.

**(૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ :** ડન્કેલે સૂચવેલા 'સુધારાઓ' આ મુજબના છે :

* પરદેશી રોકાણકારો સાથે પ્રત્યેક બાબતમાં દેશી કંપનીઓ જેવો જ બરાબરીનો વ્યવહાર કરવામાં આવશે.
* પરદેશી મૂડીરોકાણની રકમ ઉપર કોઇ પ્રતિબંધ નહીં રહે.
* પરદેશી રોકાણનાં ક્ષેત્રો અસીમિત રહેશે.
* દેશમાં બનેલો માલ બને ત્યાં સુધી વાપરવાનો આગ્રહ પરદેશી રોકાણવાળી સંસ્થાઓ પર લાદવામાં નહીં આવે.
* પરદેશી રોકાણકારોને સંપૂર્ણપણે કાચો માલ, આવશ્યક ઘટકો (કોમ્પોનન્ટ્સ) અને અર્ધ તૈયાર માલ આયાત કરવાની છૂટ રહેશે.
* પરદેશી મૂડીવાળા સંકુલો પર કોઇ પણ જાતનો નિર્યાતનો બોજો નાખવામાં નહીં આવે.
* ગાટે અપનાવેલી સર્વ પદ્ધતિઓને અનુકૂળ ન હોય તેવી બધી નીતિઓને રદ કરવામાં આવશે.

(સ્રોત : ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૧૧/૬/૯૩)

કોઇને એવો ભ્રમ હોય કે આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું તે દેશની ઔદ્યોગિક ઉન્નતિ માટે; દેશના મુક્ત આર્થિક વિકાસ માટે, દેશ વધારે ને વધારે આત્મનિર્ભર થાય તે સારુ, દેશબાંધવોનું પરદેશી તાકાતો દ્વારા થતું શોષણ અટકે તે હેતુથી, વગેરે ભૂલભરેલા ખ્યાલોને તિલાંજલિ આપીને હવે આપણે પરદેશી મૂડીના દલાલો બનીને સુખશાંતિથી રહેવાનું છે. તે મુજબની ડન્કેલની દરખાસ્તો છે, જે આપણી સરકારે શિરસાવંદ્ય માની છે.

**(૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયતાની સીમારેખા :** આ બાબતમાં ઊહાપોહ અને વિરોધ અમસ્તા અમસ્તા જાગ્યા છે, એવું વેપારસચિવ એ. વી. ગણેશનને લાગે છે. તેથી બધી ગૅરસમજૂતી દૂર કરવાના શુભ આશયથી ભાઇ ગણેશને પોતે જ ડન્કેલની દરખાસ્તોનું એક સંક્ષિપ્ત વિવરણ તૈયાર કર્યું છે (જુઓ 'ડન્કેલ દરખાસ્તો વિશે તમને જે બધું જાણવું છે તે', ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૭/૬/૯૩).

નોકરશાહ ગણેશન મનમોહન સિંહનો જોડિયો ભાઇ છે, એવી સુફિયાણી, સુંવાળી, દગાબાજ દલીલો એણે કરી છે કે આપણે પળભર દિંગ થઇ જઇએ. આપણી બધાની સૌથી મોટી ગૅરસમજ એ રહી કે આપણે એમ માની લીધું છે કે કેટલાક દાયકાથી ભારત સ્વતંત્ર છે. આપણે આઝાદીના યુદ્ધની સાચી મકસદ પકડી પાડવામાં નિષ્ફળ ગયા છીએ. આપણે સ્વતંત્રતા એટલા માટે મેળવેલી કે શાહીવાદી પરદેશી મૂડીને કોઇ પણ જાતનાં બંધનો કે અંતરાયો વગર અહીં વિહરવાની, ફૂલવાફાળવાની તક મળે તો જ દેશનો આર્થિક વિકાસ સધાયને. શરૂઆતનાં થોડાં વર્ષ અડધોપડધો રાષ્ટ્રવાદ આપણે શા માટે અપનાવેલો તે બિરાદર ગણેશન અને મનમોહનને સમજાતું નથી. ટૂંકમાં પોતાના વિવરણ દ્વારા ગણેશનનું કહેવું છે કે આપણી આર્થિક અને ઔદ્યોગિક નીતિઓ પહેલેથી જ ડન્કેલ દરખાસ્તોને અનુરૂપ હતી. જયાં અનુકૂળ નહોતી ત્યાં મનમોહન સિંહ ચોવીસ મહિનાથી કરી રહ્યા છે. હજી નાના નાના ફેરફારો કરવા જેવા લાગશે તો તે અમે કરી લઇશું અને ધન્ય ધન્ય થઇ જઇશું.

નોકરશાહ ગણેશનના શબ્દોમાં : 'ખેડૂતોને અપાતી વિવિધ પ્રકારની સહાય (સબસિડી) ૧૯૮૬થી ૧૯૮૮નાં વર્ષોમાં થયેલા કુલ કૃષિઉત્પાદનની કિંમતના દસ ટકાથી વધુ ન હોવી જોઇએ, ભલે તે સહાય ચોક્કસ પેદાશો માટેની હોય કે અચોક્કસ (નૉન-સ્પેસિફિક) સમગ્ર ખેડૂતવર્ગ માટેની હોય. આમાં બધું આવી ગયું : ખાતર, પાણી, બિયાણ, ધિરાણનો બોજો, વિદ્યુતના પાડેલા દર, ખરીદી માટે બાંધેલો કિમાન સરકારી ભાવ (જે આપણે ત્યાં ૨૦ પ્રકારની ફસલો પર લાગુ છે). આ બધી જ જાતની સહાય કુલ મળીને ઉત્પન્નના દસ ટકાની અંદર રહેવી જોઇએ. અબઘડી આપણે ત્યાં આવી સહાય ફક્ત પાંચદશાંશ બે ટકાની જ છે. એટલે ડન્કેલ દરખાસ્તો સ્વીકારવામાં શી હરકત છે?

મુખ્ય મુદ્દાઓ બાજુએ સેરવીને આડવાતોમાં નાગરિકને અટકાવવાની નોકરશાહોની હમેશની ચાલ એટલી પારદર્શક અને મૂર્ખાઇભરેલી હોય છે કે ગણેશન (અને મનમોહન)ના નીચ પ્રયાસો સહેલાઇથી વર્તી શકાય છે (આવી ચાલાકીઓને અંગ્રેજીમાં સ્ટુપિડ સ્માર્ટ કહે છે).

પહેલો મુદ્દો છે કે પાંચ પૂર્ણાંક બે દશાંશની સહાય અત્યારે ખેડૂતોને અપાઇ રહી છે તે પૂરતી છે એવું કૉણે કહ્યું? દેશના કિસાનોની ચીંથરેહાલ અને કંગાળ હાલત જોતાં સરકારી સહાય કેટલી અપૂરતી છે તેનો અંદાજ આસાનીથી મળે છે. એટલે કે હાલના ૫.૨ ટકા અને ડન્કેલે સૂચવેલા ૧૦ ટકા બન્ને ગૅરવાજબી હોઇ શકે છે અને વસ્તુત: છે. આપણા દેશની ગરીબી હટાવવા આપણે કિસાનોને અનેક ટકાની મદદ કરીએ પણ ખરા અને કરવા બંધાયેલા પણ છીએ. જોકે કૉંગ્રેસે આવી કોઇ જવાબદારી સ્વીકારી નથી પણ છતાં સવાલ છે ડન્કેલની દરમિયાનગીરી શા માટે?

બીજો મહત્ત્વનો મુદ્દો છે : દસ ટકા તે કઇ રકમના? આપણા દેશના ખેતમજૂરોની રહેણીકરણીનો સ્તર, બીજો બધો ખેતીનો ખર્ચ વગેરે બધું એટલું નીચું છે કે ખેતીવાડીની કુલ પેદાશની કિંમત જ નગણ્ય થઇ રહે છે. ધોળા વિકસિત દેશોના માતેલા ખેડૂતો એટલાં અત્યાધુનિક સાધનો અને ઊંચા જીવનનિર્વાહના સ્તર પર

Contd-૨

જીવન વ્યતીત કરતા હોય છે કે તેમના દેશોમાં વાર્ષિક કૃષિઉત્પાદન જ લાખો અબજ ડૉલરની કિંમતનું થાય છે. તેના દસ ટકા એ એક જુદી જ જાતનું જાનવર છે. જ્યારે આપણે ત્યાંની ૧૯૮૬થી ૮૮ની કુલ કૃષિપેદાશની રકમ જ એટલી તુચ્છ હતી કે તેના દસ ટકા તો શું તેના પચાસ ટકા પણ ઓછા પડે. ખાસ કરીને દેશની તોતિંગ વસતિના કૃષિઉદ્યોગ પર નિર્ભર રહેતા જંગી પ્રમાણનો વિચાર કરીએ ત્યારે.

પરદેશના ખેડૂતોને કેટલી ગજબની સરકારી સહાય મળે છે તેના છેલ્લા આંકડા તપાસીએ: આ નાણાકીય મદદ (સબસિડી) ૧૯૯૨ના વર્ષમાં ઓઇસીડીના બધા દેશો માટે કુલ મળીને ૩૫૪ બિલિયન ડૉલર અથવા ૧૧ હજાર અબજ રૂપિયા હતી (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૦/૬/૯૩ ઓઇસીડી એટલે ઓરગેનાઇઝેશન ફોર ઇકોનૉમિક કૉ-ઓપરેશન ઍન્ડ ડેવેલપમેન્ટ જેમાં ઑસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, કેનેડા, ડેનમાર્ક, ફિનલૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, આઇસલૅન્ડ, આયર્લૅન્ડ, ઇટલી, જપાન, લક્ઝેમ્બર્ગ, નેધરલૅન્ડ, ન્યુ ઝીલૅન્ડ, નૉર્વે, પોર્ટુગલ, સ્પેન, સ્વીડન, સ્વિટ્ઝરલેન્ડ, ટર્કી, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સનો સમાવેશ થાય છે (ટૂંકમાં બધા જ વિકસિત પૈસાદાર ધોળા દેશો વત્તા જપાન અને ટર્કી)

ત્રીજો અતિમહત્ત્વનો મુદ્દો છે રૂપિયાના સતત થઇ રહેલા અવમૂલ્યનનો અને ચોથો મુદ્દો છે વિકસિત અને ગરીબ દેશો વચ્ચેની આયાતનિકાસની સર્વસામાન્ય વિનિમય શરતોનો (ટર્મ્સ ઑફ ટ્રેડ). આપણે ત્યાં ખેતીવ્યવસાય સાવ કસ વગરનો કેમ ન હોય, હજી વધારે નુકસાનકારક કેમ ન નીવડે, પણ ભારતીય કિસાન પાસે બીજો કોઇ જીવવાનો જ પર્યાય ન હોવાથી તે ખેતી કરતો જ આવ્યો છે અને કરતો રહેશે. આવી દારુણ અને કરુણ હાલતમાં સબસિડી ઓછી કરવાથી કૃષિઉત્પન્નની બજારકિંમત ઊંચી નહીં આવે. બીજા ઉદ્યોગ-વ્યવસાય તરફ ભારતનો કિસાન વળી નહિ જાય (બીજા ઉદ્યોગો જોઇતા પ્રમાણમાં અસ્તિત્વમાં જ ક્યાં છે?). પરિણામે બીજા ગરીબ દેશોની સાથે જબરી હરીફાઇ કરીને પોતાનો જ માલ પાણીની કિંમતે ભારતને વેચવો પડશે. ધોળાને ફાવતું થશે, પણ કાળો રહેંસાઇ જશે. દેશના દલાલો તાગડધિન્ના કરશે, પણ સામાન્ય માણસનું નિકંદન નીકળી જશે.

ઉપલાં વિધાનોના પુરાવા અનેક છે :

(અ) આપણા દેશની વસતિનો ૭૪ ટકા હિસ્સો ગામડાંમાં વસે છે (૧૯૯૧). ૬૯ ટકા લોકો ખેતી અને તેને લગતા વ્યવસાયોમાં રોકાયેલા છે (૧૯૯૦) દેશની વાર્ષિક આવકમાંથી ફક્ત ૩૧ ટકા ખેતીની ઉત્પન્ન છે (૧૯૯૦). એટલે કે દેશની હાલની ભયાનક નીચી સરેરાશ આવક (દુનિયાના ૧૭૩ દેશોમાંથી આપણો નંબર ૧૪૬મો છે), તેના પ્રમાણમાં પણ ૬૯ ટકા લોકો ફક્ત ૩૧ ટકાનું ઉત્પાદન કરે છે. આમ પાતાળ પ્રદેશની સરેરાશ હોવા છતાં તેથી પણ અડધી આવક કૃષિક્ષેત્રે છે. (સ્રોત : ગામડાંની વસતિનું પ્રમાણ : ૧૯૯૧નો સેન્સસ રિપૉર્ટ, સિરીઝ ૧, પેપર ૨, પૃ. ૧, ખેતીવ્યવસાય પરની નિર્ભરતાનું પ્રમાણ : સીએમઆઇઇ, ૧૯૯૦, વૉલ્યુમ ૧, કોષ્ટક ૯.૧ બ, રાષ્ટ્રીય ઉત્પન્નમાં ખેતીનું પ્રમાણ : વર્લ્ડ બૅન્ક રિપૉર્ટ ૧૯૯૨, પૃ. ૨૨૨-૨૨૩, દુનિયામાં આપણું સ્થાન : યુએનડીપી રિપૉર્ટ ૧૯૯૩, પૃ. ૧૪)

(બ) વર્લ્ડ બૅન્કે પોતે એકરાર કર્યો છે કે અવમૂલ્યન તો શું રૂપિયાનું ઊર્ધ્વમૂલ્યન થવું જોઇએ. ૧૯૯૨ના ડેવેલપમેન્ટ રિપૉર્ટના કોષ્ટક ૧માં આપેલી ભારતની ૩૫૦ ડૉલરની માથાદીઠ આવક, તેમણે તે જ રિપૉર્ટના કોષ્ટક ૩૦માં ખરીદશક્તિનો કયાસ કાઢીને ૧૧૫૦ ડૉલરની કરીને સુધારી લીધી છે. 'ચૌરાહા'ની ૨૯-૫-૯૩ની કટારમાં આ વિરોધાભાસની નોંધ લેવાઇ હતી અને રૂપિયાની બેઇજ્જતી કરવા માટે નરસિંહ રાવની સરકારનો ઊધડો લેવામાં આવ્યો હતો. મારા નમ્ર મત મુજબ રૂપિયો આંતરરાષ્ટ્રીય બજાર પેઠમાં ૭થી ૧૦ ગણો નીચો બોલાય છે. ખરીદશક્તિના હિસાબે સાચી કિંમત એક ડૉલરની ત્રણથી ચાર રૂપિયા હોવી જોઇએ.

(ક) આયાત-નિકાસની સર્વસામાન્ય વિનિમયની શરતો ગરીબ દેશોનાં હિતની સાવ વિરુદ્ધ કામ કરતી હોય છે. વિશ્વ બજારપેઠો આઝાદ નથી. તેમાંની અસમાન ભાગીદારી, અવિકસિત દેશોને વાર્ષિક ૫૦૦ બિલિયન ડૉલરનો ફટકો મારે છે- એમને મળતી વાર્ષિક વિદેશી સહાય કરતાં દસ ગણો મોટો (યુએનડીપી રિપૉર્ટ ૧૯૯૨, પૃ. ૫).

"ગરીબ દેશોની પાસેથી લેવામાં આવતા વ્યાજનો દર ૧૭ ટકા છે, જ્યારે પૈસાદાર દેશો એકબીજાને ફક્ત ૪ ટકાના વ્યાજે ધિરાણ કરતા હોય છે" (એ જ રિપૉર્ટ, પૃ. ૪૮).

"૧૯૮૦થી ૧૯૯૧ના દાયકા દરમિયાન ૩૩ કાચા માલોની જાતોની કિંમત ૧૦૫ના તોલધર સરેરાશ આંક (વેઇટેડ ઇન્ડેક્સ) પરથી ૫૭ સુધી નીચે આવી હતી" (એ જ રિપૉર્ટ, પૃ. ૫૯).

(૩) **બિયાણ અને જીવંત નસલો વિશેનો પેટન્ટ હક :** ભાઇ ગણેશન કહે છે કે બિયાણ અને જીવંત નસલોની પેટન્ટ, જે આપણા ૧૯૭૦ના પેટન્ટ કાયદા મુજબ થઇ શકતી નહોતી તેની ઉપર હવે પછી પણ આપણા ખેડૂતોને ખાસ કંઇ સહન નહીં કરવું પડે, કારણ ડંકેલ દરખાસ્તોમાં જોગવાઇ છે કે કાં તો તે સ્વીકારવી અને કાં તો આપણે પોતે અસરકારક સ્વસર્જિત (સુઇ જેનેરીસ) પર્યાયનો કાયદો બનાવવો. આ બચાવ હાસ્યાસ્પદ છે. આપણે ઘડેલો પર્યાય અસરકારક છે કે નહીં તે તેમણે નક્કી કરવાનું? ધોળા પૈસાદાર દેશોએ અને સ્વસર્જિત પર્યાય આપણે તૈયાર

# ચૌરાહા

ડૉ. વિનાયક પુરોહિત

કરીએ છીએ એનો અર્થ એ થયો કે જીવંત નસલો વિશેની અને બિયાણની પેટન્ટ થઇ શકે તે આપણે સિદ્ધાંતરૂપે માન્ય કર્યું છે. આપણા ૧૯૭૦ના કાયદાનો આ સીધેસીધો પડકાર છે.

હવે આટલા ત્રણ મુદ્દાની ચર્ચાને સમેટી લઇએ.

પરદેશી મૂડીના રોકાણ બાબત તો એટલું જ કહી શકાય કે એક તરફ ડંકેલ, ગણેશન, મનમોહન અને નરસિંહ રાવ અને બીજી તરફ સામાન્ય ભારતીય નાગરિક વચ્ચે એક નાનકડી ગેરસમજૂતી છે. આપણને બધાને એમ લાગે છે કે આપણો દેશ સ્વતંત્ર છે તે આપણી મોટી ભૂલ છે. વિદેશી મૂડીનો સ્વૈરવિહાર યોજવા જ આપણે ૧૯૪૭નું લાલ કિલ્લા પરનું નાટક ભજવ્યું હતું એમ આ ચંડાળચોકડીનું કહેવું છે અને ચંડાળચોકડી સત્તા પર છે એટલે આપણું શું ચાલે? નવો નરસિંહ મંત્ર છે કે વિદેશી મૂડી વગર દેશનો વિકાસ સંભવિત જ નથી. સ્વાતંત્ર્યની નવી વ્યાખ્યા અને 'સ્વતંત્ર' ભારતનો નવો ઇતિહાસ કૉંગ્રેસ નેતાઓ લખી રહ્યા છે તે આપણે છેલ્લાં બે વર્ષથી વાંચી રહ્યા છીએ.

કૃષિ સહાયતા બાબત ૧૦ ટકાની ડંકેલની સીમારેખા કૃષિપ્રધાન ભારત વર્ષના ખેડૂતોને મળેલું એક વરદાન જ છે. અત્યારે ખેડૂતોને ફક્ત ૫.૨% સહાય મળે છે એ ડબલ કરવાની વાત ડંકેલમાં છે. જોકે તેવું આપણે હરગિજ નહીં કરીએ, કારણ આપણે એક તો કિસાનોમાં અપેક્ષા જગાવવી નથી. બીજું આપણે તાત્કાલિક કૃષિપેદાશની નિકાસબજારમાં મોટી મજલ મારવી છે. બલરામ જાખડના નેતૃત્વ હેઠળ તેમણે કરોડો રૂપિયાનાં મશીનો વડે ચારો ઉગાડવાનો મહાન વિક્રમ નોંધાવીને નવા કૃષિનિકાસના અભિગમનું નેતૃત્વ કરવાનો હક પ્રાપ્ત કરી લીધો છે તે બધા કબૂલશે.

બિયાણ અને જીવંત નસલોની પેટન્ટ બાબતમાં ખેડૂતોએ ઝાઝી ચિંતા કરવી નહીં. એ વસ્તુઓ આજ સુધી ભલે પેટન્ટોની બહાર રહી હોય. આપણે નવું નવું તો કરવું જ રહ્યું, જેથી આપણે પ્રગતિશીલ છીએ એવું પુરવાર થાય. આપણે નવો કાયદો કરીશું જે સંપૂર્ણપણે 'અસરકારક પર્યાય' છે તેવું વિદેશોને પટાવી દઇશું. એ લોકો જો કાયદાને અસરકારક ન માને તો આપણે કાયદો બદલતા રહીશું, જ્યાં સુધી એ ધોળા પરદેશીઓ આપણા કિસાનોનું ફક્ત લોહી નહીં પણ હાડકાંનો મજ્જારસ ચૂસી ન લે. આખરે બિયાણ અને જીવંત નસલોને જે ખેડૂતો આયાત કરશે તેટલાને જ માથે પેટન્ટની ફીનો ભાર પડશે. એની ચિંતા એ લોકો કરી લેશે. ભારત સરકારની ફરજ છે ફક્ત રૂપિયાનું સતત અવમૂલ્યન કરવાની, વિદેશી વેપારની ખાધ અવિરત વધારવાની, અસીમ પરદેશી દેવું લેતા રહેવાની અને પરદેશી મૂડીરોકાણને સર્વ સગવડ આપવાની. એ ચારેચાર ફરજો ભારત સરકાર નિભાવી રહી છે.

ભારતના નાગરિકો તમે એટલું કેમ સમજતા નથી કે આટલા બધા અબજો ડૉલરનું કરજ આપણને મળે છે એ જ જબરજસ્ત પુરાવો છે કે આપણે સધ્ધર છીએ. આપણી નવી, જુલાઇ ૧૯૯૧થી શરૂ થયેલી આર્થિક નીતિઓ સાચી છે. પશ્ચિમના દેશો આપણને અતિશય પ્યાર કરે છે અને સર્વાંગી દૃષ્ટિએ જોતાં સ્વર્ગથી હવે હાથવેંતનું જ અંતર રહ્યું છે.

થોડા ગરીબો જે આમે પૃથ્વી પરનો ભાર જ હતા તેમને થોડા વહેલા સ્વર્ગે સિધાવું પડે તો શું આભ ફાટી ગયું? આપણે એ કંગાલોને હાથવેંતના અંતરે સુધી તો પહોંચાડી દીધા છેને. એ ઓછી સિદ્ધિ છે. એમને લાંબી મજલ કાપવાની તસ્દીમાંથી તો ઉગારી લીધા કે નહીં. અસ્તુ.

બાકીના ડંકેલની દરખાસ્તોમાંના મુદ્દાઓ જેવા કે દવાદારૂ અને રસાયણો પરના પેટન્ટ હકો, વીમા અને તેવાં બીજાં વિપુલ મૂડીરોકાણો માગી લેતા સેવાઉદ્યોગો પરના પ્રતિબંધો, ટ્રેડ રિલેટેડ ઇન્ટેલેક્ચ્યુઅલ, પ્રોપર્ટી રાઇટ્સ (ટ્રિપ્સ, એટલે વેપાર સાથે સંકળાયેલી બૌદ્ધિક મિલકત વિશેના હકો), ટ્રેડ રિલેટેડ ઇન્વેસ્ટમેન્ટ મેઝર્સ (ટ્રિમ અર્થાત્ વેપાર સાથે સંકળાયેલી મૂડીરોકાણ પદ્ધતિ) વગેરે આપણે આ પછીની "ચૌરાહા" કૉલમમાં તપાસીશું.

સમકાલીન

તા. ૩૦-૬-૯૩

# ડન્કેલનું જાળું: કરોળિયો માખીને ગળી જાય છે

## ચૌરાહા

ડૉ. વિનાયક પુરોહિત

ગયે અઠવાડિયે આપણે ડન્કેલે ફેલાવેલી જાળનાં ત્રણ મુખ્ય સંધાનો સમજી લીધાં: (૧) વિદેશી મૂડીરોકાણ પ્રત્યેની નીતિ, જે દેશની આત્મનિર્ભરતા માટે સંપૂર્ણપણે ઘાતક છે, (૨) કૃષિક્ષેત્રે સરકારી સહાયની સીમારેખા, જે ભારતના કિસાનોને કચડવા કામ આવવાની છે અને (૩) બિયારણ અને જીવંત નસલો પરના હવે પછી અમલમાં આવનારા પેટન્ટ હકો, જે કિસાનો પર અસહ્ય આર્થિક બોજો નાખવાના છે અને અબજો ડૉલર વિદેશીઓને રળી આપવાના છે.

હવે શેષ મુદ્દાઓ પર ધ્યાન ફેરવીએ (૪) ખાદ્ય પદાર્થો, દવાદારૂ અને રસાયણોના ઉત્પાદન પરના હાલના પેટન્ટ હકોનું નિર્ધારિત પરિવર્તન, (૫) બાકીની ૧૯૭૦ના પેટન્ટ એક્ટમાં સૂચવેલી ઊલટી ખોપડીની સુધારણાઓ, (૬) વસ્ત્રોદ્યોગ પરની માઠી અસર અને (૭) ટ્રિમ્સની માયાજાળ.

પણ આ (૪)થી (૭)ના મુદ્દાઓની ચર્ચા કરીએ તે પહેલાં અમુક પ્રાસ્તાવિક બિનાઓની નોંધ લેવી જરૂરી છે. ડન્કેલ દરખાસ્તો ૫૦૦ પાનાં પર ફેલાયેલી છે. તેની ભાષા ક્લિષ્ટ અને કાયદાબાજીની મૂંઝવણો પેદા કરવાવાળી છે. અનેક પેચપ્રસંગો અને ગૂંચવાડાઓ તેમાં જાણીજોઇને રોપવામાં આવ્યા છે. આ બધાને સમજવાની, દેશના હિતમાં તેમાં સુધારો સૂચવવાની આ સરકારની ફરજ હતી, પણ નરસિંહ રાવની સરકાર ડિસેમ્બર, ૧૯૯૧થી આ ડન્કેલ દરખાસ્તોના ઢીગ પર, બિલ પર બેઠેલા નાગની જેમ ફેણ ફેલાવીને સમય બરબાદ કરી રહી છે અને ઊલટું શોધખોળ કરનારને ડસવાનો યત્ન કરી રહી છે.

હજીય સાવ મોડું થયું નથી. ડિસેમ્બર ૧૯૯૩ સુધી આપણી પાસે પૂરા છ મહિના પડ્યા છે. આખા દેશમાં અનેક પરિસંવાદો અને ખેડૂતમેળાઓ યોજીને જનમત કેળવી શકાય તેમ છે. નામ (તટસ્થ રાજયોના સંઘ)ને ચાલના આપીને, ત્રીજા વિશ્વના ગરીબ દેશોને ચેતવીને, આપણે ડન્કેલની જાળને ઝાડુના એક સપાટે કચરાપેટીમાં નાખી દઇ શકીએ તેમ છીએ. ભારત આખરે બહુ મોટો દેશ છે. ૯૦ કરોડનો. આપણા વગર ગાટ (વિદેશી વેપાર અને સીમાશુલ્ક પરિષદ)ને ચાલે તેમ નથી. બીજા પંદરવીસ દેશોનો સાથ આપણે આસાનીથી મેળવી શકીએ તેમ છીએ. જો પ્રયત્ન કરીએ, જો પુરુષાર્થ કરીએ તો. ગમે તેમ ડન્કેલને હાલ તરત હંફાવવા જેટલી આપણી તાકાત છે. કમસે કમ તેને ખોરંભે નાખીને બેત્રણ વર્ષ મુલતવી રાખી શકાય તેમ છે. જો રાજકીય સંકલ્પ આપણે કરી શકીએ તો.

પણ આ જ તો નરસિંહ રાવની મોટી ખામી છે. ઊલટું, એના પ્રધાનો, પ્રણવ મુખરજી (વેપાર) અને મનમોહન સિંહ (વિત્ત), આ બદમાશ ડન્કેલના તળવા ચાટવાનું પસંદ કરી રહ્યા છે (મુખરજી મશાલ લઇને ધોળે દિવસે રાજયસભાની સીટ શોધી રહ્યા છે) અને દિનેશ સિંહ નામનો એક નામચીન પાટલીફેર નાલાયક વિદેશપ્રધાન બીમાર પડીને ત્રણ મહિનાથી ઘરે સૂતો છે, જયારે એની ફરજ હતી કે વિશ્વનાં સર્વે ગરીબ રાષ્ટ્રોને એકત્ર કરીને ડન્કેલની દરખાસ્તોને ફેંકી દેવાનો મહાપ્રયાસ કરે. નેતૃત્વ આપવાની નરસિંહ રાવની શકિત નથી, ફાવટ નથી, ઇચ્છા નથી અને આવડત નથી. આવા બૌદ્ધિક નાદારી નોંધાવવાને સારુ પરિપક્વ થઇ ગયેલા પંત પ્રધાન તો એવા જ શાસક વર્ગને શોભે જેને જન્મથી પક્ષાઘાત થયો છે. અર્થાત્, દલાલ કિસમના આપણા આજના શાસક વર્ગને જ યોગ્ય આપણી નકામી સરકાર છે.

હું તો ધીરે ધીરે એવા મતનો થતો જાઉં છું કે ભારતને ઉગારવું અસંભવિત છે. જેને આપઘાત જ કરવો છે તેને લાંબે ગાળે જીવંત કેમ રખાય ? જે ઝેર પીવા જ તૂલ્યો છે તેને અમૃત તો શું, પણ પાણી પિવડાવવું અશકય છે. ડન્કેલની દરખાસ્તો માન્ય કરવી એટલે સંપૂર્ણ રીતે પશ્ચિમના ધોળાઓની અનંતકાળ કદમબોસી કરવી, સ્વાતંત્ર્યની બધી વાતોને ત્યજી દેવી અને દેશને બે પૈસાની દલાલી ખાતર વેચી મારવો.

પ્રણવ મુખરજી અને તેના વેપારસચિવ ગણેશન્ તો બે ડગલાં આગળ વધીને, કે પછી શીર્ષાસન કરીને, કહે છે : "ડન્કેલથી દેશને મોટો લાભ થવાનો છે, કારણ જે જે દેશો તેમના ખેડૂતોને દસ ટકાથી વધુ સહાય કરે છે, ૧૯૮૬થી ૮૮ની વચ્ચેના કોઇપણ એક વર્ષના સંપૂર્ણ કૃષિઉત્પાદનની કિંમતના ૧૦ ટકાથી વધારે સબસિડી આપે છે, તે બધાને ડન્કેલની બંધી નડશે ડિસેમ્બર ૧૯૯૩થી. આ રીતે આપણા ખેડૂતો વિશ્વવેપારમાં મોટી મજલ મારી જશે" (પ્રણવ મુખરજી ઇન્ડિયન એક્સપ્રેસમાં, મુંબઇથી, ૨૫-૬-૯૩ના રોજ, એ. વી. ગણેશન્, તે જ અખબારમાં ૨-૭-૯૩ના રોજ).

આવી તદ્દન ગાંડી અને મૂર્ખાઇભરેલી શિખામણો તો જ સાચી ઠરે જો એ વસ્તુ પ્રણવ અને ગણેશન્ પુરવાર કરી શકે કે પરદેશી ખેતીપેદાશની લાગત ભારતની બરાબરીમાં કાં તો દસ ટકા ફેરની જ છે કે તેથી અંદરની છે, જેથી આટલા ભાવફેરથી નિર્યાતબજારમાં આપણી સામે કોઇ ઊભો રહી નહિ શકે. આવો હિસાબ કોણે કર્યો છે ? કયા કયા દેશો માટે ? ક્યારે ? કયાં તથ્યોને આધારે ? ગમેતેમ, ફેંકાફેંક કરીને ભારતના ભોળા ખેડૂતોને ભરમાવવાનો ધંધો પ્રણવ, ગણેશન્ અને નરસિંહ રાવને માફક આવતો હશે પણ દેશદાઝવાળા કોઇપણ સામાન્ય નાગરિકને તે સ્વીકાર્ય નહીં જ હોય.

આ કૉંગ્રેસ નેતા- નોકરશાહ યુતિએ દેશભરમાં અડધી સદીથી અરાજકતા અને અંધાધૂંધી ફેલાવી છે. આપણું અર્થતંત્ર એટલી હદ સુધી કથળી ગયું છે કે કશુંય ચાલતું નથી. લાંચરુશવત વગર તણખલુંય ફરકતું નથી અને લાંચરુશવત લઇને ઓડનું ચોડ થાય છે. આખીયે અર્થવ્યવસ્થા ઠપ થઇ ગઇ છે અને કેટલાય નરાધમો પ્રધાનોની અને સચિવોની ખુરશીઓમાં બેસીને દેશની ઉત્પાદનશકિતનો ખુરદો બોલાવી રહ્યા છે.

દા.ત. વિદેશવેપારની અસીમ ખાધના તાજા આંકડા લઇએ. હજારો કરોડની આયાતનિકાસને અંતે, સરવાળે, ૧૯૯૧-૯૨માં ૧,૫૬૦ મિલિયન ડોલરની ખાધ હતી, જે ૧૯૯૨-૯૩માં, મનમોહન સિંહે કરેલા પરાક્રમી સુધારાઓ પછી વધીને ૩,૦૦૫ મિલિયન ડૉલરની થઇ ગઇ (એટલે કે એક વર્ષમાં માઇનસ ૪,૬૮૦ કરોડ રૂપિયાથી વધીને માઇનસ ૯,૦૧૫ કરોડ રૂપિયાની થઇ ગઇ. જુઓ ઇકોનોમિક ટાઇમ્સ, મુંબઇ, ૨૧-૬-૯૩) અને આ વધેલી ખાધ ૧૯૯૩-૯૪ના વર્ષમાં તેટલી જ રહેવાની છે (જુઓ છેલ્લો અંદાજ, ઇકોનોમિક ટાઇમ્સ, મુંબઇ ૫-૭-૯૩). કયો બીજો ગધેડો વિત્તપ્રધાન દુનિયામાં હશે જે આવી વિસ્મયકારક સફળતા છતાં, પોતાની નીતિઓનાં ગુણગાનમાંથી ઊંચો જ આવતો ન હોય (જુઓ મનમોહન સિંહનાં બણગાં "ઇકોનોમિક બેક ઑન ધ રેલ્સ" "અર્થતંત્ર ફરી પાટા પર ચડી ગયું", ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ ૩-૫-૯૩).

એટલી હદ સુધી બેદરકારી અને બિનજવાબદારી પહોંચ્યાં છે કે જે ઉધારી મળી છે તેનો પણ આપણા નોકરશાહો ઉપયોગ અથવા ઉપભોગ કરી શકતા નથી. પોતે જ એવા આત્મઘાતક સૂક્ષ્મ નિયમો ઘડ્યા છે કે કોઇ સરળતાથી સરખી રીતે ઉધારી પણ વાપરી શકતું નથી. હજી પરમ દિવસે જ મળેલી એઇડ ઇન્ડિયા ક્લબની બેઠક વખતે બહાર આવ્યું કે જે પરદેશી દેવું આપણે માથે ઠોકી બેસાડવામાં આવ્યું છે, તેમાંથી ૧૮.૩ બિલિયન ડૉલર (૫૬૭.૩ અબજ રૂપિયા, ૩૧ રૂપિયે ડૉલરના હિસાબે) તો હજી દરિયા પર તરતું છે. તેને હિન્દુસ્તાનનું કોઇ બારું જ હજી મળ્યું નથી (એટલે કે પાઇપલાઇનમાં છે જુઓ, ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૨-૭-૯૩, જેમાં મોન્ટેક સિંહ અહલુવાલિયાની થયેલી ફજેતી વર્ણવાઇ છે).

કોઇ મોટા, ઐતિહાસિક, વિશાળ વસતિવાળા પ્રજાસત્તાકમાં આવું રેઢિયાળપણું ચાલતું હશે ? આ દેશનો શાસક વર્ગ આટલો આંધળો કેમ થઇ ગયો છે ? પોતાનું જ હિત કેમ સમજતો નથી ? આવા નોકરશાહોને લાત મારીને દૂર કેમ કરતો નથી ? બધું મળીને આપણા દેશ તરફથી માગણી થઇ હતી ૯થી ૧૦ બિલિયન ડૉલરની. મળ્યા છે ૭.૪ બિલિયન ડૉલર (ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૩-૭-૯૩) અને ફાજલ પડેલી ન વાપરેલી ઉધારી છે ૧૮.૩ બિલિયન ડૉલરની. માગવાની રકમ કરતાં ડબલ. અધૂરામાં પૂરું આઠ મહિના પહેલાં વર્લ્ડ બેન્કે રદ કર્યું છે ૧.૪૫ બિલિયન ડૉલરનું દેવું, કારણ આપણે તેનો ઉપયોગ કરવામાં નાકામિયાબ રહ્યા (ઇન્ડિયન એક્સપ્રેસ, મુંબઇ, ૧૦-૧૦-૯૨).

છેવટે આ બધું શા માટે ? હિમાલયે પ્રસવ કરીને કેવું ઉંદરડું કાઢ્યું તે તો જોઇએ. ઉપરાછાપરી છાપાંઓમાં કતારોની કતારો છપાઇ રહી છે કે આપણે ત્યાં મૂડી રોકવાની કોઇને તાલાવેલી નથી. પૂર્વ યુરોપ અને રશિયાની બદલાયેલી પરિસ્થિતિને લીધે બધી ઉધારી તે તરફ ખેંચાઇ જવાની છે પરિણામે આપણને કશું ઝાઝું મળવાનું નથી. આજે નૂતન નીતિનાં બે વર્ષનાં અંતે જવાંમર્દ મનમોહન સિંહ દૂરદર્શનના ફેક્ટ શીટ પર બહાદુરીથી એકરાર કરે છે કે હાલ વિદેશી મૂડીરોકાણ ભારતમાં વાર્ષિક ૪૦૦ મિલિયન ડૉલર જેટલું થઇ રહ્યું છે અને ૧૯૯૭ સુધી, આઠમી પંચવર્ષીય યોજનાને અંતે તે વધીને ૮૦૦ મિલિયન ડૉલર જેટલું થઇ જશે એટલે કે જબરદસ્ત જહેમત પછી મળવાની છે આપણને ૧૨૦૦થી ૨૪૦૦ કરોડ રૂપરડી. દરમિયાન મલ્ટિનૅશનલ કંપનીઓ કેટલું અહીંથી ચૂસીને ઘરભેગું કરશે ?

ખેર, આ મહામૂર્ખ મનમોહન સિંહનાં કરતૂતોનો જરા ઝીણવટથી વિચાર કરીએ. વાર્ષિક વિદેશવેપારની ખાધ આજે ૩ બિલિયન ડૉલરની ચાલી રહી છે. વર્લ્ડ બેન્ક આઠ મહિના પહેલાં રદ કરે છે ૧.૪૫ બિલિયન ડૉલરનું

દેવું, કારણ કે આપણે ઉધારી ઉઠાવવા નાલાયક ઠર્યાં છીએ. એઇડ ઇન્ડિયા ક્લબ ન વાપરેલી ૧૮.૩ બિલિયન ડૉલરની ઉધારી તરફ આપણું ધ્યાન ખેંચે છે. આ મનમોહન સિંહ ડંફાસ મારે છે કે નૂતન નીતિઓને લીધે, આપણે ત્યાં ૦.૪ બિલિયન ડૉલરથી '૯૭ સુધીમાં વધીને ૦.૮ બિલિયન ડૉલર જેટલું વાર્ષિક વિદેશી મૂડીરોકાણ થશે. આ મનમોહનને શું ઉપનામ આપવું ? એને ખર કહેવો કે ખચ્ચર?

ચાલો, આપણે આ પ્રાસ્તાવિક પછી ડન્કેલ પ્રસ્તાવનાની શેષ બાબતો તરફ વળીએ:

**(૪) ખાદ્ય પદાર્થો, દવાદારૂ અને રસાયણો (ખાસ કરીને જંતુનાશક દવાઓ) પરના હાલના પેટન્ટ હકોનું નિર્ધારિત પરિવર્તન:**

ઉપલાં ક્ષેત્રોમાં આજ લગી ફક્ત પ્રોસેસ પેટન્ટો હતી (એટલે કે પદ્ધતિની પેટન્ટ) પણ પ્રોડક્ટ પેન્ટન્ટો નહોતી (એટલે પેદાશ વસ્તુની પેટન્ટ નહોતી). હવે પછી ડન્કેલની મહેરબાનીએ તે ચાલુ થઇ.

નોકરશાહો અને પ્રધાનો એટલા નિર્લજ્જ બની ગયા છે. છાપાંમાં કે દૂરદર્શન અને આકાશવાણી પરથી જબરજસ્ત સતત પ્રચાર થઇ રહ્યો છે કે ડન્કેલની સૂચનાઓ અતિઉત્તમ છે. આજનો જ દાખલો લઇએ. અડધું પાનું ભરીને કોઇ વેચાઇ ગયેલો ખબરપત્રી લખે છે કે "નો પેટન્ટ ફોલી, ધિસ" ("આ નરી મૂર્ખાઇ નથી", ઇકોનોમિક ટાઇમ્સ, ૫/૭/'૯૩).

આપણે વિગતવાર અભ્યાસ માટે કેવળ દાવાદારૂનું ક્ષેત્ર લઇશું. આપણું ઔષધોનું સમગ્ર વાર્ષિક બજાર ૧૫૪૮ કરોડ રૂપિયાનું હાલ છે. જેમને બેહૂદી અને બેશરમ દલીલો કરવી છે તેવા પ્રધાનો અને સચિવો વારંવાર કહે છે કે બજારમાં ફરતી બધી દવાઓના માત્ર ૧૦થી ૧૫ ટકા પેટન્ટ નીચે ડન્કેલ લાવશે (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઇ, ૧૭/૬/'૯૩). આ હળાહળ જૂઠાણું છે. વેચાણની દૃષ્ટિએ પેટન્ટોના ચલણ નીચે બજારનો ૪૦ ટકાથી ઉપર હિસ્સો આજે જ છે અને તે આવતાં પાંચ વર્ષમાં ૮૦ ટકાનો થઇ જવાનો છે (જુઓ સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ ન્યુ ડ્રગ પોલિસી," જાન્યુઆરી ૧૦/૧૬, ૧૯૯૩). પેટન્ટ થયેલી દવાના ભાવ સરેરાશે ૧૦થી ૧૫ ગણા વધી જશે તેવી બધાની ધારણા છે. દા. ત. નોરફ્લોક્સાસીન જેની કિંમત મુંબઇમાં ૧૦ ટીકડીઓના પત્તાના ૪૦ રૂપિયા છે અને જે રૂ. ૬૨૫માં અમેરિકામાં વેચાય છે, તે આપણે ત્યાં હવે પછી કિંચિત અમેરિકાથી ઓછા ભાવમાં વેચાશે કારણ કે આપણાં બજારોમાં એટલી બધી મોંઘી દવાની ખપત ખૂબ બધી ન થઇ શકે. એટલે પરદેશીઓ સમજણપૂર્વક તેવું પોતે જ ગોઠવશે (ઇકોનોમિક ટાઇમ્સ, ૫/૭/'૯૩). આવી સુફિયાણી દલીલો અનેક કતારો ભરીને છાપાંઓમાં સરકારના મળતિયાઓએ વહેતી મૂકી છે. અતિ આવશ્યક ઔષધો સિવાયના બાકીના થોડા ઓછા આવશ્યક દવાદારૂઓના ભાવ વધે તો શો વાંધો છે? વગેરે એ જ ઇકોનોમિક ટાઇમ્સના કાતરણમાંથી આપણને જાણવા મળે છે. એટલે કે મરતા માણસને કહેવાનું કે તેને જોઇતી દવા ઓછી આવશ્યક હતી એટલે મળી નહીં. હાથી સમિતિ આપણી સંસદે નિયુક્ત કરી હતી. તેનો અહેવાલ ૧૯૭૪માં બહાર પડયો. તેનો અમલ અહીં નહીં પણ દૂર બંગલા દેશમાં થયો. ડૉ. ઝફરુલ્લા ચૌધરીએ પોતે હાથીની ભલામણ સ્વીકારી છે તેવું જાહેર કર્યું છે અને બંગલા દેશના ૪૦૦ કરોડના વાર્ષિક દવાબજારમાં કામ કરતા આઠ મલ્ટિનેશનલ સંકુલોને બરાબર મુઠ્ઠીમાં રાખીને સીધાદોર કરી નાખ્યા છે. ત્યાંના ગૌણ સ્વાસ્થ્ય કેન્દ્રો આપણા દેશની સરખામણીમાં સુંદર કામગીરી બજાવી રહ્યાં છે.

બંગલા દેશની વાતને હાલ તરત બાજુમાં રાખીએ. આપણા ભારતવર્ષમાં કેટલી ભયાનક અરાજકતા દવાદારૂને ક્ષેત્રે પ્રવર્તે છે તેનો અંદાજ આવશે એ હકીકત ઉપરથી કે આપણે ત્યાં ૬૦,૦૦૦ નુસખાઓનું (ફોર્મ્યુલેશન્સનું) દવાબજારમાં ચલણ છે. તેમાંના ઘણા ખરા બિનજરૂરી અથવા બિનઉપયોગી સંમિશ્રણનાં ઔષધો છે જે અનેક કંપનીઓ ઉપરાછાપરી પોતપોતાનાં બ્રાંડનેમ જોડીને વહેતાં મૂકે છે. મનુષ્યનું શરીર બધી જ જાતનાં સંમિશ્રણો અવયવોની અંદર ને અંદર કરવા સમર્થ છે, (બંગલા દેશમાં પાંચદસથી વધુ સંમિશ્રણનું ચલણ સરકારે બંધ કરી નાખ્યું છે, જે હાથી સમિતિની મુખ્ય સૂચના હતી). ડબ્લ્યુએચઓ (વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા)ની શિફારસ મુજબ ફક્ત ૨૫૦ અતિઆવશ્યક દવાઓ છે જે દુનિયાના ઘણા ખરા રોગોને માત કરવા બસ થઇ રહે છે (સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ, ૧૦/૧૬ જાન્યુઆરી ૧૯૯૩).

આજે દવાબજારમાં પરદેશી મૂડીવાળા સંકુલોનું વર્ચસ છે. આવા સંકુલોએ ૧૫૪૮ કરોડ રૂપિયાના વાર્ષિક વેચાણના ૫૭ ટકા પોતાને હસ્તગત કર્યા છે. આપણે ત્યાંની કુલ આબાદીનો માત્ર પાંચ ટકા ભાગ જોઇતી દવા ગાંઠના પૈસા ખર્ચીને ખરીદી શકે છે, બીજા વીસ ટકા લોકો આમથી તેમ ભટકીને, લાગવગ લગાડીને સખાવતી સંસ્થાઓ અથવા સરકારી દવાખાનાંઓમાંથી મદદ લઇને પોતાનો ઉપચાર અડધોપડધો કરી લે છે. છેવટે રહેલા ૭૫ ટકા લોકો તો સંપૂર્ણપણે દવાબજારના સ્પર્શથી વંચિત છે (સન્ડે ઓબ્ઝર્વર, મુંબઇ, ૧૦/૧૬ જાન્યુઆરી, ૧૯૯૩).

**(૫) બાકીની ૧૯૭૦ના પેટન્ટ એક્ટમાં સૂચવાયેલી ઊલટી ખોપડીની સુધારણાઓ:**

પહેલી "સુધારણા" તે ઉપર વર્ણવેલાં દવાદારૂ, ખાદ્ય પદાર્થો અને કૃષિ-રસાયણોનાં ક્ષેત્રોમાં "પ્રોસેસ" પેટન્ટની જગ્યાએ "પેદાશ" પેટન્ટનો નવો શિરસ્તો એક જ પ્રોસેસ અથવા પદ્ધતિથી અનેક પેદાશ થાય અથવા સહેજ અલગ અલગ પ્રોસેસથી એક જ વસ્તુ અનેક રીતે પેદા થઇ શકે. હવે વસ્તુ પેદાશ ઉપર જ પેટન્ટ હક લાગુ થવાથી બજારની અંદર હરીફાઇ એકદમ ઓછી થઇ જશે અને ભાવો ઇજારાશાહીની રસમે કૂદકે અને ભૂસકે ઉપર ચઢી જશે જે ડન્કેલનો સ્પષ્ટ હેતુ છે.

બીજું, પેટન્ટો હવે સાત વર્ષને બદલે પૂરાં ૨૦ વર્ષની રહેશે. પરદેશીઓને ફક્ત બજાર ખોલી નથી આપ્યું ડન્કેલે તેમાં એમની લાંબાગાળાની ઇજારાશાહી રહે તે પણ ડન્કેલે યોજ્યું છે.

ત્રીજું, હવે પછી પુરાવાનો ખર્ચો અને જવાબદારી અસીલની નહીં (એટલે કે જે ન્યાયાલયમાં અરજી કરે છે કે મારા પેટન્ટ અધિકારોનો ભંગ થયો છે તે પરદેશી મલ્ટિનેશનલનો નહીં). પણ બચાવપક્ષનો (એટલે કે, નાનાં દેશી કારખાનાંના સંચાલકો, જે પેટન્ટના અધિકારો તોડીને બીજી પ્રવૃત્તિ કરવાનો વિચાર કરતા હોય તેમનો) રહેશે.

ચોથું, જો ડન્કેલની દરખાસ્તો આપણે માન્ય ન કરીએ તો આપણે તેટલો જ અસરકારક પર્યાય, સ્વસર્જિત (સૂઇ જેનેરિસ) કાયદા દ્વારા રજૂ કરવાનો રહેશે. હવે આ કાયદો અસરકારક છે કે નહીં અને ડન્કેલની દરખાસ્તો જેટલો જ અસરકારક છે કે નહીં, તે કોણ નક્કી કરશે? એનાં એ જ ધોળાં પૈસાદાર રાજ્યો જે આપણને દેવું ધીરે છે અને દબાવે છે તે એ જ ગાટ સંસ્થા જેનો નિર્દેશક ડન્કેલ હતો? અને સ્વસર્જિત પર્યાય એટલે સૈદ્ધાંતિકરૂપે આપણે ૧૯૭૦નો એક્ટ બાજુએ મૂકીને ડન્કેલે દોરેલી સીમારેખાઓ માન્ય કરી એમ જ ને?

છેલ્લે, આજ સુધી ફરજિયાત ઉત્પાદનો પરવાનાની જોગવાઇ હતી. એટલે કે જો કોઇ પેટન્ટ હક ધરાવનાર ઇચ્છુક ઉત્પાદકને તેનો હક વેચવાની ના પાડે અને પોતે દેશમાં તે પેદાશને ઉત્પન્ન પણ ન કરે તો ફરજિયાત પરવાનાની યોજના હતી: આ પરવાનો ભાગ્યે જ હકીકતમાં કોઇ કાઢતું પણ પરદેશી સંકુલો આવી જોગવાઇ છે તે જાણતા હોવાથી બહુ જ નીચા વળીને પોતાનો ધંધો ચલાવતા હતા. બંને ત્યાં સુધી પરવાનાનું કારણ જ ઊભું નહોતા થવા દેતા. હવે પછી તેઓ ડન્કેલની છત્રછાયા હેઠળ મનમાની કરવા છુટ્ટા છે.

**(૬) વસ્ત્ર ઉદ્યોગ પર માઠી અસર :**

વિકાસશીલ દેશો જે જે ક્ષેત્રોમાં પશ્ચિમ સામે, અસરકારક રીતે હરીફાઇ કરી શકે છે, જેમ કે વસ્ત્રઉદ્યોગ અને તેવાં બીજાં ઓછી મૂડી અને વધારે શ્રમશક્તિનાં ક્ષેત્રો, ત્યાં પશ્ચિમના દેશોની ચાલ છે કે પોતાના દેશો માટે આર્થિક સંરક્ષણો રચીને ગરીબોનો સામનો કરે. આ નાબૂદ કરવાનો દેખીતો આશય તો ગાટ સંસ્થાનો છે, પણ ડન્કેલસાહેબ એટલા નીચ વૃત્તિના છે કે જ્યાં પૂર્વના, દક્ષિણના, અવિકસિત દેશોની કુદરતી સરસાઇ છે ત્યાં તેમને હંફાવી દેવા.

આવી એક પશ્ચિમની યોજના જે ગરીબ દેશના હરીફોના માલ પર ભારે સીમાશુલ્ક નાખે છે તે છે મલ્ટિફાઇબર એગ્રીમેન્ટ (અર્થાત્ અનેક રેસા સમજૂતી). આ મલ્ટિફાઇબર એગ્રીમેન્ટ કેટલું અન્યાયી છે તે યુએનડીપીના ગયા વર્ષના રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તે પ્રમાણે આ એમએફએને લીધે ગરીબ દેશોને વાર્ષિક ૨૪ બિલિયન ડૉલરનો ફટકો પડે છે. (એટલે ૭૪૪ અબજ રૂપિયાનો પ્રતિવર્ષ. જુઓ યુ.એન.ડીપી રિપોર્ટ, ૧૯૯૨, પૃ. ૬).

ડન્કેલની દરખાસ્ત મુજબ આ અન્યાયી સમજૂતી બીજાં દસ વર્ષ સુધી કાયમ રહેશે. જ્યાં જ્યાં ગરીબોના પક્ષમાં કંઇ પણ છે ત્યાં ત્યાં તે એકદમ એકબે વર્ષમાં બદલી નાખવાનું કહેવામાં આવ્યું છે અને જ્યાં પશ્ચિમનું થોડુંક પણ નુકસાન છે ત્યાં તેમને અનેક વર્ષોનો સમય આપવામાં આવ્યો છે.

**(૭) ટ્રિમ્સની માયાજાળ :**

ટ્રેડ રિલેટેડ ઇન્વેસ્ટમેન્ટ મેઝર્સ (ટ્રિમ્સ) હેઠળ ડન્કેલની દરખાસ્ત પ્રમાણે બેન્કિંગ વીમો, દલણવલણ અને તેવા વિપુલ મૂડીરોકાણ માગી લેતા સેવા-ઉદ્યોગોમાં પરદેશી મૂડીની ઘૂસપેઠ અતિ વાજબી છે 'એટલે કે હવે જોતજોતાંમાં વીમા ક્ષેત્ર પરદેશીઓ માટે ખુલ્લું મુકાઇ જશે.

હવે ચર્ચા સમેટી લઇએ. ડન્કેલની દરખાસ્તો આપણા રાષ્ટ્રના હિતમાં નથી કોઇ પણ વિકાસશીલ ગરીબ દેશના હિતમાં નથી. આજની સરકારે તેનો સ્વીકાર કરી લીધો છે અને ડિસેમ્બર ૧૯૯૩ સુધીમાં તે પ્રસ્તાવ પર સહીસિક્કા થઇ જવાના છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ નિયમ મુજબ નરસિંહ રાવ, મનમોહન સિંહ, પ્રણવ મુખરજી અને દિનેશ સિંહ આપણા દેશને વિનાશના માર્ગે દોરી રહ્યા છે. આપણામાંના જેને સાચી દેશદાઝ હશે તેણે વિચાર કરવાનો છે કે હવે શું કરવું? હું પોતે તો મૂંઝાઇ ગયો છું. મને તો આ સરકારને હટાવવા સિવાય બીજો વિકલ્પ દેખાતો નથી.

સમકાલીન

પુસ્તક. ૧૦ અંક ૧૯૬ ગુરુવાર ૨૯ જુલાઇ ૧૯૯૩

# અંતે ડંકેલ દાટ વાળીને જ જંપશે

## ચૌરાહા

ડૉ. વિનાયક પુરોહિત

— ચૌરાહાની આ હારમાળામાં આ બીજી વખત સાચાં વિધાનો કર્યાની મારે નોંધ લેવી પડે છે. પણ કમનસીબે એનાથી ને લેશમાત્ર આનંદ થતો નથી.

મારું પહેલું વિધાન હતું રૂપિયાની વાજબી સાચી કિંમતની આંકણી બને તે બદલ ડોલર-પાઉન્ડ સાથેના અધિકૃત દર દ્વારા થયેલા ઘોર અન્યાય અને અનાદર વિશે. વર્લ્ડ બેન્કે પોતે જ કબૂલ કર્યું છે કે ૧૯૯૩ના તેના છેલ્લા વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ દ્વારા કે રૂપિયો તેની કુદરતી ખરીદશક્તિ કરતાં છથી સાત ગણો નીચો આંકવામાં આવી રહ્યો છે અને માથાદીઠ ભારતીય નાગરિકની સરાશ વાર્ષિક આવક અધિકૃત દરને આધારે જે માત્ર ૩૧૦ ડોલરની માનવામાં આવે છે તે ખરી નથી પણ તે સાચી ખરીદશક્તિની તુલના (પરચેઝિંગ પાવર પેરિટીને આધારે) કરવામાં આવે તો ૧૯૦૦ ડોલરથી વધુ હોવી જોઇએ (જુઓ, વર્લ્ડ બેન્ક રિપોર્ટ, ૧૯૯૩ના કોષ્ટક ૧ અને ૩૦ અને સમકાલીનનો મારો લેખ 'વિદેશી વિનિમય દરની રામકહાણી' ૧૬-૭-૯૩).

સમકાલીનના સમજુ વાચકના ધ્યાન પર એ વસ્તુ લાવવાની ભાગ્યે જ જરૂર હોય કે આજે નવા પનિવેષવાદના જમાનામાં ત્રીજા વિશ્વનું શોષણ કરવાની સૌથી અસરકારક બે તરકીબો છે : અધિકૃત વિનિમય દરની યોજનાપૂર્વક કરવામાં આવેલી અવનતિ અને આયાત-નિકાસના મૂળભુત દર (ટર્મ્સ ઑફ ટ્રેડ)ની ગિરાવટ. આ ઉપરાંત કૃત્રિમ રીતે વિશેષ મોંઘાદાટ બનાવેલા લશ્કરી સરંજામનું વેચાણ અને બુદ્ધિબળની મનુષ્ય નિર્યાત કરવાની ગરીબ દેશને પાડવામાં આવતી ફરજ જે ત્રીજા અને ચોથા દરજ્જાના કીમિયાઓ છે. એની પણ નોંધ આ પહેલાં ચૌરાહામાં લેવામાં આવી હતી.

ડન્કેલના પ્રસ્તાવો બાબત મેં લખ્યું હતું કે આ પ્રસ્તાવો સરકારે આપખુદી દાખવીને સ્વીકારી લીધા છે, તેની વિસ્તૃત ચર્ચા લોકસભામાં થવા દીધી નથી. જુઠ્ઠી સમીક્ષાઓ નોકરશાહો દ્વારા કરાવીને જનમતને ઊંધે રસ્તે દોરવાનો પ્રયાસ થયો છે. કૃષિ અને દવાદારૂનાં ક્ષેત્રોએ અપાર નુકસાન આપણા દેશે વહોરવું પડશે તે બાબતો પર ઢાંકપિછોડો કરવામાં આવી રહ્યો છે અને જોતજોતાંમાં વીમા ક્ષેત્રે નિજીકરણની પ્રવૃત્તિ અમલમાં આવશે.

છેલ્લો મુદ્દો પહેલો લઇએ : કોઇ એક નાલાયક આર. એન. મલ્હોત્રાની સરદારી હેઠળ નિમાયેલી એક સરકારી સમિતિએ ભલામણ કરી દીધી છે કે જીવન વીમાને છોડીને શેષ જનરલ વીમા ક્ષેત્રની વીમા કંપનીઓનું ખાસગીકરણ થવું જોઇએ. નેશનલ, ઓરિયેન્ટલ, યુનાઇટેડ ઇન્ડિયા અને ન્યુ ઇન્ડિયા નામના ચાર દેશી સંકુલો અંગત માલિકી હેઠળ મૂકવામાં આવશે અને સાથે સાથે પરદેશી રાક્ષસોને આ સામાન્ય વીમાના ક્ષેત્રમાં દાખલ કરવામાં આવશે અને તેમને મુકત વેપારની છૂટ આપવામાં આવશે (જુઓ, ઇકોનોમિક ટાઇમ્સ, મલ્હોત્રા પેનલ લાઇક્લી ટુ 'સીક' પ્રાઇવેટાઇઝેશન ઓફ જીઆઇસી સબસિડિયરીઝ ૨૨-૧૧-૯૩).

હવે બિયાણની કારમી શોકાન્તિકા લઇએ. પ્રોફેસર નુન્જુન્ડસ્વામી જે કર્ણાટક રાયતા (રૈયત) સંઘના પ્રમુખ છે અને કર્ણાટક વિધાનસભાના સ્વતંત્ર સભાસદ છે તેમણે ઓગસ્ટ મહિનામાં પોતાના જ મતદાન વિસ્તારમાં ચાલી રહેલા કારગિલ કંપનીનાં ભયાનક કારનામાંનો જાહેર પ્રતિકાર કરવો પડ્યો હતો. હજારો કિસાનોએ નિદર્શનમાં જોડાઇને કારગિલ બિયાણ સંકુલે નિકંદન કાઢી નાખેલા સૂર્યમુખી ફૂલોના સેંકડો એકરો પર ઠેરઠેર ધરણાં ધરવાં પડ્યાં હતાં. આ કારગિલ એક બહુદેશીય અને બહુક્ષેત્રીય અમેરિકન જાળ-તંત્ર છે જેને થોડા જ મહિના પહેલાં કંડલા ખાતેની પોતાની વિશાળ મીઠું પકવવાની યોજના જબરદસ્ત લોકવિરોધને કારણે પડતી મૂકવી પડી હતી. આ જ નામચીન કારગિલ કંપનીની એક બિયાણ શાખા છે જેણે નુન્જુન્ડસ્વામીના મતવિસ્તારમાંનાં સેંકડો એકરના એવા સૂર્યમુખીવાળાં ખેતરોનો નાશ કરી નાખ્યો, જેનાં ફૂલો કારગિલની કહેવાતી ઉત્તમ જાતોના વાવેતરવાળાં ખેતરોનાં ફૂલોના બીજકણો સાથે ભળી જઇને તેમને બગાડી નાખે તેવો ભય હતો (જુઓ હિન્દુ અને ઇન્ડિયન એક્સપ્રેસની બેંગલોર આવૃત્તિઓની ઑગસ્ટની ફાઇલો). આમ ડન્કેલ હેઠળ ભારતના ગરીબ કિસાનો પાસેથી કરોડો રૂપિયાની પેટન્ટ રોયલ્ટી વસૂલ કરવામાં આવશે એટલું જ નહીં પણ કારગિલના બિયાણ ખરીદનારા ખેડૂતોનાં ખેતરોની આસપાસના લાખો એકરો પરની ફસલ જમીનદોસ્ત કરી શકાશે એ બહાને, કે કારગિલ જેવી બિયાણ સંસ્થાઓએ પુરવઠો કરેલા ઉત્તમોત્તમ જાતિઓનું અપમિશ્રણ કે વર્ણસંકરીકરણ રખેને થઇ જાય (કેટલી બધી માલદાર બહુદેશીય કંપનીઓ રાષ્ટ્રના બિયાણ ક્ષેત્રે સર્વોપરિતા કેટલી ઝડપથી જમાવી રહી છે તે વસ્તુસ્થિતિની ચર્ચા માટે જુઓ વિનાયક પુરોહિત "ધ લિબરલાઇઝેશન કન્ટેકસ્ટ" ૧૭મા નેશનલ સોશિયલ સાયન્સ એકેડેમીના બેંગલોર અધિવેશન ઑગસ્ટ ૧૯૯૩માં વંચાયલો નિબંધ).

દવાદારૂની બાબતમાં ડન્કેલ દરખાસ્તોએ કેટલાક વેપાર સંબંધિત બૌદ્ધિક મિલકત હકો (ટ્રેડ રિલેટેડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ, ટૂંકમાં ટ્રિપ્સ) પિછાણ્યા છે. તેની અંતરગત પેટન્ટના હકોને નવી વ્યાખ્યા આપવામાં આવી છે. પ્રોસેસ પેટન્ટ જે આજે અમલમાં છે તેની જગ્યાએ પ્રોડક્ટ પેટન્ટો આવશે. કેન્દ્ર પ્રધાન કુમારમંગલમે જાહેર કર્યું છે કે આ પ્રોડક્ટ પેટન્ટો આપણે સ્વીકારવી પડશે ને પડશે જ (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ૨૭-૧૧-૯૩). આ નવા પ્રોડક્ટ પેટન્ટ હકો દ્વારા આજે દવાબજારમાં મળતી ઔષધોના ભાવ ડબલથી બોતેર ગણા વધી જશે માત્ર ૧૫મી ડિસેમ્બર ૧૯૯૩ અથવા ડન્કેલ પ્રસ્તાવો પર ભારતની સરકાર સહી કરશે તે પછી થોડાક જ સમયમાં શું વીતશે તેનો અંદાજ આ લેખ સાથે જોડેલા કોષ્ટકમાં આપ્યો છે.

સરકારી નોકરશાહો એક સાવ બોદો બચાવ રજૂ કરી રહ્યા છે કે કુલ દવાબજારમાં પેટન્ટો જેને લાગુ થાય છે તેવી દવાઓ ફક્ત ૧૫થી ૨૦ ટકા જેટલી જ હોય છે. પણ સવાલ દવાઓની સંખ્યાનો છે જ નહીં. કુલ વાર્ષિક વેચાણના કેટલા ટકા તેવી દવાઓનો છે તે મુખ્ય પ્રશ્ન છે. ખેર, સંશોધનકારોએ શોધી કાઢ્યું છે કે કુલ વેચાણના ૫૦થી ૬૦ ટકા દવાઓ પેટન્ટ થયેલી હોય છે. જાહેરખબરોનો મારો બધા જ માધ્યમો દ્વારા આ પેટન્ટ થયેલી દવાઓ વિશેનો હોય છે અને હજારો ડૉક્ટરોને સીધી અથવા આડકતરી લાંચ આપવામાં આવે છે તે આ પેટન્ટ દવાઓના ફેલાવા માટે જ.

બીજો એક વાહિયાત સરકારી બચાવ એ છે કે ડન્કેલ દરખાસ્તોની કેટલીક આકરી શરતો આપણી ઉપર ત્યાં સુધી લાગુ નહીં થાય જ્યાં સુધી આપણો વિદેશ વ્યાપાર સમૂળગો ખાધમાં છે પણ આ તો હાસ્યાસ્પદ દલીલ છે. એનો એક અર્થ એમ થયો કે આપણો વ્યાપાર હમેશાં ખાધમાં રહેવાનો છે? સરકાર ચલાવનારાઓ કદી સુધરવાના જ નથી? બીજું, તો પછી ભવિષ્યમાં એવી પણ દલીલ થશે કે વિદેશી વ્યાપારની ખાધ આપણે કદી નાબૂદ ન કરવી જોઇએ, કારણ તે વખતે ડન્કેલ પ્રસ્તાવ લાગુ થઇને આપણને સરવાળે અપાર નુકસાન થઇ બેસશે. દીવાના બોલતા હૈ, ઓર ગધા સૂનતા હૈ એવો આપણા નોકરશાહોનો અને કૉંગ્રેસના દિવાળિયા નેતાગણનો હિસાબ છે.

મનમોહન સિંહવાળી અંધેરી નગરીના ગંડુરાજમાં ૧૯૯૧-૯૨ કરતાં ૧૯૯૨-૯૩ની વાર્ષિક વિદેશી વ્યાપાર ખાધ બમણી થઇ ગઇ છે ૧.૫ બિલિયન ડોલરની જગ્યાએ ૩.૦ બિલિયન ડૉલર (જુઓ ચૌરાહામાં આ પહેલાં આવી ગયેલો મારો લેખ ડન્કેલનું જાળું- કરોળિયો માખીને ગળી જાય છે ૨૯-૭-૯૩).

અનુસંધાન ૪થા પાને

સમકાલીન
પાના નંબર :
દિનાંક : ૧૨-૧૨-૯૩

Contd - 2

## વિશ્વ દવાબજારમાં ચાલતી પ્રોડક્ટ પેટન્ટ દ્વારા લૂંટનું સેમ્પલ

| દવાનું નામ | ગ્રેઝ અને પેકેટ | ભારતમાં ભાવ | પાકિસ્તાનમાં ભાવ | કેટલા ગણા | ઇંગ્લૅન્ડમાં ભાવ | કેટલા ગણા | અમેરિકામાં ભાવ | કેટલા ગણા |
|---|---|---|---|---|---|---|---|---|
| **પ્રતિજીવાણુ (એન્ટીબેક્ટેરિયલ્સ)** | | | | | | | | |
| સિપ્રોફ્લોકસાસિન | ૫૦૦ મિગ્રા×૪ | ૫૧.૦૦ | ૨૩૪.૬૩ | ૪.૬૦ | ૩૧૫.૯૬ | ૬.૨૦ | ૩૦૫.૨૧ | ૧૫.૯૧ |
| નોરફ્લોકસાસિન | ૪૦૦ મિગ્રા×૧૦ | ૩૯.૩૬ | ૧૨૫.૫૦ | ૩.૧૯ | ૨૫૨.૭૩ | ૬.૪૨ | ૩૯૫.૩૨ | ૧૩.૮૩ |
| **પ્રતિ-જ્વલન કે સૂજન (એન્ટી-ઇનફ્લેમેટરી)** | | | | | | | | |
| પાયરોક્સિસેન | ૨૦ કેપ્સ×૧૦ | ૧૩.૮૩ | ૭૮.૧૨ | ૫.૬૩ | ૧૬૬.૯૩ | ૧૨.૦૪ | ૬૦૩.૯૩ | ૪૩.૫૪ |
| **પ્રતિ-વ્રણ (એન્ટી-અલ્સરન્ટ્સ)** | | | | | | | | |
| રેનિટિ ડિન | ૩૦૦ ટેબ×૧૦ | ૨૯.૦૩ | ૨૬૦.૪૦ | ૮.૯૩ | ૪૮૧.૩૧ | ૧૬.૫૮ | ૭૪૪.૬૫ | ૨૫.૬૫ |
| નેપ્રાક્સેન | ૨૦ મિગ્રા×૧૦ | ૩૧.૨૫ | માહિતી | અપ્રાપ્ય | ૬૮૪.૦૫ | ૯.૬૦ | ૯૯૨.૪૬ | ૧૩.૯૩ |
| **હૃદયરોગ રોધક (કાર્ડિયો વાસ્ક્યુલર્સ)** | | | | | | | | |
| એટેનોલોલ | ૫૦ ટેબ×૧૦ | ૭.૫૦ | ૮૬.૬૩ | ૧૧.૫૫ | ૧૦૩.૨૧ | ૧૩.૭૬ | ૨૨૬.૬૬ | ૩૦.૪૫ |
| એનાલાપ્રિન-મેલિએટ | ૫ મિગ્રા×૧૦ | ૯.૦૦ | ૧૭.૨૦ | ૪.૧૩ | ૧૪૭.૯૭ | ૧૬.૪૪ | ૨૩૦.૮૩ | ૨૫.૬૫ |
| **પ્રતિ-વાઇરસ (એન્ટી-વાયરલ/ફંગલ)** | | | | | | | | |
| માયરોબિડિલ મલમ | ૬૦ મિલિ | ૧૩૧.૨૫ | માહિતી | અપ્રાપ્ય | ૧૫૭.૯૮ | ૩.૫૧ | ૬૭૭.૬૭ | ૧૬.૯૭ |
| **એન્ટી-હિસ્ટામિન** | | | | | | | | |
| આરટેમિઝોલ | ૧૦ મિગ્રા×૧૦ | ૬.૦૦ | ૧૨૦.૯૦ | ૨૦.૧૫ | ૧૦૦.૦૫ | ૧૬.૬૮ | ૪૩૬.૩૬ | ૭૨.૭૩ |
| ટરફેનાડિન | ૬૦ મિગ્રા×૧૦ | ૧૩.૫૦ | ૬૦.૯૩ | ૪.૫૧ | ૭૮.૯૯ | ૫.૫૪ | ૨૯૩.૧૭ | ૨૧.૭૨ |
| **એન્ટી-એપિલેપ્ટિક્સ** | | | | | | | | |
| આલપ્રોઝોલાન | ૦.૫ મિગ્રા×૧૦ | ૫.૪૦ | માહિતી | અપ્રાપ્ય | ૨૨.૬૪ | ૪.૧૯ | ૧૩૧.૨૭ | ૩૧.૭૨ |
| **એન્ટી-કેન્સર** | | | | | | | | |
| મિટોઝાનટ્રોન | ૨ મિગ્રા×૧૦ | ૪૪૬.૨૫ | માહિતી | અપ્રાપ્ય | ૭૯૨૧.૬૪ | ૧૭.૭૫ | ૧૫૧૭૬.૬૪ | ૩૪.૦૧ |
| કાર્બોપ્લાટિન | ૧૫૦ મિગ્રા | ૭૪૬.૨૫ | માહિતી | અપ્રાપ્ય | ૩૬૦૮.૨૬ | ૪.૮૪ | માહિતી | અપ્રાપ્ય |
| **એન્ટી-ડિપ્રેસન્ટ** | | | | | | | | |
| ફ્લુઓક્ઝેટિન | ૨૦ મિગ્રા×૧૦ | ૨૯.૦૦ | ૬૧૮.૭૬ | ૨૧.૩૪ | ૫૪૨.૪૧ | ૧૯.૩૯ | ૫૧૭.૮૩ | ૧૭.૮૬ |

સ્રોત : બી. કે. કિયેલા, પેટન્ટ રેજીમ એટ્સ ગ્લાન્સ, જુલાઈ ૧૯૯૨, નેશનલ વર્કિંગ ગ્રુપ ઓન પેટન્ટ લોઝ, ન્યૂ દિલ્હી, પૃ. ૨૪-૬.

# અંતે ડંકેલ દાટ વાળીને જ જંપશે

છઠ્ઠા પાનાથી ચાલુ

કૉંગ્રેસના દલાલ નેતાગણને વિદેશી દેવાંના દારૂની લત લાગી ગઇ છે. દેવાંરૂપી બેવડાના આ કૉંગ્રેસી બંધાણીઓ વિદેશી વ્યાપારની ખાધને પ્રતિવર્ષ વિદેશી દેવામાં પલટી લે છે અને પછી પોતાની પીઠ થાબડીને મોટો દાવો કરે છે કે આપણો દેશ એટલો સધ્ધર છે કે તેને અબજો ડૉલરનું દેવું મોં માગતા મળે છે. આવા મનમોહનિયા મૂર્ખશિરોમણિઓ વિશે વધારે શું કહેવું?

પ્રણવ મુખરજી નામના વ્યાપારપ્રધાને ઇકૉનૉમિક ટાઇમ્સની મુલાકાતમાં જાહેર કર્યું છે (૨૭-૧૧-૯૩) કે કૃષિક્ષેત્રે સબસિડી ડન્કેલે દોરેલી ૧૦ ટકાની સીમારેખાની અંદર હોવાને લીધે તેમની તેમ રહેશે પણ કાલે ઊઠીને ઘઉં અને ચોખાના ભાવ ફાટી પડ્યાને કિલોદીઠ રૂ. ૨૦ થઇ ગયા તો આ દુકાળિયા દેશનો કયો ગરીબ એટલો તવંગર છે કે. રૂ. ૧૮ પ્રતિકિલો જેવો ભાવ આપી શકશે? સામાન્ય હિન્દુસ્તાનીના ભાગ્યમાં ભુક્કો, ધૂળ અને છોતરાં પણ આવશે કે નહીં?

છેલ્લે, આપણે કૉંગ્રેસ સરકારની ટૂંકી દૃષ્ટિનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. ડન્કેલ પ્રસ્તાવ બે વર્ષથી સરકારી ફાઇલોમાં પડ્યો છે. દેશભરમાં એ બાબતે આપણે જનજાગૃતિ અને ચેતના ફેલાવી નથી. ડિસેમ્બરના આવનારા લોકસભાના સત્રમાં આખરે પહેલી વખત ચર્ચા થશે તેવી દિલ્હીથી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. ખેર અછડતી એવી ચર્ચા થઇ તો પણ શું? સમજો કે ડિસેમ્બરની ૧૫મી છોડીને ૧૫મી જાન્યુઆરી સુધીમાં આ નાલાયક અને નિર્લજ્જ સરકારે સહી કરી દીધી તો? આ ભયાનક અંજામમાંથી ઊગરવાનો એકમાત્ર માર્ગ છે જનતાને સાબદી કરવાનો, જે પ્રયાસ હજી થયો જ નથી. તે ઉપરાંત, ત્રીજા વિશ્વનાં રાષ્ટ્રોને એકઠા કરવાનો યત્ન તો હજી વિચારવામાં પણ આવ્યો નથી. ચીનનો દાખલો અપાય છે. પણ આજે ૧૯૯૩માં વરસેદહાડે ચીન અને અમેરિકા વચ્ચેના વેપારમાં ચીનના પક્ષમાં છલકાતો ૨૦ બિલિયન ડૉલરનો આંકડો બોલે છે. (બીબીસી-એશિયા પરનું ૨૬-૧૧-૯૩ની સાંજનું બુલેટિન) આપણે ત્યાં વિશ્વ બૅંક અને ઇન્ટરનૅશનલ મોનિટરી ફંડ પાસેથી ઉછીના મળેલા દેવાને વિદેશી હૂંડિયામણની વધતી રહેલી થાપણ મનાય છે, દેશની અપ્રતિમ શાખનો પુરાવો સમજાય છે. કયાં રાજા ચીની ભોજ અને કયાં ગાંગો ભારત તેલી.

વિનાશકાળે વિપરીત બુદ્ધિ એમ શાસ્ત્રોએ કહ્યું છે. પાંચ રાજ્યોની હાલની ચૂંટણીમાં દેશના સૌથી મોટા -ચૌદ કરોડ અને દેશની ૧૬ ટકાની આબાદીથી વધુ- તેવા ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસનો સંપૂર્ણ ધબડકો થયો છે.

ઓક્સફર્ડના પ્રોફેસર જોન ગ્રેએ કહ્યું (બીબીસી ૨૮-૧૧-૯૩ની રાત્રે અગિયાર વાગ્યે) તેમ આ ડન્કેલ પ્રસ્તાવો જેને ગાટ એગ્રીમેન્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે, વિકાસશીલ દેશોની બે પેઢીઓનું નિકંદન કાઢી નાખશે અને કેવળ તેવા ગરીબ દેશોના ઉપલા સ્તરના મહાનુભાવોના હિતમાં અમેરિકાના

નવઉપનિવેશવાદીઓએ ઘડી કાઢેલી એક નકામી યોજના છે. કહેવાતી બોમ્બે ક્લબના ઉદ્યોગપતિ સભાસદો પણ બીતા બીતા આવા જ નિષ્કર્ષ પર આવ્યા છે જે તેમની બીબીસી-એશિયાના ઇન્ડિયા બિઝનેસ રિપૉર્ટ પ્રોગ્રામ (રાઘવ બહેલ સાથેની મુલાકાતો ૨૮-૧૧-૯૩ની સવાર) પરથી સ્પષ્ટ થાય છે પણ કૉંગ્રેસ તો એક ફ્રન્કેસ્ટાઇન નામનો પિશાચ છે, એ તો પોતાને જન્મ આપનાર ઉપલા વર્ગના જૂજ દેશી દલાલોને જ ભરખી જશે, પણ ભીંસ નહીં છોડે. ઇતિહાસ સામાજિક વર્ગનું આંધળાપણું કદી માફ કરતો નથી. એ તો ભોગ લેશે ને લેશે જ.

# ત્રીજી દુનિયાના દેશો માટે ખતરારૂપ

# 'ઉરુગ્વે ચક્ર'

*[સરકારની હાલની નીતિ પર ચર્ચાવિચારણા કરવા માટે ૭-૮ જાન્યુ. એ સેવાગ્રામમાં પચાસેક વિચારકો, વૈજ્ઞાનિકો અને વિભિન્ન ક્ષેત્રોમાં કામ કરતા કાર્યકર્તાઓ મળ્યા હતા. આ સંમેલનનું આયોજન 'આઝાદી બચાવો' આંદોલનના ઉપક્રમે થયું હતું. ઠાકુરદાસ બંગ સંમેલનના સંયોજક હતા. સેવાગ્રામનું આ જાહેરનામું દેશની વર્તમાન આર્થિક ગુલામીની દિશાનું દર્શન કરાવે છે. એમાંથી ઘણાં તથ્યો આપણી સમક્ષ પ્રગટ થાય છે.]*

**આ**પણા દેશનું આધુનિક ચિત્ર કેવું છે ? એની અર્થવ્યવસ્થા વિદેશી દેવાના ભાર નીચે દબાયેલી છે. એના ગ્રામોદ્યોગો અને કુટિરઉદ્યોગો મોટા મોટા ઉદ્યોગોના હાથમાં માખીની જેમ મસળાઈ રહ્યા છે. જંતુનાશક દવાઓ અને મોંઘાદાટ રાસાયણિક ખાતરોને લીધે ખેતી મોંઘીદાટ થતી જાય છે, એનું યૌવન ધન બેકાર છે અને પ્રજા મોંઘવારીની ચક્કીમાં પિસાઈ રહી છે. હવા ઝેરી છે, ખોરાક ઝેરી છે અને પાણી પણ ઝેરી છે. સમાજ મૂલ્યહીન અને છિન્નાભિન્ન થઈ રહ્યો છે. એનું શિક્ષણ ખાડે ગયું છે. દેશ સ્વતંત્ર છે પણ બહુરાષ્ટ્રીય કંપનીઓના ઈશારે અન્ય દેશની સરકારો, વિશ્વ બૅન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ આ દેશની આર્થિક નીતિ નક્કી કરે છે.

ઈંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિએ માણસના હાથમાં મોટાં મોટાં યંત્રો અને સાધનો મૂકી દીધાં. પરિણામે ઉત્પાદન વધ્યું. ઉત્પાદન વધતાં જ 'બજાર'ની શોધ શરૂ થઈ. જ્યાંથી મળે ત્યાંથી કાચો માલ લેવો, ત્યાંના જ બજારમાં એનો પાકો માલ ભરવો એ આર્થિક વિકાસનો મંત્ર બની ગયો. આની સાથે જ પ્રકૃતિ ઉપર પોતાનો કબજો જમાવવાની વિજ્ઞાનની હવસખોરી વધી. પ્રકૃતિનું આડેધડ દોહન થવા માંડ્યું. અવિકસિત દેશોની ગુલામી, તેમની ઉઘાડી લૂંટ, પ્રકૃતિના દોહન પર ટકેલો 'બજારવાદ' વિકાસનું મોડલ બન્યાં. ત્રીજી દુનિયાના દેશોમાં રશિયાની બોલ્શેવિક ક્રાંતિની પ્રેરણાથી સામાજિક આંદોલનો થવા માંડ્યાં. એની સામે અમેરિકાએ અવિકસિત દેશોને વિકાસને નામે નાણાકીય મદદ કરવા માંડી. એમ કહીને કે આ દેશો વિકસિત દેશોની હરોળમાં આવીને ઊભા રહી શકે. આર્થિક વિકાસને જ વિકાસ કહેવામાં આવ્યો. ઉત્પાદનના સ્તરને કોઈ પણ દેશની પ્રગતિ અને પરિપક્વતાનો માપદંડ માનવામાં આવ્યો. લોકોના મનમાં ઠસાવવામાં આવ્યું કે વિકસિત દેશોને માર્ગે એમની નકલ કરીને જ વિકાસ કરી શકાશે. તેથી વિકસિત દેશોની મદદ લેતા દેશોમાં એમનાં બગલબચ્ચાં જેવો, એમના એજન્ટ તરીકે કામ કરતો એક વર્ગ ઊભો થયો. આ વિકાસને નામે મળતી મદદને કારણે દેશમાંથી આત્મવિશ્વાસ, સ્વાવલંબન, અસ્મિતા, નવું નવું શોધવાની વૃત્તિ વગેરેએ દેશવટો લીધો. સાથે સાથે સાચા અર્થનો વિકાસ પણ અટકી ગયો.

આજે દુનિયામાં માત્ર બે જ પ્રકારના સંબંધો છે : એક માલિકનો અને બીજો મજૂરનો. વિકસિત દેશો આમાં કેન્દ્રસ્થાને છે. પરિઘ પર છે ભારત જેવા ત્રીજી દુનિયાના દેશો. આ દેશો મજૂરોની જેમ પોતાના માલિક એવા ઔદ્યોગિક દેશોને કાચો માલ પૂરો પાડે છે અને એમની પાસેથી હથિયાર, યાંત્રિક સાધનો અને બીજાં ઉત્પાદનોની આયાત કરે છે. બદલામાં આ દેશની પ્રાકૃતિક સંપત્તિ - ચા, ઈમારતી લાકડું, રબર, માછલી, શાકભાજી, ફળ, ચામડાં, સૂતર અને કાચું લોખંડ વગેરે ઈંગ્લૅન્ડ, અમેરિકા, ફ્રાન્સ, કેનેડા, ઇટલી, જર્મની અને જાપાન જેવા ઔદ્યોગિક દેશોમાં ઘસડાઈ જાય છે.

આપણી હાલની સરકારે આપણા આર્થિક વિકાસ માટે વિશ્વબૅન્ક અને આઈ. એમ. એફ.ની શરતોનો સ્વીકાર કર્યો છે. પરંતુ વિશ્વબૅન્ક અને આઈ. એમ. એફ.ની નીતિઓને કારણે જ આપણું વિદેશી દેવું વધ્યું છે, જરૂરી ચીજોના ભાવ આસમાને ગયા છે, બેકારી અને ગરીબી વધ્યાં છે, કર્મચારીઓને છૂટા કરવામાં આવે છે કે બઢતી આપવામાં આવે છે.

અંગ્રેજી શિક્ષણ, વિજ્ઞાન અને ઉદ્યોગોથી ભારતનો વિકાસ થશે એવું સોહામણું સ્વપ્નું આપણે જોયું. આપણને કોણીએ ગોળ ચોંટાડવામાં આવ્યો કે ભારતમાં બનેલા માલ માટે વિદેશી બજારો ખૂલી જશે અને ભારતમાં કૂદકે અને ભૂસકે વિકાસ થશે. દેશવાસીઓ તો એવા વિકાસની રાહ જોતા જ રહ્યા. બીજી બાજુ સમજૂતીઓ અને સંધિઓ દ્વારા દેશના હુન્નર ઉદ્યોગ, હસ્તકલા અને આપણી ઉત્પાદન પદ્ધતિને નષ્ટ કરવામાં આવી. દેશના ઉદ્યોગોને સ્થાને બહુરાષ્ટ્રીય કંપનીઓને દેશના દરેક ભાગમાં ઘુસાડવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે.

જે સમજૂતીઓ થઈ રહી છે એમાં 'ગેટના ઉરુગ્વે ચક્ર' વિશે કંઈક વિચારીએ. 'ગેટનું ઉરુગ્વે ચક્ર' પહેલી નજરે તો ગમી જાય એવો વિચાર છે. એનો સિદ્ધાંત છે : આંતરરાષ્ટ્રીય વેપારમાં ક્યાંય ભેદભાવ ન હોય અને વેપાર સ્વચ્છ હોય. પરંતુ આ ઉરુગ્વે ચક્ર અમેરિકા, યુરોપીય આર્થિક મંડળ અને જાપાન વચ્ચે ચાલતા વ્યાપારી યુદ્ધ માટેનો મંચ છે. પાડેપાડા લડે છે અને મરે છે ત્રીજી દુનિયાના દેશો. ખરી રીતે ઉરુગ્વે ચક્ર ત્રીજી દુનિયાના દેશોને બરાબરીના સ્તર પર પ્રતિસ્પર્ધામાંથી રોકવા માટે છે. પરંતુ આ ચક્રના માધ્યમ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારત જેવા દેશોમાં છવાઈ ગઈ છે. વળી, સાર્વભૌમિકરણ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે. અને આપણા દેશનાં સરકારી તંત્રો, રેડિયો, દૂરદર્શન વગેરે એનાં સ્તુતિગાન ગાતાં થાકતાં નથી. સાર્વભૌમિકરણના મહોરા નીચે નવાં બજારો અને નવાં સ્રોતોની, સસ્તા શ્રમની અને અન્ય ઈનપુટ્સની શોધ થાય છે. વાસ્તવમાં આખુંય ચક્ર ભારત જેવા દેશોની સ્વદેશી અને સ્વાવલંબનની ભાવનાનું વિરોધી છે.

અમેરિકાએ ઉરુગ્વે ચક્રમાં એવા એવા મુદ્દા મૂક્યા છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓનાં હિત જળવાય અને પોતાને ત્યાં આવી રહેલી વ્યાપારી કટોકટીમાંથી ઊગરી જવાય. ખેતી અને સેવાઓ (Services) ને પણ ઉરુગ્વે ચક્રમાં ઘુસાડી દીધાં છે. તો ટ્રિપ્સ (ટી. આર. આઈ. પી. એસ.) અને ટ્રિમ્સ (ટી. આર. આઈ. એમ. એસ.) દ્વારા ભારતમાં પેટંટના કાયદાઓમાં પરિવર્તન લાવી બહુરાષ્ટ્રીય કંપનીઓનું મેદાન મોકળું બનાવવા ઈચ્છે છે. ટ્રિમ્સના માધ્યમથી તે બૅન્કિંગ, વીમો, વાહનવ્યવહાર, જથ્થાબંધ અને છૂટક વેપાર, અન્ય નોકરીઓ, ઓડિટ અને જાહેરખબરો તેમ જ ન્યાય વગેરેમાં બહુરાષ્ટ્રીય કંપનીઓનો પગ પેસારો કરાવવા ઈચ્છે છે.

ટ્રિપ્સ દ્વારા ભારતમાં પેટંટ કાયદાઓમાં તેને ફેરફાર કરાવવો છે. પેટંટ માટે પેરિસમાં થયેલી સમજૂતી પર ભારત હસ્તાક્ષર કરે એવું દબાણ આવી રહ્યું છે. ભારતમાં દવાના પેટંટનો કાયદો પાંચથી સાત વર્ષની મર્યાદા સુધીનો જ છે. હાલ એની મર્યાદા વધારીને વીસ વર્ષની કરવાનું દબાણ પણ આવી રહ્યું છે. છોડના પ્રજનન પર એટલે કે બીજ પર પેટંટનો કાયદો લાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. આ પ્રયત્નો આગળ ભારત ઝૂકી જશે તો ભયંકર પરિણામ આવશે. બીજ પર બહુરાષ્ટ્રીય કંપનીઓનો એકાધિકાર

Contd - 2

VINIYOG



સ્થપાશે અને બીજ મોંઘાં બનશે. આધુનિકીરણ અને વ્યવસાયાંકરણને કારણે ઊંચી જાતનાં બી, ખાતર અને મશીનરીને નામે બહુરાષ્ટ્રીય કંપનીઓએ ખેતી ઉદ્યોગમાં પણ પ્રવેશ કર્યો છે. આને કારણે નાના ખેડૂતો વધુ ને વધુ ગરીબ થતા જાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ મોટાં મોટાં ફાર્મ બનાવીને પોતે જ ખેડૂત બની જાય છે. તેથી રોકડિયા પાકો - શેરડી, તમાકુ, ચા, સોયાબિન, કોફી વગેરેનું ઉત્પાદન વધતું જાય છે અને અનાજનું ઉત્પાદન ઘટતું જાય છે.

૧૯૭૦માં આફ્રિકા અનાજની બાબતમાં આત્મનિર્ભર હતું. ૧૯૮૪ આવતાં સુધીમાં તો તેને ૧/૩ આફ્રિકનો માટે અનાજ આયાત કરવું પડ્યું. બ્રાઝિલ, આર્જેન્ટિનાની પણ આ જ સ્થિતિ છે.

બીજ પર જો પેટંટ આવી જાય તો આપણે પણ બીજ માટે અમેરિકા અને યુરોપની બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસે જવું જ પડે. અત્યારે પણ આપણે જઈએ તો છીએ જ. આપણી નજર હાલ પણ રોકડિયા પાક તરફ જ વધારે છે. પરંપરાગત ખેતી તરફ આપણું લક્ષ્ય ઓછું છે.

આધુનિક બીજ એક જ વાર વાવી શકાય એવું હોય છે. બીજી વાર વાવવા માટે બજારમાંથી ખરીદવું જ પડે. આ બીજને રોગ પણ જલદી લાગુ પડે છે. તેથી તેના છોડના રક્ષણ માટે જંતુનાશક દવાઓ વાપરવી જ પડે. આ બીજને ખાતર અને પાણી પણ વધારે જોઈએ છે. પરિણામે આ બીજનો ઉપયોગ કરતા ખેડૂતને બીજ, ખાતર અને જંતુનાશક દવાઓ માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસે જવું જ પડે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ એનો પૂરેપૂરો લાભ લે છે. પેપ્સીકોલા એક કિલો ટામેટાના બીજના ૧૬૦૦૦ રૂપિયા લે છે. જ્યારે અહીંની કંપનીઓ આ જ બી ૨૫૦ રૂપિયે કિલો વેચે છે.

આપણી કૃષિ નીતિને ઉદાર બનાવવા માટે બહુ દબાણ આવી રહ્યું છે. 'ગેટ સમજૂતી'માં સ્વાવલંબી કૃષિ નીતિને વેપાર - વિરોધી ગણવામાં આવી છે.

જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ આપણા દેશમાં કેટલો બધો વધી ગયો છે ? બીજા દેશોમાં પ્રતિબંધિત એવી ૩૦થી ૪૦ હજાર ટન જંતુનાશક દવાઓનો ઉપયોગ આપણે ત્યાં થાય છે. આ ઉપરાંત બીજા ૧૦,૦૦૦ ટન જંતુનાશકોનો ઉપયોગ પણ આપણે કરીએ છીએ. ૮૦,૦૦૦ ટન જંતુનાશક દવાઓનું રસાયણ પર્યાવરણમાં ભળે છે અને પર્યાવરણને દૂષિત કરે છે. આ બધાં જંતુનાશકોનું ઉત્પાદન બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતીય કંપનીઓના સહયોગથી કરે છે. આ કંપનીઓને સરકાર પર દબાણ લાવીને, ખેડૂતોને પ્રચારના ઘોંઘાટથી ભરમાવીને પોતાનો વેપાર વધારવો છે અને મબલખ નફો રળવો છે.

બહુરાષ્ટ્રીય કંપનીઓએ એકેય ક્ષેત્ર છોડ્યું નથી. દવાઓના નામે એ મોતનો જ વેપાર કરે છે. દવાને નામે ઝેર આપે છે. ટોનિકોને નામે એ સોયાબિન્ અને મગફળીનો ખોળ, દૂધનો પાઉડર કે જવનો લોટ અને ક્યારેક તો પ્રાણીઓનું લોહી પણ આપે છે.

એવી સેંકડો દવાઓ છે, જે આપણે ત્યાં બહુરાષ્ટ્રીય કંપનીઓ વેચે છે. તેના પર વિકસિત અને અવિકસિત દેશોમાં પ્રતિબંધ છે. હાથી સમિતિના મત પ્રમાણે દેશમાં ૯૯ ટકા રોગો માટે માત્ર ૧૨૫ દવાઓ જ જરૂરી છે. બજારમાં ૬૦,૦૦૦થી પણ વધુ દવાઓ વેચાય છે. નફો કમાવા માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ દવા જેનેટિક (મૂળ રાસાયણિક) નામથી વેચતી નથી. તેથી એક જ દવા અલગ અલગ બ્રાન્ડના નામે અલગ અલગ કંપનીઓ બનાવે છે અને વેચે છે. 'વોલન્ટરી હેલ્થ એસોસિયેશન ઑફ ઈન્ડિયા'ના કહેવા પ્રમાણે બહુરાષ્ટ્રીય કંપનીઓ વરસે ૧૮૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ નફો એમના દેશમાં પ્રતિબંધ હોય કે પ્રતિબંધ યોગ્ય હોય એવી દવાઓ વેચીને કમાય છે. માત્ર ટોનિકો વેચીને ૧૦૦૦ કરોડ રૂપિયા વરસે દહાડે કમાય છે.

ટેક્નોલૉજીના ક્ષેત્રમાં પણ બહુરાષ્ટ્રીય કંપનીઓએ પકડ જમાવી છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિકસિત દેશો અને વ્યાપારી નિગમોના હાથમાં છે. આથી અવિકસિત દેશોને તેમની જરીપુરાણી, ઘસાયેલી ટેક્નોલૉજી માથે મારવામાં આવે છે. ટેક્નોલૉજી અને વિજ્ઞાનની મદદથી ગરીબી અને ભૂખમરો વગેરે મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ હંમેશ માટે લાવી શકાય. પરંતુ આપણે ત્યાં તો મોટા મોટા ઉદ્યોગો અને પ્રોજેક્ટોથી પ્રશ્નો ઉકેલવાને બદલે ગૂંચવાતા જ જાય છે.

જોખમી ટેક્નોલૉજીના પ્રયોગો ત્રીજી દુનિયાના દેશોમાં કરવામાં આવે છે. રાજસ્થાનમાં કોટાનું પરમાણુ વીજ કારખાનું એ રીતે પ્રયોગની દૃષ્ટિએ જ કેનેડાએ શરૂ કર્યું છે. યુનિયન કાર્બાઈડના ભોપાળના પ્રયોગોએ જે ભોપાળું કર્યું તે તો આપણે જાણીએ જ છીએ. તેનું પરિણામ આજે પણ ત્યાંની પ્રજા ભોગવે છે.

ટેક્નોલૉજીના વિકાસ માટે આપણે વિદેશી કંપનીઓના હાથમાં જ રમીએ છીએ. બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણી ઔદ્યોગિક જરૂરિયાતો પૂરી પાડશે એમ આપણે માનીએ છીએ. પરંતુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ સ્થાનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે છે. આધુનિક ટેક્નોલૉજીની જરૂર ન પડે ત્યાં જ પોતાના મોટા મોટા ઉદ્યોગો નાખે છે. દેશમાં કામ કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓ હિન્દુસ્તાન લીવર, બાટા, બ્રુક બોન્ડ, કેડબરી, કોલગેટ - પામોલીવ, પેપ્સીકોને આધુનિક ટેક્નોલૉજીને કારણે જ સફળતા મળી છે એમ નહીં, એમના બ્રાન્ડના નામ પર, વિતરણ વ્યવસ્થા પણ અને આક્રમક જાહેરાતો પર એ અઢળક ધન કમાય છે.

આજે ટેક્નોલૉજી અને વિજ્ઞાનના વિકાસના નામે જામ, ચટણી, ચીપ્સ, ડબ્બામાં પેક ફળ, તૈયાર કપડાં, પગરખાં, સુખસગવડ વધારતાં ઈલેક્ટ્રોનિક્સ સાધનો, કાર, મોટર, સ્કૂટર, ફ્રીઝ, કપડાં ધોવાના મશીન બનાવનારી બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશમાં પ્રવેશ પામી રહી છે. સરકાર પણ જાહેર ક્ષેત્રોને બહુરાષ્ટ્રીય કંપનીઓને હવાલે કરવા માંડી છે. ૧૯૮૦-'૮૧માં કેપિટલ ગુડ્ઝ (મૂડીગત સામાન)ની આયાત ૧૮ ટકા હતી, તે વધીને ૧૯૮૯-'૯૦માં ૩૦ ટકા થઈ છે.

આપણી સંસ્કૃતિ પર પણ બહુરાષ્ટ્રીય કંપનીઓએ હુમલો કરવા માંડ્યો છે. સ્ટાર ટી. વી., સી. એન. એન. અને કેબલ ટી. વી. દ્વારા પશ્ચિમના વાસના - વિકારને ભડકાવે એવા કાર્યક્રમો આ દેશમાં સીધા પ્રસારિત થાય છે. લોકોની અતૃપ્ત ઈચ્છાઓને ઉશ્કેરે છે અને તેમને ભોગવાદ તરફ ધકેલે છે. ભોગવાદ તરફ ધકેલાતા અમીરો આ કંપનીઓ પાસેથી પોતાની ઈચ્છાને તૃપ્ત કરે એવો માલ ખરીદે છે. જાહેરખબરોનો ધોધ આપણા યુવાનોનાં મગજ ઘેલાં કરે છે. એની નજર ચમક દમક અને ઉપભોગ પર જ હોય છે. પછી તે વસ્તુ હોય કે માણસ. ભારતીય સંસ્કૃતિમાંથી સ્ત્રી સન્માન્ય હતી. તેનો વેપારમાં ઉપયોગ થતો ન હતો. આજે તો બહુરાષ્ટ્રીય કંપનીઓ જાહેરાતોમાં સ્ત્રીના દેહનું નગ્ન પ્રદર્શન કરાવીને પોતાના માલની જાહેરાતો કરી લોકોને મૂરખ બનાવે છે.

અમેરિકા ઈચ્છે છે કે તેનાં રાસાયણિક ખાતરો, કૉમ્પ્યુટરો, ઑફિસોમાં કામ આવતી મશીનરી, મોટાં મોટાં યંત્રોના ભાગો, તબીબી સાધનો વગેરે પર લાગતી જકાતના દર ભારત ઘટાડે. એટલું જ નહિ, ભારત લાઈસન્સ - પદ્ધતિને પણ દૂર કરે એમ તે ઈચ્છે છે. આટલું થાય તો અમેરિકાની અને યુરોપના દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓ વધુમાં વધુ નફો કરી શકે અને પોતાના દેશનો માલ આયાત પણ કરી શકે.

અમેરિકા ઈચ્છે છે કે અમેરિકન વીમા કંપનીને અહીં કામ કરવાની છૂટ આપો. અમેરિકન મૂડીરોકાણ પરના અંકુશ દૂર કરો, અમેરિકન ફિલ્મ કંપનીઓને એમના સ્ટુડિયો ખોલવા દો. આવી ધમકીઓ તો ચાર છ મહિને અપાય જ છે. કોઈ સ્વતંત્ર દેશની ધરતી પર કોઈ વિદેશી આવીને આ પ્રમાણે ધમકીઓ આપે એનાથી મોટું બીજું કયું અપમાન હોઈ શકે ? ભારતમાં હમણાં આ જ ચાલી રહ્યું છે.

અમેરિકન મૉડેલના વિકાસની હોડમાં ત્રીજી દુનિયાના દેશો દેવાંના ભાર નીચે દબાઈ ગયા છે. લેટિન અમેરિકા તો પૂરેપૂરું બહુરાષ્ટ્રીય કંપનીઓને ત્યાં ગીરવે મુકાઈ ગયું છે. બ્રાઝિલનું ૪૦૦૦ અબજ રૂપિયાનું દેવું છે. ઘાના, નાઈજીરિયાને પોતાની આવકના ૫૦થી ૭૦ ટકા દેવું ચૂકવવા આપી દેવા પડે છે. અને વિડંબના તો કેવી છે ? ત્રીજી દુનિયાના દેશોને માથે દેવાંના ડુંગરા છે, છતાંય કહેવાય છે કે એમના વિકાસનો ગ્રાફ ઊંચો ને ઊંચો જતો જાય છે.

Contd - 3

આપણે વિકાસ કોને કહીએ છીએ? વાસનાઓને ઉશ્કેરે, સુખસગવડ માટે દેહ અને મન તરફડ્યા કરે અને તે મેળવવા માટે નીતિનિયમોને કોરાણે મૂકી ગમે તે રસ્તે નાણાં મેળવાય; ટૂંકમાં, ભોગવાદને જ પ્રાધાન્ય આપે એને આપણે વિકાસ કહીએ છીએ? ત્યાગ, તપસ્યા, સંયમ અને બીજાના સુખે સુખી અને બીજાના દુ:ખે દુ:ખી થવાની આપણી સંસ્કૃતિને આપણે ભૂલવા માંડ્યા છીએ? તો ખરેખર આપણે ઝપાટાબંધ ગુલામી તરફ આગળ વધી રહ્યા છીએ. જો જાગીશું નહીં તો આપણું સર્વસ્વ ભોગવાદના ખપ્પરમાં સ્વાહા થઈ જશે. જનતાએ હવે બહુરાષ્ટ્રીય કંપનીઓને ઓળખી લેવી પડશે. દેશના અર્થતંત્રની પુનર્રચના કરવી પડશે અને એમાંથી બહુરાષ્ટ્રીય કંપનીઓની વેપારી નીતિઓને વિદાય આપવી પડશે. દેશવાસીઓની મૂળભૂત આવશ્યકતાઓને સંતોષે એવો વિકાસ આપણને ખપે છે. માણસ પ્રામાણિકતાથી પોતાનું ભરણપોષણ કરી શકે અને ઇજ્જતભેર જીવી શકે તો એને માટે પૂરતું છે. તેથી જે વિકાસ આપણે ઇચ્છીએ છીએ તે સ્વાવલંબનથી જ શક્ય બનશે. કોઈની ટેકણલાકડીથી આપણે કેટલા દૂર જઈ શકીશું? આપણી આયાતમાં વૃદ્ધિ થઈ કે નિકાસમાં વૃદ્ધિ થઈ એનાથી વિકાસનું માપ નથી કાઢવાનું. પરંતુ માણસના ભૌતિક વિકાસની સાથે સાથે તેનો આંતરિક વિકાસ કેટલો થયો એના પરથી વિકાસનું સાચું માપ નીકળે.

જે વસ્તુઓ દેશમાં જ બનતી હોય અને મળતી હોય એની આયાત તાત્કાલિક બંધ કરીએ. સ્વદેશમાં જ એ વસ્તુ બની શકતી હોય તો એના ઉત્પાદનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. રાષ્ટ્રને માટે લાભદાયી હોય તો જ એનું ઉત્પાદન થાય. જે વસ્તુના ઉત્પાદન વગર ચાલી શકતું હોય તો એનું ઉત્પાદન કદીએ ન થાય. સ્થાનિક સાધનો, શ્રમ, કલા-કૌશલ્યનો ઉપયોગ કરીને જ પાયાની જરૂરિયાતોનું ઉત્પાદન થાય. ભારત જેવા દેશમાં તો માનવશ્રમનો વધુમાં વધુ ઉપયોગ કરીને ઉત્પાદન કરી શકાય એવી યોજના થવી જોઈએ. સમાજને નુકસાન કરે એવી કેન્દ્રિત મૂડીથી થતાં ઉત્પાદનને તો કોઈ જ સ્થાન ન હોવું જોઈએ. ગમે તેટલી આકર્ષક હોય પણ વિશાળકાય યોજનાઓને તો તિલાંજલિ જ આપવી જોઈએ.

આપણી પાસે એવી આપણી પોતાની જ ટેક્નોલૉજી હોય જે આપણી ઉત્પાદનક્ષમતાને વધારે, નાનાં યંત્ર વડે ઉત્પાદન કરનારની તે સાથી બને, એને બિનજરૂરી શ્રમથી ઉગારે અને એની સર્જનશક્તિનો વિકાસ કરે.

આને માટે આપણે શોષણમુક્ત અર્થરચના કરવી પડશે. લોકો અભાવમુક્ત જીવન જીવી શકે માટે જીવનજરૂરી પાયાની ચીજોનું જ ઉત્પાદન થશે. અર્થવ્યવસ્થાની સફળતાનો માપદંડ ભોગવાદી જીવનસ્તરને બદલે સમાજમાં ભૂખ્યું-નાગું ન હોત, કોઈ ઘરવિહોણું ન હોય, બધાને સંતોષજનક રોજગાર મળતો હોય-એ એની સફળતાનો માપદંડ હશે. ઉત્પાદન ઉત્પાદન માટે નહીં, પણ માનવજીવનને સાર્થક બનાવે, સુખમય અને સર્જનાત્મક બનાવે એવું હોય.

નવી આર્થિક નીતિ એવી ઘડવી જોઈએ કે જેમાં માણસને પૂર્ણ રોજગાર મળતો હશે. ઉત્પાદક અને ઉપભોકતા વચ્ચે જીવંત, શોષણમુક્ત સંબંધ હશે. પ્રકૃતિ સાથે સખ્યભાવ અને સર્વની આવશ્યકતાઓની પૂર્તિ થતી હશે. ટૂંકમાં કહીએ તો વર્તમાન પરિસ્થિતિમાં દેશના વિકાસ માટેનો મૂળ મંત્ર છે, સ્વદેશી. 'પોતાના દેશમાં બનેલી ભલે ખરબચડી વસ્તુ જ હું વાપરીશ, પરદેશી કંપનીઓએ બનાવેલી ભભકાદાર કદી પણ નહીં જ વાપરું' – એવો સંકલ્પ જનજનમાં લેવાશે ત્યારે જ આપણો દેશ બધી રીતે સ્વાવલંબી - આત્મનિર્ભર, એકતાથી બુદ્ધ અને સુદૃઢ બનશે.

[સંકલન : પદ્મા ભાવસાર] 'ભૂમિપુત્ર'ના સૌજન્યથી

VINIYOG

# બંધાઈશું અને યુરોપ અમેરિકા

**બ**ડા પહેલવાનો સામે આપણે નબળાઓ જે કુસ્તીમાં ઉતરવાના છીએ તેનું નામ ડંકલ દરખાસ્તો છે. વેપારી બાબતોનો કરાર છે. શું વેચવું- ખરીદવું એવો કરાર નથી. આ કરારમાં જુદી જાતની શરતો છે. કયો માલ કેવી રીતે બનાવવો, તેના પર આયાત- જકાત નક્કી કરવી વગેરે શરતો ડંકલ કરારમાં છે. એને "દરખાસ્તો" પણ કહે છે. અમેરિકા અને યુરોપના દેશોએ કરાર ઘડયો છે અને આપણે તેમાં જોડાવાનું છે.

મુક્ત વેપારને બદલે શરતોવાળા કરાર શા માટે? યુરોપ- અમેરિકાએ નક્કી કર્યું છે- દરેક બાબતમાં અમેણે નક્કી કરવાનું અને આપણે તે કબૂલી લેવાનું કે આખી દુનિયાનો વેપાર અમુક ધોરણસર થવો જોઈએ. અલગ અલગ મહાજનને બદલે દુનિયાનું એક જ મહાજન. એના નિયમ બધાએ પાળવા, ન પાળે તેની સાથે વેપાર બંધ.

શરતો અમેરિકા- યુરોપ જાપાનને લાભકર્તા છે, જયારે ગરીબ- પછાત દેશો મૂંઝાઈ જાય એવી છે. પણ ઔદ્યોગિક કે વિકસિત દેશોને માલ વેચીને આપણા જેવાએ જીવવું છે તેથી તેમના માગ્યા પ્રમાણે "અંગુઠો પાડી" આપવો પડે.

વેપાર એટલે વેચનાર-લેનાર વચ્ચે સ્વૈચ્છિક સોદો. માલની જાત અને તેના પૈસાની લેવડ-દેવડના કરાર થાય. તેને બદલે માલ અમુક રીતે બનાવવો, અમુક શરતે વેચવો- લેવો, જકાત અમુક રાખવી વગેરેનાં બંધન શા માટે? યુરોપ- અમેરિકા મુક્ત વેપારમાં માનતા નથી? માને છે તો ડંકલ કરારનાં બંધન શા માટે?

કહે છે કે બળવાન પોતાની જરૂર પ્રમાણે નિયમો બનાવીને બીજા પર લાદી શકે છે. બળ એ જ નીતિ અને બળ એ જ નિયમ.

આ બાબતમાં એવું બન્યું છે કે, ઔદ્યોગિક દેશોમાં ચીજવસ્તુનું ઉત્પાદન ખૂબ વધી ગયું છે. ધીકતી કમાણી શસ્ત્રોના ઉદ્યોગો આપે, પરંતુ એમાં ય મંદી આવી છે. ઘરાક છે, પણ ઘરાક પાસે પૈસા નથી- ગરીબ છે. તેને પૈસા ધીરીએ તો એ ખરીદી કરી શકે.

અમેરિકા- યુરોપની બેંકોએ અને સરકારોએ ગરીબ દેશોને પૈસા ધીર્યા પણ ગરીબ દેશો મુદ્દલ રકમ કે વ્યાજ ચૂકવી શકતા નથી. અને તેથી ઔદ્યોગિક દેશોના માલ ખરીદતા પણ નથી. ઘરાકી મંદ હોય તો ઉત્પાદનમાં કાપ મૂકવો પડે, કાપ મૂકે તો બેકારી વધી જાય. પશ્ચિમના દેશોને બેકારી પોસાતી નથી. કામદારો બેકાર બને તો બજારોમાં મંદી ફેલાય, બેચેની ઊતરી આવે, તોફાનો થાય, સરકારો હચમચી જાય, જીવનધોરણ નીચે જાય.

એના જવાબરૂપે આ ધનવાન,

ઉદ્યોગવાન દેશોએ જે યોજના ઘડી તેનું નામ "ડંકલ દરખાસ્તો". એના દસ્તાવેજ તેમણે ગરીબ દેશો સમક્ષ મૂકયા છે. તેમાં લખ્યા મુજબ બધી શરતોનો સાર એ છે કે, ગરીબ

તેમજ ઔદ્યોગિક મહાસત્તાઓએ એકબીજા પ્રત્યે સંપૂર્ણ ઉદાર થવું. આયાત ક્વોટા, લાઈસન્સ, આયાત-નિકાસ પર નિયંત્રણ વગેરે બંધનો રદ કરવાં. વેપાર- ઉદ્યોગની

"પ્રવાહિતા" માટે બધા દેશોએ દરવાજા ખુલ્લા મૂકી દેવા. મૂડી અને માલ તથા ઉદ્યોગોની મુક્ત હેરફેરથી બધાનો વેપાર વધશે અને લીલાલહેર થઈ જશે.

ડંકલ દરખાસ્ત ઘડનારા સબળ ઔદ્યોગિક દેશો આપણને આ સમજાવે છે. પણ "લક્કડખોદનું સાકર જીવન, ખરના,

(અનુસંધાન પાને ૬ પર)

Contd - 2

સંદેશ
તા. ૧૨-૧૨-૯૩

VINIYOG

## રાજકારણના રંગ

◊ અનુસંધાન પહેલા પાનાનું ચાલુ

પ્રાણ હરે" એ ન્યાયે તેમને જેમાં આબાદી અને સુખ જ સુખ દેખાય છે તે આપણા જેવા દેશો માટે બરબાદી અને ગુલામીનો દસ્તાવેજ છે.

એમનું લોજીક ભોળા ઉંદરને દર બહાર કાઢતી લુચ્ચી બિલાડીનું છે. મુક્ત વેપારનો દાખલો લઇએ તો આપણે તેમને આપણો માલ વેચીએ અને તેઓ તેમનો માલ આપણને વેચે તેમાં કોઇની "રક્ષણાત્મક" જકાત નહિ કે મર્યાદા તથા અડચણ નહિ. આ વાત વાજબી લાગે છે, પણ અંદરથી જોઇએ તો આપણો માલ અમેરિકા, જાપાન, કે જર્મનીમાં કેટલો વેચાય? અને તેઓ તેમનો કેટલો બધો માલ અહીં ઘૂસાડી દે? આપણે તો હસ્તઉદ્યોગની થોડી ચીજો સિવાય કાચો તથા અડધો પ્રોસેસ કરેલો માલ તેમને વેચીએ છીએ અને આપણે વધારે ગરજ હોવાથી તેઓ નીચામાં નીચા ભાવે પડાવી લે છે. રૂપિયાનું અવમૂલ્ય થયું અને ૨૦ ટકા ભાવ કાપ્યા તો પણ નિકાસની કમાણી વધી નથી.

એનાથી ઉલટું આયાતમાં ઉદારીકરણ થવા સાથે યુરોપ- અમેરિકાનો માલ અહીં ઠલવાઇ રહ્યો છે. ઘર વપરાશનો ફેન્સી માલ આપણને ગમે, પરંતુ પરાણે કમાયેલા ડૉલર-પાઉન્ડ ખરચીને દેવું કરીને વિવેક વગર કોઇપણ વિદેશી માલ ખરીદવો પોસાય?

છતાં આ બરબાદીનો ધંધો કરવો પડે છે કારણ કે સાવ કડકા થઇ ગયા છીએ, તેથી આ ધનિક- ઔદ્યોગિક દેશો પાસેથી લોન લેવા ખાતર એમને લાભની અને આપણને ગેરલાભની શરતો, પણ વેપાર- ઉદ્યોગમાં માથે ચઢાવી છે, અને સરકાર ઘામાં મીઠું ભરતી હોય તેમ આ સરિયામ લૂંટ, ગરીબી અને ગુલામીના માર્ગને "ઉદારીકરણ" નામ આપ્યું છે. લૂંટારો પડાવી લે અને આપણે આપવું પડે ત્યારે ઉદાર થયા કહેવાઇએ?

ડંકલ દરખાસ્તો પર આપણે સહી કરીએ તો પહેલાં તેમની જંગી કંપનીઓએ સ્વદેશી કંપનીઓને હજમ કરવા માંડી છે. થોડાક જ વર્ષોમાં સંપૂર્ણ સ્વદેશી જેવી કોઇ મોટી કંપની અહીં શોધી નહિ જડે. વિદેશી કંપનીઓએ રોજિંદા વપરાશની લગભગ બધી ચીજો- ચ્હા, દિવાસળી, જોડા, અરેઇટેડ પીણાં, હજામતનો સામાન, પફ-ક્રીમ- પોમેડ વગેરેની કુલ ખપતના ૭૫ ટકા પર ઇજારો સ્થાપી દીધો છે. આપણી કંપનીઓ એક પછી એક તેમની કંપનીઓમાં વેચાઇને "ભળી" ગઇ છે. મલ્ટીનેશનલ કંપનીઓએ લગભગ પચાસ જેટલી છે. અહીંના બજાર સર કરવા માંડયા છે, અને જે તે ક્ષેત્રમાં તેમનો વિશ્વવ્યાપી ઇજારો હોવાથી મનફાવે તેવો જાડો નફો ખાઇને તે ઘર ભેગો કરે છે.

આ લૂંટને વ્યવસ્થિત અને ઉજળી દેખાડવા માટે ડંકલ (શરતોનો કરાર ઘડનારનું નામ મિ. ડંકલ છે.) દસ્તાવેજ "આંતરરાષ્ટ્રીય" નામે ઔદ્યોગિક દેશોએ ઘડયો છે, અને તેના પર ૧૫મી ડિસે. પહેલાં સહી માગી છે. જો એ પ્રમાણે સહી ન કરીએ તો તેઓ આપણને માલ વેચશે પણ આપણો માલ લેવાનો બંધ. આપણી સરકાર કહે છે કે અહિતની શરતો કબૂલીશું નહિ. પણ આ ખોટું આશ્વાસન છે. સરકારે સહી કરવી પડશે.

ડંકલ દસ્તાવેજમાં એક શરત એવી છે કે કોઇપણ દેશની સરકારે એને ત્યાં પેદા થતા માલની કિંમતના ૧૦ ટકા કરતાં વધારે સબસીડી કે ખાસ મદદરૂપે કંઇ પણ આપવું નહિ.

આપણે તો નિકાસ ટકાવી રાખવા કેટકેટલા પ્રકારે સરકારી મદદ અને છૂટછાટો ઉદ્યોગકારોને આપીએ છીએ. ઔદ્યોગિક દેશો આપણી લાચારી જોઇને આપણા માલના એટલા ઓછા ભાવ આપે છે કે, જો આપણા માલને રાહતો અને મદદના ટેકા ન આપીએ તો વેચાય જ નહિ! આપણે વિમાનો તો શું, ટી.વી.ની પીકચર ટયુબ પણ સ્વદેશી બનાવી શકતા નથી. મુખ્યત્વે ખનિજ, ચામડાં, હાડકાં, અડધું પ્રોસેસ કરેલું કાપડ, રૂ, થોડોક નીચા બરનો એન્જિ. માલ વગેરે પરદેશોને વેચીએ પણ જો તેને છૂટછાટ આપવાનું બંધ થાય તો વેચતાં ભારે પડી જાય, જયારે તેઓ અદ્યતન ટેકનોલોજી અને ઇજારાના જોરે મનફાવે તે કિંમતે અહીં માલ વેચી શકે.

ખેતીની પેદાશો ગરીબ દેશોએ વેચી ખાવાનું મોટામાં મોટું સાધન છે. તેમાં તમામ પ્રકારની સબસીડી બંધ- વીજળી, પાણી, તથા ખાતરમાં સબસીડી નહિ, અને રેલવેમાં પણ રાહત નહિ. નિકાસ જકાત તો નહિ જ. આ શરતે પણ ગરીબ દેશો વચ્ચે ગળાકાપ હરીફાઇ ધનિક દેશો વધારી મૂકે ત્યારે પડતરથી પણ ઓછા ભાવે અને લેનારની કવોલીટી પ્રમાણેનો માલ ખપાવવો પડે. જે વિકાસશીલ દેશો માત્ર કોફી, ચા, રૂ, ખનિજો વગેરે વેચીને જીવે છે. તેમની વચ્ચે નીચા ભાવની હરીફાઇ થાય ત્યારે બાર વાગે.

ખેતીની પેદાશો પર સબસીડીની બંધીની અમેરિકન શરત તો યુરોપને પણ મંજૂર નથી. ખરાબ આબોહવામાં ખેતી કરનારને સબસીડી આપવી જ પડે, નહિતર ખેતી પડી ભાગે અને અનાજ, શાકભાજી વગેરે ગરીબ દેશોમાંથી આયાત કરવાં પડે. પણ તેમણે તો બીજાને વેચવું છે, બીજાનું ખરીદતાં ચૂંક આવે છે. તેથી જાતજાતની સબસીડીઓ ખેતીમાં આપે છે, જે બંધ કરવી તેમને ન પાલવે, તે આપણને કેવી રીતે પાલવે?

ડંકલ દરખાસ્ત પ્રમાણે યુરોપ ખેતીમાં સબસીડી બંધ કરે ત્યારે ઉત્પાદન મોંઘું થાય અને ઘટે. એ ખાડો અમેરિકા તેની ખેતીની પેદાશોથી પૂરવા માગે છે. આબોહવા, વિશાળ ખેતરો અને આધુનિક ટેકનિકને પ્રતાપે તેના ઘઉં, મગફળી, મકાઇ વગેરેની પડતર નીચી હોય છે, તદુપરાંત ત્યાંની સરકાર પણ છૂપી કે આડકતરી સવલતો પણ આપે છે.

ડંકલનો ફાંસલો ગોઠવનારા વચ્ચે પણ ખેતીની સબસીડી અંગે ઝઘડો ચાલ્યો છે. યુરોપ નમતું જોખવા તૈયાર નથી. આપણે તો લગભગ બધી બાબતોમાં માર ખાવાનો છે. છતાં સરકાર કહે છે કે ડંકલ દસ્તાવેજ પર સહી કરવી જ પડશે, નહિતર દુનિયામાં કપાઇ જઇશું. સહી ન કરીએ તો વિશ્વબેંક, આઇ.એમ. એફ. વગેરેની લોનો સુકાઇ જાય અને વધારામાં આપણો માલ લેવાની તેઓ ના પાડે ત્યારે નિકાસ વેપાર ખખડી પડે.

અમેરિકાને પણ જાપાન, કોરિયા, વગેરેની હરિફાઇનો ડર છે. ત્યારે અમેરિકન સંસદ સરકારને ઘોંચ પરોણો કરે છે કે, આ દેશોની સામે પોતાના માલને રક્ષણ મળે જયારે પોતે "મુક્ત" રીતે તેમને વેચી શકે એવું ગોઠવો! અમેરિકાને પણ તેનાથી સબળ સામે રક્ષણ જોઇએ છે પણ નિર્બળને રક્ષણ આપવું નથી!

ડંકલ દરખાસ્તોને પરિણામે એશિયા- જાપાન, કોરિયા, તાઇવાન વગેરે થોડા સિવાય- લેટિન અમેરિકા અને આફ્રિકાના દેશોમાં ઔદ્યોગિક વિકાસ પ્રાથમિક તબક્કાથી આગળ કદી નહિ વધે, અને મુક્ત.

આયાતોને પરિણામે પશ્ચિમના ઔદ્યોગિક દેશોનો માલ ઠલવાશે; જેના બીલ ચુકવવા માટે ગરીબ દેશોએ પોતાનો માલ પશ્ચિમ માગે તે ભાવે ફટકારી દેવો પડશે. જે થોડા સ્વદેશી ઉદ્યોગો છે તે પરદેશી કંપનીઓ ખરીદી લેશે, અથવા તેના વેચાણના હક મેળવી લેશે.

ડંકલની એક શરત એવી છે કે, મૂડી અને બેંકો, ઈન્સ્યૂરન્સ. નાણા સંસ્થાઓ વગેરેની આવ-જા દરેક દેશોમાં મુક્ત હોવી જોઈએ. 'સ્વદેશી'ને નામે પરદેશી કંપનીઓ પર પ્રતિબંધ ન મૂકી શકાય. આ રીતે ગરીબ દેશોનું જે કંઈ નજરમાં આવે કે ખપનું લાગે તે પશ્ચિમના દેશો ખરીદીને પોતાનું કરી શકે છે.

આ શરત મુજબ આપણે ડંકલની શરતો પર સહી કર્યા વગર પણ વીમા, બેંકો, શૅરબજાર વગેરેમાં પરદેશી કંપનીઓને બિનશરતે વેપારની છૂટ આપી છે. છતાં હજી વધારે છૂટની માગણી કરીને વિદેશી ધરખમ કંપનીઓ આવતી નથી એ જુદી વાત છે.

ડંકલની શરતો સિદ્ધાંતની દૃષ્ટિએ બધા માટે સરખી છે પણ વ્યવહારમાં એકેએક શરત આપણા હિતની વિરુદ્ધમાં અને યુરોપ- અમેરિકાના લાભમાં છે. પરદેશી બેંકો, વીમા કંપનીઓ, નાણા સંસ્થાઓ અહીંના કાયદા પ્રમાણે નહિ પણ તેમને માફક આવે એવા આપણા લેણદારોના દબાણને વશ થયા છીએ, જેને "ઉદારીકરણ" અને "ગ્લોબલાઈઝેશન" નામ સરકારે આપ્યું છે. જાતને છેતરવાનો કે આત્મપ્રતારણાનો આ હૂબહૂ નમૂનો છે.

આપણે ત્યાં ગમે તેટલું અનાજ પાકે છતાં આપણી જરૂરિયાતના ત્રણ ટકા અનાજ ફરજિયાત આયાત કરવું પડે એવી પણ એક શરત છે. અનાજ ઓછું પાકે તો ભાવ ઊંચે જાય ત્યારે તે ખરીદનારને પણ સરકાર સબસિડી ન આપી શકે ! તમામ સબસિડી પર મોટી ચોકડી. ગરીબો માટે સસ્તા અનાજની દુકાનો સબસિડીથી ચાલે છે. તે પણ બંધ કરવા માટે વિશ્વબેંકનું અનહદ દબાણ છે. આજે નહિ તો કાલે સસ્તા અનાજની દુકાનો ખાતેની સબસિડી બંધ કરવી પડશે.

આપણે તો ગરીબ ગાયની જેમ આ ગુલામી ખત પર સહી કરવાના છીએ. ડંકલ દરખાસ્તો ઘડનાર "ગેટ"ના ડિરેકટર જનરલે આપણી વિનંતી મુજબ શરતોમાં ફેરફાર માટે સાફ ના પાડી છે. પરંતુ, સહી કરતાં પહેલાં જ નરસિંહજીની સરકારે ડંકલની શરતોનો અમલ શરૂ કરી દીધો છે. નથી સંસદ તેમનો હાથ પકડતી કે નથી કોઈ રાજકીય પક્ષ તેની સામે અવાજ ઉઠાવતો.

આવી કાયમી ગુલામી લખી આપતાં પહેલાં ખરું જોતાં સરકારે આખા દેશમાં લોકમત લેવો જોઈએ. કયાં ગાંધીજીનું સ્વદેશી, કયાં નહેરુનું રાષ્ટ્રીયકરણ અને કયાં પરદેશી આર્થિક આક્રમણ સામે દેશને ખુલ્લો મૂકતો ડંકલ દસ્તાવેજ !

જાપાન જેવા દેશોને પણ ફરજિયાત આયાત શરત મંજૂર નથી. ત્યાં મિશ્ર સરકાર છે, તેના ભાગીદાર પક્ષોએ સરકારને ચેતવણી આપી છે કે ફરજિયાત આયાતની શરત માન્ય રાખીને ચોખાની આયાત કરશો તો અમે સરકારમાંથી નીકળી જઈશું. રાજકીય કટોકટી ઊભી થશે !

ડંકલ દરખાસ્તોમાં નબળા પછાત, આધુનિક ઉદ્યોગમાં પાપા પગલી કરતા દેશો (જેમાં આપણા સહિત દુનિયાના ૧૬૦માંથી ૧૪૦ દેશો આવી જાય છે તેમના) શોષણ તથા ગુલામીનું એક પણ પાસું બાકી નથી.

(૧) સબસિડી અને સરકારી ટેકાબંધ. (૨) આયાત-નિકાસ પર કોઈ નિયંત્રણ નહિ. (૩) અમુક આયાત ફરજિયાત (૪) પરદેશી ઉદ્યોગ- વેપાર- નાણાં કંપનીઓ અહીં આવીને આ દેશ તેમના પિતાશ્રીનો હોય એમ લગભગ પોતાની શરતે વેપાર કરે અને નફો ઘરભેગો કરી શકે.

Contd - 3

# લાંબાની સાથે ટૂંકો જાય તો મરે નહિ ને માંદો પડે

બેશક યુરોપ- અમેરિકામાં જઈને આપણે પણ આવું કરી શકીએ એમ ડંકલ કહે છે, પણ અહીંની કઈ બૅંક કે વીમા કંપની કે ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ કે ઔદ્યોગિક કંપની યુરોપ- અમેરિકામાં ધામા નાંખીને ત્યાંની હરીફાઈમાં વેપાર કરી શકે ? એટલે ડંકલ દરખાસ્તો સિદ્ધાંતમાં બધા માટે સમાન છે. પણ વ્યવહારમાં પશ્ચિમની તરફેણની જ છે. લાંબા અને ટૂંકાને દોડાવીએ તો લાંબો જ જીતે. એ દોડ ખુલ્લી અને સમાન છતાં ટૂંકાની હાર નિશ્ચિત બને છે.

ડંકલ દરખાસ્તોની એક શરત એવી છે કે, દરેક દેશ પોતાની હિકમત કે અક્કલ હોશિયારીથી કંઈક ચીજ કે યુક્તિ કે પ્રોસેસ સ્વતંત્ર રીતે બનાવે તો બીજો કોઈ પણ દેશ તેની નકલ ન કરી શકે. નકલ કરવા માટે લાઈસન્સ લઈને રોયલ્ટી આપવી પડે.

આટલા પૂરતું ડંકલે અત્યારની પેટન્ટ પદ્ધતિને માન આપ્યું છે. જે ન્યાયી છે. પણ તેણે તેમાં બીજી કેટલીક એવી શરતો મૂકી છે કે, ઔદ્યોગિક ક્ષેત્રમાં પરાણે ચાલતા થયેલા આપણા દેશે ઘણા માલમાં વિકસિત દેશોને જાડી રોયલ્ટી આપવી પડે.

ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ એટલે જે નવું બનાવે તેની નકલ, તેની પેટન્ટની, લાઈસન્સની રોયલ્ટી આપ્યા વગર કોઈ ન કરી શકે. અત્યારે આવો પેટન્ટનો કાયદો છે, જે વાજબી છે.

પણ ડંકલ "નકલ"નો અર્થ "ચીજ" અર્થાત્ પ્રોડક્ટ તથા તે બનાવવાની ક્રિયા યાને પ્રેસેસ, એમ બંને બાબતો આવી જાય તેવો કરે છે.

અને ચીજની પેટન્ટનો સમય ૧૪ વર્ષથી વધારીને ૨૦ વર્ષ તથા પ્રોસેસની પેટન્ટ છ વર્ષની કરવા માગે છે. ધારો કે, ઈટલીએ સ્કૂટર બનાવ્યું તો તેને રોયલ્ટી વગર કોઈ કંપની સ્કૂટર બનાવી ન શકે- રોયલ્ટી વગર- અને વધારામાં એ ડિઝાઈન, દેખાવ, એન્જિન અને કલચ વગેરે પણ ન બનાવી શકે. બનાવવા ઈચ્છનારાએ બધું જ સ્વતંત્ર રીતે ડિઝાઈન અને સ્વતંત્ર મિકેનિઝમ યોજવું પડે. કેટલી બધી ચીજો પર પશ્ચિમનો ઉત્પાદન ઈજારો આવી જાય !

યંત્રોમાં તો ઠીક પણ વિચાર કરો તો અસંખ્ય બાબતો/ ચીજોમાં દસ/ બાર ઔદ્યોગિક દેશો સિવાયની દુનિયામાં જ્ઞાન-વિજ્ઞાન શિક્ષણ એટલું આગળ નથી વધ્યું કે, વિમાન, મોટર, એન્જિન, મિશ્ર ધાતુઓ વગેરેમાં મૌલિક સંશોધનથી પશ્ચિમના કરતાં જુદી ચીજો બનાવી શકે. પેટન્ટના કાયદા પ્રોડક્ટ પૂરતા હોય અને દયા કરીને રોયલ્ટી ઓછી રાખે તો જ આપણા જેવા અને આપણાથી જ ગરીબ- પછાત દેશોમાં ઉદ્યોગ ચાલી શકે.

લાંબો સમય ગુલામીમાં રહ્યા છીએ તેથી મૌલિક સંશોધન અને તદ્દન નવું નવું યોજવાની શક્તિ ખીલી નથી. સ્વરાજ્ય પછી નેશનલ લેબોરેટરીઓમાં મૌલિક સંશોધન થયાં પણ તેમણે યોજેલા પ્રોસેસ અને ટેક્નોલોજીનો ઉપયોગ આપણા ઉદ્યોગકારો કરતાં ખમચાતા હતા- હજીય ખમચાય છે. જ્યારે પરદેશની અપ-ટુ-ડેટ ટેક્નોલોજી મળતી હોય ત્યારે સ્વદેશી ટેક્.ની માથાકૂટમાં શા માટે ઉતરવું ? સ્વદેશીની માથાવટી આ લોકોએ હલકી કરી ત્યારે સરકારે એવો કાયદો ન કર્યો કે જ્યાં સ્વદેશી ટેક્. હોય ત્યાં પરદેશી ટેક્.નો ઉપયોગ ન થઈ શકે. એવો પ્રચાર થયો કે, બધું જાતે જ બનાવવા જઈએ પાપા પગલીની પ્રગતિમાં ખૂબ વખત લાગે અને કાયમ પછવાડે રહીએ. તેના કરતાં તૈયાર ટેક્. લઈને ઉત્પાદન કરવું સારું. આ આત્મઘાતક નીતિથી વિદેશી ટેક્.ની રોયલ્ટી, લાઈસન્સની કીમત ચુકવવામાં આપણા પૈસા ગયા અને વધારામાં આપણે પરાવલંબી બન્યા.

ડંકલ દરખાસ્તો પરાવલંબનને કાયમી તથા વધારે મોંઘું બનાવે છે.

પ્રોસેસ પેટન્ટનો કડક અમલ થાય તો કેમિકલ, દવાઓ અને પશુ તથા બિયારણ જેવાં અમાપ ક્ષેત્રોમાં આપણે વિકસિત દેશોના ગુલામ જ બનવું પડે. તેઓ અમુક ખાતર કે જંતુનાશક દવા બનાવે તો તેમાં થોડો ફેરફાર કરીને પણ આપણે ન બનાવી શકીએ. અમેરિકન કંપનીઓ ફળ, ફૂલ, અનાજ, રોકડિયા પાકમાં હાઈબ્રિડ બિયારણ વેચે છે. આપણે તે લઈને તેના પરથી આપણું પોતાનું બિયારણ ઉગાડી લઈએ છીએ. ડંકલ પછી એમ ન થઈ શકે. દરેક પાકે રોયલ્ટી આપવી પડે.

દવાઓમાં તો દાટ જ વળે. યુરોપ-અમેરિકામાં શોધ થઈને બજારમાં આવે ત્યારે આપણી કંપનીઓ થોડા ફેરફાર સાથે- પણ લગભગ સરખા પ્રોસેસથી- પોતાના બ્રાન્ડની દવા બનાવીને બજારમાં મૂકે છે. ડંકલ તેના પર પ્રતિબંધ મૂકે છે. પેટન્ટ લઈને તેમની જ દવા, તેમની જ રીતે અને તેમની જ શરતે બનાવવી પડે. આવી શરતથી સ્વદેશી કેમિકલ અને દવા ઉદ્યોગ નામશેષ બની જાય. વધારે આફત એ છે "નકલ"નો ચોક્કસ અર્થ જ મળતો નથી.

ડંકલ પર સહી કરી નથી. છતાં, વિશ્વબૅંકનું સર્ટિફિકેટ લેવાની હોંશમાં તેનો અમલ શરૂ કર્યો છે. જેથી દવાઓના ભાવમાં એકાએક ચારથી આઠ ગણો ઉછાળો આવ્યો છે. દુઃખની હકીકત એ છે કે, યુરોપ-અમેરિકામાં વિજ્ઞાન- ટેક્નોલોજી એટલાં વધ્યાં છે કે, આપણે તેને પહોંચી શકીએ તેમ નથી. આપણે ક્યાં તો તેમની નકલ કરીએ કે થોડા ફેરફાર કરીને જરા જુદી જાતનો માલ બનાવી શકીએ. પણ જો તે દરેક પર જાડી રોયલ્ટી અને તે પણ તેમની શરતે. પરિણામે અહીંની કંપનીઓ તેમની પેટા કંપનીઓ બને. તેમ ન કરતા સ્વદેશી ઉદ્યોગોને તાળાં વાગી જાય અને તેમના ઉદ્યોગો તગડા બને અથવા તેમની કંપનીઓ પોતે અહીં આવીને કારખાનાં નાંખીને બજાર કબજે કરે, જે માટે કોઈ પ્રતિબંધ, શરત કે અંકુશ ન જોઈએ એમ ડંકલ ફરમાવે છે !

આ સરકાર બે-ચાર ચૂંટણી જીતે કે હારે, અથવા બજેટમાં થોડા કરવેરા ઘટાડે પણ આપણી આખી ને આખી સ્વતંત્રતા લખી આપી રહી છે અને સંપત્તિના ઉત્પાદનના બધાં સાધનોનો કૂચો કરવાની સત્તા વિદેશી સત્તાઓને લખી આપે છે એ સામે ચેતવનાર કોઈ તો જાગે !

તા. ૬-૧૨-'૯૩

**ક્યાં તો જૂની સિસ્ટમનો સ્વદેશી માલ અથવા રૉયલ્ટી આપીને વિદેશી માલ અથવા આયાત માટે દરવાજા ખુલ્લા**

# ડન્કેલ મુસદ્દાનો સ્વીકાર કરવામાં આવશે તો ભારતનું આર્થિક સાર્વભૌમત્વ જોખમાશે

એ ઐતિહાસિક સત્ય છે કે યુરોપિયન કંપનીઓ ભારતમાં વેપાર અર્થે આવી હતી અને ભારતીય રાજાઓની અંદરો અંદરની લડાઈનો લાભ ઉઠાવીને તે રાજકર્તા બની બેઠી હતી. પોર્ટુગીઝોએ ગોવા, દમણ અને દીવ પર શાસન કર્યું, ફ્રેન્ચોએ પોંડિચેરી અને માહમ પર તથા બ્રિટિશરોએ બાકીના સાગ્રે ભારતવર્ષ પર પોતાની આણ વર્તાવી.

ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે, અને તે સંસદીય પદ્ધતિની સરકાર ધરાવે છે. દેશમાં કેટલાક રાજકીય પક્ષો છે. આ તમામ પક્ષોનું મુખ્ય ધ્યેય રાજ્યો અને કેન્દ્રમાં સત્તા હાંસલ કરવાનું છે. જો ડન્કેલ મુસદ્દાનો સ્વીકાર કરવામાં આવે તો દેશમાં ભલે અધિકારની રૂએ કોઈ રાજકીય પક્ષનું શાસન ચાલતું હોય, પરંતુ વાસ્તવમાં મલ્ટીનેશનલ યા ટ્રાન્સનેશનલ જેવાં નામો ધરાવતી વિદેશી પેઢીઓનું શાસન જ ચાલતું હશે. હાલ આ મુસદ્દો માનવ સંસાધન વિકાસ પ્રધાન અર્જુનસિંહની આગેવાની હેઠળ પ્રધાનોના જૂથ સમક્ષ પડેલો છે. ભારતનું સ્વાતંત્ર્ય અને આર્થિક સાર્વભૌમત્વ અવિભાજ્ય- પરસ્પર આધારિત- આંતરિક સંબંધોવાળું છે. જો આર્થિક સાર્વભૌમત્વ નાશ પામે તો ભારતે છેવટે પોતાનું રાજકીય સાર્વભૌમત્વ ગુમાવવાનો વારો પણ આવે. મારા મનમાં ચાલી રહેલા આ વિચાર આંદોલનોએ મને આ લેખ લખવા પ્રેર્યો છે.

## અમેરિકાને જંગી વેપાર ખાધનો પ્રશ્ન મૂંઝવે છે

અમેરિકાનાં વ્યાપારી પ્રતિનિધિ કુ. કાર્લા હિલ્સ ભારત આવ્યાં ત્યારે તેમણે ભારત સરકારને ઈન્ડિયન પેટન્ટ એક્ટ (૧૯૭૦) માં અમેરિકાની અપેક્ષા મુજબના ફેરફાર કરવાની તથા બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં મુક્તપણે પગદંડો જમાવવા દેવાની સલાહ આપેલી. સાથે સાથે ધમકી પણ ઉચ્ચારેલી કે ભારત સરકાર આમ કરવામાં નિષ્ફળ જશે તો અમેરિકાને વળતાં પગલાં લેવાની ફરજ પડશે. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના ડિરેક્ટર જનરલ આર્થર ડન્કેલે ભારત સરકાર સમક્ષ એક મુસદ્દો વિચારણા માટે રજૂ કર્યો.

### અમેરિકાની આતુરતા

પ્રશ્ન એ છે કે અમેરિકા આ મુસદ્દા અંગે આટલું બધું આતુર શા માટે છે? નીચેની વિગતોમાંથી તેનો જવાબ મળે એમ છે.

યુરોપ, લેટિન અમેરિકા તથા એશિયામાંના પોતાનાં પરંપરાગત બજારોમાં અમેરિકાની નિકાસ ઘટી ગઈ હોવાથી તેની સામે જંગી વેપાર ખાધનો પ્રશ્ન ખડો થયો છે. ૧૯૮૯માં અમેરિકાની વેપારખાધ આશરે ૧૦૯ અબજ ડોલરની હતી. આજે પણ તે આશરે ૯૦ અબજ ડોલરની છે.

બીજું, અમેરિકા લાંબા સમયથી જંગી અંદાજપત્રીય ખાધ વેઠતું આવ્યું છે. ૧૯૯૦માં તે આશરે ૧૦૦ અબજ ડોલરની હતી.

ત્રીજું, છેલ્લાં કેટલાંક વર્ષોથી અમેરિકાના વિદેશી દેવાની સપાટી ઉત્તરોત્તર વધતી રહી છે. આજે વિશ્વમાં અમેરિકા સૌથી વધુ દેવાદાર રાષ્ટ્ર છે.

અને છેલ્લે, ૧૯૮૫ના વર્ષથી અન્ય મહત્વના વૈશ્વિક ચલણ જેવાં કે જાપાની યેન અને ડચ માર્કની સરખામણીએ અમેરિકાના ડોલરનું મૂલ્ય ગબડતું રહ્યું છે.

પોતાના ખખડેલા અર્થતંત્રને સુધારવા અમેરિકાએ ભારત અને ત્રીજા વિશ્વના અન્ય રાષ્ટ્રોના બજારોમાં પોતાના ઈજારાશાહી સામ્રાજ્યને પુનઃ સ્થાપિત કરવાના એકમાત્ર હેતુને સાધવા દ્વિપક્ષીય, બહુપક્ષીય દબાણો- ધમકીઓ અને બદલાજનક પગલાંઓ ભરવાની શરૂઆત કરી છે. ગેટ વાટાઘાટો દ્વારા મુક્ત બજારોનો હવાલો સાધી લેવા ઉપરાંત, પોતાનો સ્વાર્થ સધાય તે રીતે વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોમાં પેટન્ટ પદ્ધતિઓ સુધારવાનું અમેરિકાનું મુખ્ય ધ્યેય છે.

પરંતુ, આ બધી અમેરિકાની રાષ્ટ્રીય સમસ્યા છે જેનો ઉકેલ ભારત તથા અન્ય રાષ્ટ્રોના રાષ્ટ્રીય હિતોના જોખમે અને હિસાબે લાવવો ન જોઈએ. અમેરિકાની માફક જ ભારત અને અન્ય રાષ્ટ્રોએ પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા કરવાની હોય છે અને પોતાની રાષ્ટ્રીય અભિલાષાઓની પૂર્તિમાં સહાયભૂત થવા આર્થિક કાયદાઓ પણ તેઓ ધરાવે છે. વિવિધ આર્થિક કાયદાઓમાં સુધારાઓ કરવાની અમેરિકન માંગણીઓ છે. આ સુધારાઓ ભારતીય અર્થતંત્ર પર દૂરદર્શી અસરો કરનારા છે. આમ, DDT એ વિદેશી મહાકાયો સમક્ષ ભારતના આર્થિક સાર્વભૌમત્વની શરણાગતિ જ છે.

**—ખેમચંદ ચાવડા**
**ભૂતપૂર્વ સંસદ સભ્ય**
**૧૯૭૮માં 'યુનો' ખાતે**
**ભારતના પ્રતિનિધિ**

હવે આપણે અમેરિકા, યુરોપ અને જાપાનના વ્યાપારી સમાજ જેનો વિરોધ કરી રહ્યા છે તે IPA- ૧૯૭૦ના ધ્યાનાકર્ષક લક્ષણો- મુદ્દા તરફ નજર નાખીએ. IPA- ૧૯૭૦ના મહત્વના લક્ષણો નીચે મુજબના છે:

(૧) ઈન્ડિયન પેટન્ટ એક્ટ, ૧૯૭૦ (IPA) નો આધારભૂત સિદ્ધાંત રાષ્ટ્રીય હિતની રક્ષાનો છે. સનદ (પેટન્ટ) ધરાવનારાઓના હિતો કરતાં રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા અપાશે.

(૨) શોધ- સંશોધનને પ્રોત્સાહિત કરવા અને આવી શોધોનો ભારતમાં વ્યાપારી ધોરણે અને બીનજરૂરી વિલંબ વિના શક્ય હોય -તેમ વ્યવહારુ રીતે ઉપયોગમાં મુકાય તે અર્થે સનદ (પેટન્ટ) આપવામાં આવશે.

(૩) પેટેન્ટેડ જણસોની આયાત માટે પરવાનાધારને ઈજારો મળી રહે તે માટે જ પેટન્ટ અપાતી નથી.

(૪) પોતાની જ કિંમતે અને સ્ત્રોતો દ્વારા આયાતના ઈજારાની પરવાનગી પેટન્ટ ધરાવનારને અપાશે નહિ.

(૫) ઈન્ડિયન પેટન્ટ એક્ટ શોધક અને ગ્રાહક બન્નેના હિતોનું સમતુલિત રક્ષણ કરે છે.

(૬) ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ, જંતુનાશકો અને રસાયણિક ક્ષેત્રોની પ્રક્રિયાઓના વિકાસથી આત્મનિર્ભરતા અને સ્થાનિક સ્પર્ધા વિકસે તે માટે IPA મદદ કરે છે.

(૭) ભારતીય પરિસ્થિતિઓને અનુકૂળ રહે તેવી વૈકલ્પિક ટેકનોલોજીઓના વિકાસને પ્રક્રિયા પેટન્ટે શક્ય બનાવેલ છે અને તે સંશોધન પ્રયાસોને પ્રોત્સાહિત કરે છે.

(૮) ભારતીય નાગરિક અને વિદેશી નાગરિક વિષે કોઈ ભેદભાવ રખાયો નથી.

(૯) જો જાહેર હિતની યોગ્ય જરૂરિયાતો સંતોષાઈ ન હોય તો પેટન્ટને કાર્યરત રહેવા ત્રણ વર્ષ પછી કમ્પલસરી લાયન્સીસ (ફરજિયાત પરવાના) રહેશે. જો કે, કોઈ પણ રસ ધરાવતા પક્ષને અરજી કરવાની સાથે જ પરવાના અપાશે.

(૧૦) યોગ્ય પુરવઠો અને કિંમતની બાબતે જાહેર હિતની યોગ્ય જરૂરિયાત સંતોષાતી ન હોય તો સરકાર કોઈપણ પેટન્ટ માટે "અધિકારનો પરવાનો" સમર્થન કરી શકે છે. આવુ એન્ડોર્સમેન્ટ કન્ટ્રોલર દ્વારા ગેઝેટમાં પ્રકાશિત કરાશે.

(૧૧) ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ, ખોરાક અને રસાયણિક પદાર્થોની પ્રક્રિયા પેટન્ટ ત્રણ વર્ષ બાદ આપોઆપ જ અધિકારના પરવાના (લાયન્સીઝ ઓફ રાઈટ)ના શબ્દો સાથે સમર્થન મળવા યોગ્ય છે.

(૧૨) ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ, ખોરાક અને રસાયણિક પ્રક્રિયાઓથી ઉત્પાદિત થતી બનાવટો પદાર્થો સિવાય તમામ શોધોને ઉત્પાદકીય પેટન્ટ આપવામાં આવે છે.

(૧૩) અણુ ઉર્જા, કૃષિ અને બાગાયતને લગતી શોધો પેટન્ટને પાત્ર નથી.

(૧૪) પેદાશની પેટન્ટની મુદત ૧૪ વર્ષની છે, જ્યારે પ્રક્રિયાની પેટન્ટ ૭ વર્ષની મુદતની છે. અરજી કર્યાની તારીખ અથવા તો આ પેટન્ટને સીલ કર્યાની તારીખથી પાંચ વર્ષ આ બેમાંથી જે તારીખ વહેલી હશે ત્યારથી આ મુદત ગણવામાં આવશે.

હવે આઈ.પી.એ. ૧૯૭૦માં પરિવર્તન કરવા માટે 'ગેટ' નિયમનો ભારત ઉપર દબાણ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમેરિકા, યુરોપ અને જાપાનની વ્યાપારી પ્રજા દ્વારા નીચેના પરિવર્તનોની માંગણી કરવામાં આવે છે.

(૧) પેદાશ તથા પ્રક્રિયા બન્ને માટે પેટન્ટ અધિકારોની ઉપલબ્ધિ

(૨) પેટન્ટ અધિકાર દ્વારા અન્ય ઉત્પાદકોને આવી પેટનવાળી પેદાશ/ પ્રક્રિયાના ઉત્પાદન, માર્કેટીંગ કે વેચાણ કરતાં અટકાવવા જોઈએ.

(૩) પેટન્ટ અધિકારની મુદત ૨૦ વર્ષ સુધી લંબાવવામાં આવે.

(૪) જો તેનો ઉપયોગ ના કરવામાં આવે તો પેટન્ટ રદ કરવો જોઈએ નહીં.

(૫) પેટન્ટ ધરાવતી પેદાશની આયાત કરવામાં આવે તો તેને પેટન્ટના ઉપયોગ સમાન ગણવી જોઈએ.

(૬) સાબિતીના પુરાવાનો બોજો સામે પક્ષે. એટલે કે પેટન્ટ અધિકારનો ભંગ કરનારાઓ એ સાબિત કરવું જોઈએ કે તે દોષિત નથી.

આમ, આ બાબતો એવો નિર્દેશ કરે છે કે તેઓ બજારમાં તેમના માટે સંપૂર્ણ આધિપત્ય માંગે છે.

## વિશ્વમાં સૌથી દેવાદાર દેશ આજે અમેરિકા છે

આ સિવાય પેરીસ કન્વેન્શન નામની બીજી બાબત દ્વારા પણ ભારત ઉપર દબાણ થઈ રહ્યું છે. પેરીસ કન્વેન્શન બૌદ્ધિક સંપત્તિના રક્ષણ માટે એક સંઘ સ્થાપે છે. ૧૮૮૩માં પેરીસમાં મળેલા એક સંમેલનમાં કેટલાંક દેશો દ્વારા એક સંધિ ઉપર સહી- સીકકા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જુદા જુદા સમયે જુદાં જુદાં શહેરોમાં મળેલા સંમેલનોમાં તેમાં છ વાર સુધાર કરવામાં આવ્યા હતા. આ અંગે છેલ્લું સંમેલન ૧૯૬૭માં સ્ટોકહોમ ખાતે મળ્યું હતું. આ સંધિમાં પાછળથી કરાયેલા સુધારાઓમાં તેમાં નવા જોડનાર માટે પેટન્ટ અધિકારના રક્ષણ માટે વધારે કડક જોગવાઈઓ છે. આ સંધિમાં વિકાસશીલ રાષ્ટ્રો માટે સામાજિક જવાબદારીઓ માટે કોઈ જોગવાઈ નથી.

જો ભારત પેરીસ કન્વેન્શન સંધિમાં સહી કરે તો પ્રક્રિયા પેટન્ટ ઉપર પેદાશ પેટન્ટનું અતિક્રમણ થશે. પરિણામે, આંતરિક ઉત્પાદન તથા પેટન્ટવાળી પેદાશનો પુરવઠો પૂરો પાડતા સ્પર્ધાત્મક સ્ત્રોતોએથી આયાત- નિકાસ ઉપર તેની અસર થશે. તેનાથી વૈકલ્પિક ટેકનોલોજી વિકસાવનાર સંશોધન અને વિકાસ કામગીરીને પણ અસર થશે અને થોડાંક વર્ષો બાદ ઈજારાશાહી શાસન અમલી બનશે.

દવાઓ બનાવતી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે દેશમાં ૧૯૭૨ સુધી કોઈ પણ સ્પર્ધા વિનાનું મોકળું મેદાન હતું. આ ધોરણ ઉપર તેમનો જ અંકુશ હતો. તેમના ભાવો તથા નફો સમગ્ર વિશ્વમાં સૌથી વધારે હતા.

૧૯૫૯માં અમેરિકાની સેનેટમાં કેફોર સમિતિએ જણાવ્યા મુજબ, સમગ્ર વિશ્વમાં ભારતમાં દવાના ભાવ સૌથી વધારે છે. કેફોર સમિતિના આ તારણના સમર્થન માટે નીચેના કેટલાંક દાખલા પર્યાપ્ત છે.

૧૯૭૨માં મુંબઈ ખાતે વિદેશી પેઢીની બનાવટ ફ્રુસેમાઈડની કિંમત પ્રતિ કીલો રૂ. ૩૩૦૦ હતી. જ્યારે એજ સમયે વિશ્વના બજારમાં પ્રવર્તમાન ભાવો પ્રમાણે તેની કિંમત પ્રતિ કીલો રૂ. ૬૦૦/- હતી. પેટ્રોલિયમ તથા રસાયણ મંત્રાલયની સંસદ સભ્યોની સમિતિમાં આ પ્રશ્ન મેં ઉપસ્થિત કરતાં, ફ્રુસેમાઈડનો ભાવ તુર્ત જ ઘટાડીને પ્રતિ કીલો રૂ. ૧૬૫૦/- કરાયો હતો અને અત્યારે ફાટ દ્વારા જાહેર કરાયા મુજબ તે ભાવ પ્રતિ કીલો રૂ. ૧૯૧૧/- છે. તે જ પ્રમાણે અન્ય એક વિદેશી પેઢીની બનાવટ ટ્રીમેથોપ્રીમનો ભાવ ૧૯૭૨માં પ્રતિ કીલો રૂ. ૬,૦૦૦/- હતો જે અત્યારે પ્રતિ કીલો રૂ. [illegible] છે. તે જ

[અનુસંધાન ૧૫મે પાને]

[આઠમા પાનાનું ચાલુ]

પ્રમાણે અન્ય વિદેશી પેઢીની બનાવટ જેન્ટામાઈસીનનો ભાવ પ્રતિ ગ્રામ રૂ. ૩૬/- હતો જે અત્યારે સરકારે જાહેર કરેલા ભાવ મુજબ પ્રતિ ગ્રામ રૂ. ૧૨/- છે. આમ, વિદેશી પેઢીઓ બેસુમાર નફો કરતી હતી અને આ નફો ડીવીડન્ડ સ્વરૂપે તેમના દેશમાં ખેંચી જતી હતી. જેના પરિણામે ગ્રાહકના હિતને તેમજ રાષ્ટ્રીય હિતને નુકસાન થતું હતું.

ગુજરાત સમાચાર
પાના નંબર : ૮
દિનાંક : ૨૯/૫/૯૨

અભિપ્રેત

# ડંકેલદાદાનો ડંગોરો !

આજકાલ ડંકેલદાદા અને એમના ડંગોરાની ચર્ચા જોર-શોરથી ચાલી રહી છે. "દાદાનો ડંગોરો લીધો, તેનો તો મેં લોડો કીધો !"—એમ કેટલાક એ ડંગોરાનાં ખુશ થઈ થઈને વખાણ કરે છે. તો બીજા કહે છે કે આ ડંગોરો તો આપણાં ટાલકાં તોડશે, આ દાદાનો નહીં, દાદાગીરીનો ડંગોરો છે. આમાંથી શું સાચું ને શું ખોટું, તે તારવવું જરીક મુશ્કેલ છે. ઉપયોગ તો જાણે ડંગોરાના બેઉ થઈ શકે તેમ છે.

કોણ છે આ ડંકેલદાદા ? અને એમનો ડંગોરો કેવોક છે ?

વિકાસ અને પ્રગતિના નામની આંધળી દોટમાં પશ્ચિમનાં રાષ્ટ્રોનાં આર્થિક-રાજકીય હિતો એકબીજા સામે ટકરાવા લાગ્યાં. દુનિયા આખાને પોતપોતાના લાભ માટે ખંડી લેવા નીકળેલાં એ રાષ્ટ્રો ભુરાયાં થયાં, "મારું કે મરું"—એવા ઝનૂને ચઢ્યાં. અને એમણે દુનિયા આખીને બબ્બે વાર ખૂનખાર યુદ્ધમાં ધોલી દીધી. એવા બીજા યુદ્ધ પછી આ રાષ્ટ્રોએ વિશ્વ-વ્યાપારના નિયમન માટે એક કરાર કર્યો—"જનરલ એગ્રીમેન્ટ ઑફ ટ્રેડ ઍન્ડ ટેરિફ" (GATT). ૧૯૪૮માં થયેલા આ વેપાર અને જકાત બાબતના કરારમાં શરૂમાં ૪૮ દેશો ભળેલા. અત્યારે તે સંખ્યા વધીને ૧૦૮ થઈ છે.

શરૂમાં કલ્પના એવી હતી કે આ કામચલાઉ કરાર છે, અને ધીરે ધીરે આમાંથી આપણે એક વૈશ્વિક સંગઠન—ઇન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનાઇઝેશન (ITO) ઊભું કરીશું. દુનિયાના બધા દેશોના વિકાસ ને પ્રગતિ માટે આવું સંગઠન કામ કરશે અને વિશ્વ-વ્યાપારનો લાભ બધાને મળી રહે તે માટે મથશે. પરંતુ આવી કોઈ વિશ્વ-વ્યાપાર સંસ્થા આજ સુધી ઊભી થઈ શકી નથી. એમ પણ કહેવાય છે કે ઔદ્યોગિક રીતે આગળ વધેલા પશ્ચિમનાં રાષ્ટ્રોને આવી કોઈ વિશ્વ-કલ્યાણની બાબતમાં ઝાઝો રસ છે નહીં. એમને તો પોતાનાં વેપારી હિતો જળવાઈ રહે અને હવે ફરી પોતે અંદરોઅંદર લડી ન મરે, એટલામાં જ રસ છે.

તેથી પેલો કામચલાઉ કરાર જ છેલ્લાં ૪૫ વરસથી ચાલ્યો આવે છે. વખતોવખત તેમાં સુધારાવધારા થતા રહે છે. હમણાં ફરી આ કરારમાં થોડાક ધરમૂળથી સુધારા-વધારા કરવાની હિલચાલ ચાલી રહી છે. તેની ચર્ચા-વિચારણા છ-સાત વરસથી શરૂ થઈ છે. આ "ગાટ"ના અત્યારના ડાયરેક્ટર જનરલ આર્થર ડંકેલે ૧૯૯૧માં સુધારા-વધારાનો એક મુસદ્દો રજૂ કર્યો છે. તેમાં એમણે ચોક્કસ દરખાસ્તો મૂકી છે ને "ડંકેલ દરખાસ્તો" તરીકે જાણીતી થઈ છે, અને તેના વિશે અત્યારે જોરશોરથી ચર્ચા-વિચારણા ચાલી રહી છે. ડંકેલના ડંગોરાની આટલી પૃષ્ઠભૂમિ છે.

આ દરખાસ્તોની બધી વિગતોમાં ઊતરવાનું તો અહીં શક્ય નથી. માત્ર બે ત્રણ ક્ષેત્રમાંની કેટલીક અત્યંત વિવાદાસ્પદ બની ગયેલ દરખાસ્તોના ચર્ચા જેટલી સમજી શકાઈ છે, તેટલી રજૂ કરવાની કોશિશ કરીશું

કૃષિ ક્ષેત્ર માટેની ડંકેલની દરખાસ્તો આવી છે: (૧) અનાજના વિશ્વવેપાર માટે મુક્ત બજાર હોવું જોઈએ. (૨) દેશના કુલ વપરાશના સાડા ત્રણ ટકા જેટલી ખેત-પેદાશો ફરજિયાત આયાત કરવી પડશે. ઉપરાંત, ૧૯૮૬ થી ૧૯૮૮નાં ત્રણ વરસ દરમ્યાન જેટલી આયાત કરી હોય તેની સરેરાશ વાર્ષિક આયાત તો ઓછામાં ઓછી કાયમ કરવી જ જોઈએ. (૩) કૃષિ ક્ષેત્રે અપાતી જાતજાતની સબસિડીઓ બંધ કરવી. સરકારે ટેકાના ભાવો ન આપવા. ખેડૂતો પાસેથી અનાજની ખરીદી ખુલ્લા બજારમાંથી જ કરવી. અમુક અપવાદોને બાદ કરતાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સામાન્ય જનતાને સરકારે સસ્તા ભાવે અનાજ ન આપવું. (૪) બિયારણ, ખાતર, દવાઓ વગેરેને પણ પેટન્ટ પ્રથા હેઠળ આવરી લેવા.

ટૂંકમાં કૃષિ ક્ષેત્રે આ મુખ્ય દરખાસ્તો જણાય છે.

ખેડૂતવર્ગમાં આ દરખાસ્તોના લાભાલાભ વિશે તીવ્ર મતભેદો ઊભા થયા છે. શરદ જોષી, ભુપેન્દ્રસિંઘ માન વગેરે મુક્ત અર્થતંત્ર અને ખુલ્લા સમાજના કાયમ હિમાયતી રહ્યા છે. તેઓ કહે છે કે અમને સબસિડી વગેરે પણ નથી જોઈતી, અમને ખુલ્લું બજાર આપો. તેથી એમના જેવી વિચાર-સરણી-વાળા બધા દરખાસ્તોથી ખૂબ ખુશ છે. કૃષિ-પેદાશોના વેપાર ઉપર દેશમાં કે દેશ બહાર કોઈ રોકટોક ન જોઈએ. પોતાના બળબૂતા ઉપર વિશ્વબજારમાં હરીફાઈ કરીને આપણી ખેત-પેદાશોની ધૂમ નિકાસ કરી શકવાની એમને હામ છે, હોંશ છે.

પરંતુ બીજાઓને આ મૃગજળ પાછળની દોટ જેવું લાગે છે. એમનું કહેવું છે કે વિશ્વબજારમાં તમારો ક્યાંય ગજ વાગવાનો છે નહીં અને વિદેશની આ રાક્ષસકાય માતેલી કંપનીઓ તમને ક્યાંય હાથ મૂકવા દેશે નહીં. વંદના શિવા વગેરે કહી રહ્યાં છે કે મુક્ત વેપારના નામે માત્ર વિશ્વબજારમાં જ નહીં સ્થાનિક બજારમાંયે બધો દોર બહુરાષ્ટ્રીય કંપની-ઓના હાથમાં જતો રહેશે અને આપણે એમના ગુલામ બનતા જઈશું.

આ સંદર્ભમાં થોડા વખત પહેલાં અમેરિકના 'ટાઈમ" મેગેઝિનમાં છપાયેલો સેનેટર રુડી બોસ્કવિટ્ઝનો એક પત્ર જોવા જેવો છે સેનેટર રુડી પ્રમુખ રેગનના શાસન વખતે એમની કૃષિ નીતિના એક પ્રવક્તા હતા. એમણે પોતાના પત્રમાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું: 'વિશ્વબજારમાં આપણા હરીફ તરીકે વિશ્વના દેશો ઘૂસી ન જાય તેની આપણે તકેદારી રાખવી જોઈએ. આપણે જો અત્યારથી જ આપણી કૃષિ પેદાશોના ભાવો ઘટાડી નાખીને આ દેશોને વિશ્વબજારમાં પ્રવેશતા અટકાવીશું

નહીં, તો પછી આગળ જતાં એમની સ્પર્ધામાં ટકવાનું આપણે માટે મુશ્કેલ ને મુશ્કેલ બનતું જશે. માટે અત્યારે આપણી સામેનું સૌથી મુખ્ય ધ્યેય આ હરીફોને ઊગતા જ ડામવાનું રહેવું જોઈએ. '

તેથી આજે ઘણા એમ કહી રહ્યા છે કે મુક્ત બજાર કદી મુક્ત હોતું નથી, એ તો અનેક રાજકીય-આર્થિક પરિબળોની કઠપૂતળી સમાન જ બની રહેતું હોય છે. તમારી ખેતપેદાશોને વિશ્વબજારમાં પ્રવેશતાં રોકવી હશે તો ગુણવત્તાના બહાને, સફાઈ-શુદ્ધતા-પોષકતા વગેરેના બહાને રોકી શકશે. આ બધું જે કાંઈ થઈ રહ્યું છે, તે એક વિશ્વવ્યવસ્થા ઊભી કરવાની પ્રેરણાથી નહીં પણ પોતાનાં વ્યાપારી હિતો સાધવાની પ્રેરણાથી થઈ રહ્યું છે.

તમને આયાત કરવાની જરૂર ન હોય, છતાં તમારે ફરજિયાત આયાત કરવી જ પડે, એ વાત કાંઈ આપણા જેવાની સામાન્ય બુદ્ધિમાં ઊતરે એવી નથી. સાડા ત્રણ ટકાની આયાતની ફરજ પાછળ શું ઊંડાં ભણાવાઈ રહ્યાં છે, તે સમજાતું નથી. પણ આ વરસે આપણે ત્યાં જે બન્યું, તે જો ભવિષ્યનાં એંધાણ આપી જતું હોય તો ચોંકાવી મૂકે એવું જરૂર છે.

અત્યારે આપણી પાસે પૂરતું અનાજ હતું. કહે છે કે ૧૧૫ લાખ ટનનો બફર સ્ટોક મોજૂદ છે. અરે, ૮ લાખ ટન ઘઉં અને ૭ લાખ ટન ચોખા તો આપણે નિકાસ પણ કરેલા. અને છતાં સરકારે વિદેશમાંથી ૩૦ લાખ ટન જેટલા ઘઉં આયાત કર્યા ! અને તે પણ ૫૧૬ રૂપિયે ક્વિંટલના ભાવે. જ્યારે આ જ સરકાર આપણા ખેડૂતોને ૩૫૦ રૂપિયાનો ભાવ આપવામાંયે આનાકાની કરતી હતી.

આ કાંઈ સમજાતું નથી. લોકસભામાં આ વિશે ઊહાપોહ થયો. સરકાર તરફથી ગાળા ચવાયા—સ્થાનિક ભાવોને અંકુશમાં રાખવા, સસ્તા અનાજની દુકાનોને પૂરતો પુરવઠો આપવા, ખરાબ ચોમાસાની બીકને કારણે આ આયાત જરૂરી બની હતી. આની પાછળ ૧૫૦૦ કરોડ રૂપિયાનું હૂંડિયામણ હોમાયું અને એવે વખતે, જ્યારે હૂંડિયામણ મેળવવા આપણે વલખાં મારીએ છીએ અને વિદેશી ધિરાણ માટે ભીખ માગતા ફરીએ છીએ. એટલે આની પાછળ કોઈક અદૃશ્ય હાથ કામ કરી રહ્યો હોય તો નવાઈ નહીં. મુક્ત બજારમાં આ અદૃશ્ય હાથ આપણને કઠપૂતળીની જેમ નચાવવા મુક્ત નહીં હોય ?

બિયારણ વગેરેને માટે આપણે એમની પેટન્ટ સ્વીકારીને રોયલ્ટી આપતા રહેવાની છે. વાસ્તવિકતા એ છે કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં છદ્મવેશે ચાલેલા આર્થિક સામ્રાજ્ય-વાદમાંથી આજની પરિસ્થિતિ ઊભી થઈ છે. અમેરિકાએ સો-એક દેશોમાં બીજ-બૅન્ક કે જીન-બૅન્ક ખોલી. તેમાં નક્કી એમ કર્યું કે આ જીન-બૅન્કોમાં જે જે બિયારણ જમા કર-વામાં આવે, તેનો એક નમૂનો અમેરિકાના કૃષિ વિભાગને અવશ્ય મોકલવો. આ જીન-બૅન્કોમાં બાયો-ટેકનોલોજીના કીમિયા વડે નવી નવી જાતો વિકસાવવામાં આવી. આજે અમેરિકા પાસે લગભગ અઢી લાખ જાતોનો બિયારણ-સંગ્રહ ભેળો થઈ ગયો છે. એટલે જૈવ સંપત્તિની બાબતમાં અમેરિકા સૌથી વધુ સમૃદ્ધ દેશ બની ગયો છે. હવે આ બિયારણ ફરી પાછું દુનિયાને આપીને અમેરિકા તેના ઉપર કરોડો ને અબજો રૂપિયાની રોયલ્ટી કમાઈ લેવા માગે છે.

આની સામે જબરો ઊહાપોહ ઊઠ્યો છે. " જીન કૅમ્પેઇન " નામે આંદોલન ઊભું થયું છે. આપણા સુપ્રસિદ્ધ કૃષિ-વિજ્ઞાની સ્વામીનાથન વગેરે કહે છે કે આ રીતે બાયો-ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં ભારતના અનેક વિજ્ઞાનીઓએ પણ બહુ આગળ પડતો ભાગ ભજવ્યો છે. આજે હવે આની રોયલ્ટી અમેરિકા શાનું માગે ? અને મૂળ બિયારણ તો આપણી પાસેથી જ મેળવાયું છે. તેની રોયલ્ટી અમેરિકાએ ચૂકવી હતી ખરી ?

રોયલ્ટીનો આ પ્રશ્ન કેવળ કૃષિ ક્ષેત્ર પૂરતો જ મર્યાદિત નથી. બધાં જ ક્ષેત્રોમાં એ આજે સૌથી વધુ સળગતો પ્રશ્ન બની ગયો છે. જ્ઞાનનો આવો ઇજારો હોઈ શકે ? ડંકેલ દરખાસ્ત એમ કહે છે કે માત્ર અમુક ફૉર્મ્યુલાની જ નહીં પણ વસ્તુનીયે પેટન્ટ જોઈએ તથા સૂક્ષ્મ જીવાણુ અને સૂક્ષ્મ જૈવિક પ્રક્રિયાઓના સંશોધનોનીયે પેટન્ટ. જિનેટિક એન્જિ-નીઅરિંગ અને બાયો-ટેકનોલોજીના ક્ષેત્રમાંયે પેટન્ટ જોઈએ.

આ વસ્તુ જો સ્થાપિત થઈ જાય, તો તેમાં બહુ મોટું જોખમ રહેલું છે. આ વસ્તુ વૈજ્ઞાનિક સંશોધનને રૂંધશે અને વ્યાપારી હિતો ધરાવતાં રાક્ષસકાય કૉર્પોરેશનો આ રીતે દુનિયા આખીને બાનમાં લઈ શકશે.

દાખલા તરીકે થોડા વખત પહેલાં અમેરિકાની સરકારે એવો નિર્ણય કર્યો કે માનવ મસ્તિષ્કનાં શોધાયેલાં ૨૩૦૦ જેટલાં જીન્સ માટે પેટન્ટ મેળવી લેવી. આ રીતે એમના હાથમાં આ ક્ષેત્રમાંના સંશોધનનો ઇજારો આવી જશે તેમજ માનવજીવન સાથે ચેડાં કરવાનીયે શક્તિ આવી જશે.

વળી, વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા નવા નવા life forms પણ ઊભા થતાં રહે છે. એને પેટન્ટમાં બાંધી લેવાથી તેના ઉપર પણ વ્યાપારી ઇજારો આવી જશે. કોઈ પણ life forms ઉપર માણસનો આવો ઇજારો અને તેમાંથી વ્યાપારી લાભ, એ અનૈતિક છે અને કુદરતના ક્રમ તેમજ ઇકોલોજીની વિરુદ્ધ છે.

એક બીજો દાખલો લઈએ. આપણે ત્યાં સર્પગંધાનો છોડ થાય છે. તેમાંથી અનેક દવાઓ બનાવવામાં આવી છે. અમેરિકામાં જ તેનું ૨૦ કરોડ ડૉલરનું બજાર છે. હવે આ છોડ ઉપર પોતે થોડોક જીનેટિક ફેરફાર કરીને જો કોઈ કંપની તે છોડ ઉપર પોતાનો પેટન્ટ હક સ્થાપી દે, તો એવો

છોડ આપણે તેને રોયલ્ટી આપ્યા વિના ઉગાડી શકીએ નહીં. એટલે તેનાં બિયારણ, વાવેતર વગેરે ઉપર તેનો વ્યાપારી ઈજારો આવી જાય.

અત્યારે કોમ્પ્યુટરનું વિજ્ઞાન ઘણું વિકસી રહ્યું છે. તેમાં નવાં નવાં સોફ્ટવેર તૈયાર થઈ રહ્યાં છે. સ્વાભાવિક છે કે કોઈ પણ નવા સોફ્ટવેરમાં અગાઉનાં સોફ્ટવેરોનો કાંઈ ને કાંઈ ઉપયોગ થયો જ હોય. પરંતુ જો આવા અગાઉના સોફ્ટવેરને પેટન્ટ દ્વારા જકડી લેવાયું હોય, તો તમે મુક્ત રીતે નવું સંશોધન કરી ન શકો તેમજ તેને બજારમાંયે ન મૂકી શકો.

કૃષિ ક્ષેત્રે આનું એક નાટયાત્મક પરિણામ આવવાનો એવો ભય પણ દર્શાવવામાં આવે છે કે પેટન્ટવાળા બિયારણમાંથી જે પાક લેવાયો હોય, તે પાકમાંથી ખેડૂત આવતા વરસ માટેનું બિયારણ સાચવી રાખી શકશે નહીં. તેણે ફરી ફરી રોયલ્ટી આપીને એ પેટન્ટવાળું બિયારણ કંપની પાસેથી ખરીદવું પડશે. આમ, તમારી ખેતી ઉપર વ્યાપારી હિતોનો ભરડો વધતો જશે.

ટૂંકમાં, આ પેટન્ટવાળો પ્રશ્ન ઘણો પેચીદો જણાય છે, અને બહુ ઝીણવટથી તેના ઊંડાણમાં જવાની જરૂર છે. ડંકેલની અન્ય દરખાસ્તોમાં બૅન્કિંગ વગેરે સેવાક્ષેત્રોમાંયે બહારના દેશોને મુક્ત પ્રવેશ આપવાની વાત છે. આની પણ દૂરગામી અસરો થશે.

તેથી ડંકેલ દરખાસ્તો વિશે બહુ લાંબી દૃષ્ટિએ વિચાર કરવાનો છે. તેની પાછળનો સંદર્ભ પણ ભૂલવા જેવો નથી. આ બધાં રાષ્ટ્રો જે રાષ્ટ્રીયતાની વાડ કરીને પોતે વિકસ્યાં, તે વાડ હવે એમને કઠે છે. વળી, પોતાની ઘર આંગણાની મંદી ને બેકારી ખાળવાનો ને ટાળવાનો ઉપાય તેઓ શોધે છે. પોતાના મબલખ ઉત્પાદન માટે એમને મબલખ માર્કેટ જોઈએ છે. વૈશ્વિકતા અને નવી મુક્ત વ્યવસ્થાને નામે થતા એમના આજના ધમપછાડા પાછળ મૂળ સંદર્ભ આ છે. આ વૈશ્વિકતા "વિશ્વ-માનુષ:" અથવા "વિશ્વકુટુંબકમ્"ની ભાવનાની નહીં, પણ "વિશ્વ આખું મારું બજાર"ની લાલસાની છે.

આવા સંજોગોમાં "ફ્રી ટ્રેડ"થી કોનું "ફ્રીડમ" વધશે? મુક્ત વેપાર કોને મુક્ત કરશે? નવો આર્થિક સામ્રાજ્યવાદ પૃથ્વીના પટ પર ફેલાવી દેવાના પોતાના અભિયાનમાં વચ્ચે આવતી આડખીલીઓ દૂર કરવાના જ એમના આ બધા કારસાઓ નથી ને? એમની વિકાસ-પ્રગતિની ફોર્મ્યુલાઓ આપણા માટે સદંતર નિષ્ફળ નીવડી અને ઊલટાની આપણને ઊંડી ખાઈમાં ધકેલી ગઈ, એ વસ્તુસ્થિતિ સામે ઢાંકપિછોડો કરીને હજી "હાર્યો જુગારી બમણું રમે"– એવા આત્મઘાતક મારગે તો આ બધા આપણને નથી ધકેલી રહ્યા ને?

ડંકેલનો ડંગોરો દાદાનો છે કે દાદાગીરીનો? —રામ જાણે!

# મુક્ત વેપાર તો મુક્ત જ્ઞાન કેમ નહીં?

પેટન્ટ–રોયલ્ટીની વાત શાંતિથી વિચારીએ. આપણે ત્યાં જ્ઞાન એ વિક્રયની–વેચાણની વસ્તુ નહોતી. શિષ્ય ગુરુને ઘેર ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી ગુરુ-પરિવારના એક સભ્ય તરીકે રહેતો, ટ્યુશન ફી નહોતી. જતી વખતે પોતે વણેલા કાપડનો ટુકડો યા પોતે બનાવેલી ચાખડી યા લોટો એવું કંઈક ઋણ-સ્વીકારના પ્રતીક સ્વરૂપે આપતો. ગુરુ કરતાં શિષ્ય સવાયો નીવડે, મળેલી વિદ્યાને દીપાવે, જીવનમાં અપનાવે એ જ ગુરુની દક્ષિણા. એ પામીને ગુરુ ધન્ય ધન્ય થતા.

જ્ઞાન એ વૈશ્વિક વસ્તુ છે. આજે એકને જડયું, એને ન જડયું હોત તો કાલે બીજાને જડત. એ કોઈની માલિકીની કે પેટન્ટની વાત હોય તે વાત ગળે ઊતરતી નથી.

પરંતુ કોઈ વેપારી પેઢી કે રાષ્ટ્ર આવા સંશોધન પાછળ ખર્ચ કરે તેનું શું? એનું વળતર એને નહીં આપવાનું? અને વિજ્ઞાનીને શું મળ્યું? આ જ એની મહત્ત્વની કડી છે. એનો જવાબ મળવો જોઈએ.

અમને લાગે છે કે જો ઉદારીકરણ અને જગતીકરણ (લિબરલાઈઝેશન અને ગ્લોબલાઈઝેશન)ના નામે વેપારના સીમાડા ખોલી નંખાતા હોય, તો જ્ઞાનના સીમાડા શા માટે સ્વીકારવા જોઈએ? વિજ્ઞાની શોધ કરે છે, તેની શોધ માટેની મથામણનો ને અંતે સફળતાનો આનંદ એ એની સાર્થકતા!

પણ વેપારી પેઢી કે રાષ્ટ્ર ખર્ચ કરે તેનું શું?

અમને લાગે છે કે એનું પણ જગતીકરણ (ગ્લોબલાઈઝેશન) કરવાનો સમય પાકી ગયો છે. આજે સંયુક્ત રાષ્ટ્ર સંઘ શાંતિ જાળવવા માટે "શાંતિ સેના" (પીસ ફોર્સ) રાખે છે; અને છેલ્લે તો ઈરાક સામે યુદ્ધ માટે વૉર ફોર્સ-યુદ્ધ સેના પણ રાખી. તો આ પૃથ્વી ઉપગ્રહ પરથી અજ્ઞાન, અભાવ, ગરીબી, બેકારી, બીમારી આદિ દૂર કરવા વિજ્ઞાનીઓની સેના કેમ ન રાખીએ?

કેન્દ્રમાં એક વિરાટ વિજ્ઞાન નગરી હોય, અને દેશદેશમાં એની શાખા-પ્રશાખાઓ હોય. તેમાં દુનિયાના પ્રશ્નોને લઈને સંશોધનો ચાલે. દુનિયામાં આજે રાસાયણિક અને અણુ તથા બીજા પ્રકારનાં શસ્ત્રો માટે કેટલો મોટો ખર્ચ સંશોધન અને ઉત્પાદન પાછળ થાય છે! માણસને મારવા માટે કેટલો મોટો પુરુષાર્થ કરાય છે! એને બદલે માણસને જીવાડવા માટે, આજના કરતાં વધારે સારી આવતી કાલ માટે, વધારે સારા જીવન માટે કેમ ન મથીએ? જગતીકરણ કરવું હોય તો એ દિશામાં પણ કરવું જોઈએ. આમ થાય તો પેલા ખર્ચનો સવાલ ઊકલી જાય. બાકી વેપાર કરી ધન ઢસડી ઢસડી પોતાના ઘરમાં કે દેશમાં ભરવાની વૃત્તિ અમને તો આસુરી લાગે છે. એમાંથી બીજાં રાષ્ટ્રોનું શોષણ, આર્થિક પરાધીનતા અને બેહાલી જ જન્મે.

—ચુનીભાઈ વૈદ્ય

જગત જતનકર

# જનીન સંપદાની માલિકી

કુદરતી સંપદાને બે સીધાસાદા વર્ગોમાં વહેંચી શકાય. (૧) સજીવ સંપદા અને (૨) નિર્જીવ સંપદા. આમ તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એવું ઠરેલું છે કે, જે દેશની ભૌગોલિક સરહદોમાંથી જે સંપદા પ્રાપ્ત થાય તે જે તે દેશની માલિકીની ગણાય. એ ન્યાયે જર્મનીમાંથી મળતો કોલસો જર્મનીનો અને કેનેડામાંથી મળતું તાંબું કેનેડાનું. નિર્જીવ એવી ખનિજ સંપદા માટે જે તે દેશની માલિકીવાળો નિયમ સરળતાથી સમજી શકાય અને અમલમાં મૂકી શકાય તેવો છે.

પરંતુ સજીવ સંપદાને તેનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોને કારણે માણસજાતનો સહિયારો વારસો ગણવામાં આવે છે. સૌથી પહેલું તો સજીવ સંપદા ઘણી સહેલાઈથી ભૌગોલિક સરહદો વટાવી શકે છે. યાયાવર પક્ષીઓને કયા દેશની માલિકીનાં ગણવાં? વનસ્પતિનાંય બીજ, કટકા કે ધરુ સદીઓથી વહાણવટું કરનારા દ્વારા અને પ્રવાસીઓ દ્વારા દેશાંતર કરતાં આવ્યાં છે એટલે દરેક સજીવને તેનું મૂળ વતન હોવા છતાં તેની જનીનિક સંપદા કોઈ એક દેશની માલિકીની બની શકી નથી. બીજું, સજીવો પોતે ઉત્ક્રાંતિના ભાગ રૂપે જે તે દેશનાં જમીન, પાણી, હવામાનને અનુકૂળ થતા ગયા અને પરિણામે તેમના પૂર્વજો એક હોય તો પણ તેમનામાં વિવિધ આનુવાંશિક લક્ષણો અને તે માટે જવાબદાર જનીનો વિકસતાં ગયા. ત્રીજું, તે પોતે સજીવ હોવાથી આપમેળે પ્રજનન કરીને એકમાંથી અનેક બનતા ગયા. આમ, સજીવ સંપદાને (જેને જનીનિક સંપદા તરીકે પણ ઓળખી શકાય) કોઈ દેશની માલિકી ન ગણતાં આપણે તેને માણસજાતની સહિયારી મૂડી ગણી.

વિકસતાં જતાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ બાયોટેકનોલોજી, જનીન ઇજનેરી, ડી.એન.એ. ટ્રાન્સફર જેવા નુસખા સફળ કરી આપ્યા. એક આર્થિક મોજણી અનુસાર આગામી બે-ત્રણ દાયકામાં બાયોટેકનોલોજી વિશ્વઅર્થતંત્રનો ૫૦ થી ૬૦ ટકા હિસ્સો કબજે કરી લેશે. એટલે બાયોટેકનોલોજી માટે કાચા માલ સમી આ જનીન-સંપદા પર રાજકીય અને આર્થિક રીતે કાબૂ મેળવવા ચાલતી હુંસાતુંસી એકદમ વધી ગઈ છે. જે અત્યાર સુધી માણસજાતની સહિયારી મૂડી ગણાતી હતી તે જનીન-સંપદા (Genetic Resource)નું હવે ઔદ્યોગિક પેટન્ટ કે પાકસંવર્ધક (પાકસુધારણા અંગે સંશોધન કરનાર વૈજ્ઞાનિક—Plant Breeder)ના હક્કો (PBR) દ્વારા તેનું ખાનગીકરણ કરાઈ રહ્યું છે.

આ જનીન—સંપદાના બે દેખીતા હિસ્સા છે— પ્રાણી જનીન—સંપદા (Animal Genetic Resource) અને વનસ્પતિ જનીન-સંપદા (Plant Genetic Resource). બાયોટેકનોલોજીએ વનસ્પતિ જનીન-સંપદાનો ઘણો વધુ ઉપયોગ કર્યો છે અને તેના પર થતા પ્રયોગો ઝડપથી સફળ થતા હોઈ આજે સૌની મીટ તેના તરફ મંડાયેલી છે. વનસ્પતિ જનીન-સંપદા આપણા કૃષિ, વસ્ત્રોદ્યોગ, રંગરસાયણ, ઈમારતી લાકડું અને ઔષધનાં ક્ષેત્રે અનિવાર્ય ભાગ ભજવે છે. "તરુનો બહુ આભાર, જગત પર તરુનો બહુ આભાર!"

આ સંપદાના ખાનગીકરણની વાતો થાય છે ત્યારે નીચેના કેટલાંક તથ્યો ઉપયોગી થશે—

આર્થિક અને ઔદ્યોગિક રીતે જ્યાં વધુ વિકાસ થયો છે તેવા વિકસિત દેશોમાં બાયો ટેકનોલોજી પણ વિશેષ વિકસી છે. તેમને પેલા ખજાનાની વિશેષ જરૂર છે. પરંતુ તેમની પાસે તે માટેના કાચા માલની ઘણી અછત છે. ઉત્ક્રાંતિ દરમ્યાન વિષુવવૃત્તની આસપાસ વધુ સૂર્યપ્રકાશ અને વરસાદને કારણે ગાઢ જંગલો વિકસ્યાં અને તેની સાથોસાથ જનીનિક સંપદા પણ ખૂબ વિકસી. એટલે આર્થિક રીતે ગરીબ એવાં ત્રીજા વિશ્વનાં રાષ્ટ્રો પાસે આ જનીનિક સંપદા ભરપૂર માત્રામાં છે. એક અંદાજ મુજબ વિશ્વની જનીનિક સંપદાનો ૩/૪ હિસ્સો ત્રીજા વિશ્વનાં રાષ્ટ્રોમાં છે. આમ કહેવાતાં અમીર રાષ્ટ્રો આ રીતે ગરીબડાં છે.

આજના મોટા ભાગના ખેતપાકોનાં મૂળ વતન ત્રીજા વિશ્વના દેશો છે. આ પાકો કાંઈ આકાશમાંથી ખેતર પર સીધા નથી ટપકી પડયા, પણ ત્રીજા વિશ્વના ખેડૂતો, આદિવાસીઓ અને ખાસ કરીને સ્ત્રીઓએ તેમને જંગલી છોડવાઓમાંથી પસંદ કરીને સદીઓ સુધી જતનપૂર્વક કેળવીને ખેતી અને માણસજાતના ઉપયોગ માટે યોગ્ય બનાવ્યા છે. વિજ્ઞાનની પરિભાષામાં આને Domestication કહેવામાં આવે છે. ત્રીજા વિશ્વના લોકોના અનુભવ, બુદ્ધિ, કોઠાસૂઝ અને સદીઓ સુધી ધરેલી ધીરજના પરિપાકરૂપે વિશ્વને પોષતા આજના પાકો તૈયાર થયા છે. આજે પણ આદિવાસીઓનાં ઘરોમાં આવતા ઋતુમાં વાવવા માટે પસંદ કરેલ મકાઈના ડોડાને બિયારણ તરીકે ખાસ અલગ રાખી સૂકવવામાં અને જાળવવામાં આવે છે.

તેમણે માત્ર પાકો વિકસાવ્યા નથી પરંતુ કેટલાક કિસ્સાઓમાં તો પાકોનાં ખાસ આનુવાંશિક લક્ષણોને શોધી કાઢી તેમાંથી જાતો વિકસાવી છે. જેમ કે બટેટાની પ્રથમ રોગપ્રતિકારક જાત બોલીવીઆના ખેડૂતોએ વિકસાવી હતી અને તે જ રીતે કઠોળની કેટલીક કીટક પ્રતિકારક જાતો વિકસાવવાનું શ્રેય પશ્ચિમ ગોળાર્ધના ખેડૂતોને જાય છે. ડાંગર અને ઘઉંની આવી ખાસ જાતો ભારત અને ઇથિયોપીઆના ખેડૂતોએ વિકસાવી છે. જૈવિક સંપદાની અગાઉ દર્શાવેલી વિશેષતાઓને કારણે તેને માણસજાતની સહિયારી મૂડી ગણી. ત્રીજા વિશ્વના દેશોમાં તે મૂળભૂત રીતે વિકસી છતાં ત્રીજા વિશ્વના લોકોને તેને માટે

બદલામાં કશુંય ન અપાયું, ન તો તેમની કદર થઈ. લોકો પણ ભરપૂર કુદરતી સમૃદ્ધિમાં ઊછર્યા હોઈ તેની સાટે કશું મગાય તેવી સ્વાર્થી વૃત્તિવાળાં નો'તા. ખેતરોમાં ફરવા જાવ તો ખેડૂત હોંશે હોંશે શાક ભરી આપે પણ શહેરના લોકો વાટકી લોટનાય પૈસા ગણે, તેમ ત્રીજા વિશ્વના લોકો આ સંપદાનું મહત્ત્વ જાણતા હોવા છતાં તેનો નફો રળવાની વૃત્તિમાં ફસાયા નહીં. વિશ્વના મહત્ત્વના ખેતપાકોનાં મૂળ વતન અને આજના તેના મુખ્ય ઉત્પાદક દેશોનો અભ્યાસ કરવા જેવો છે.

| પાક | મૂળ વતન | મુખ્ય ઉત્પાદક દેશો |
|---|---|---|
| મકાઈ | મધ્ય અમેરિકા | યુ.એસ.એ., ચીન, યુગાન્ડા, ભારત, કેન્યા, સુદાન, મધ્ય આફ્રિકા. |
| ચોખા | દક્ષિણ ચીનથી ભારત | ચીન, ભારત, ઇન્ડોનેશિયા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, જાપાન, વિયેટનામ, ફિલિપાઈન્સ. |
| ઘઉં | મધ્ય પૂર્વ એશિયા | સી.આઈ.એસ., ચીન, યુ.એસ.એ., ભારત, કેનેડા, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, આર્જેન્ટિના, તુર્કસ્તાન, પાકિસ્તાન, ઈટાલી. |
| વટાણા | ઈથિયોપીઆ અને દક્ષિણ પશ્ચિમ એશયા | રશિયા, ચીન, ફ્રાન્સ, ભારત, ઈથિયોપીઆ, યુ.એસ.એ, ઓસ્ટ્રેલિયા, હંગેરી. |
| મગફળી | દક્ષિણ અમેરિકા | ભારત, ચીન, યુ.એસ.એ., સેનેગલ, ઈન્ડોનેશિયા, સુદાન. |
| સોયાબીન | ચીન | યુ.એસ.એ., બ્રાઝિલ, ચીન, આર્જેન્ટિના, મેકિસકો, ભારત, કેનેડા. |
| બટેટા | દક્ષિણ અમેરિકા | રશિયા, ચીન, પોલેન્ડ, યુ.એસ.એ., જર્મની, ભારત. |
| કપાસ | મધ્ય અમેરિકા | ચીન, રશિયા, યુ.એસ.એ., ભારત, બ્રાઝિલ, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત. |
| શેરડી | ન્યુગીની/દક્ષિણ પૂર્વ એશિયા | બ્રાઝિલ, ભારત, ક્યુબા, ચીન, મેકિસકો, પાકિસ્તાન. યુ.એસ.એ., કોલંબિયા. |
| ચા | તિબેટ/મધ્ય એશિયા | ભારત, ચીન, શ્રીલંકા, રશિયા, કેન્યા, ઈન્ડોનેશિયા, જાપાન. |

આમ, પ્રથમ વિશ્વના દેશો જેમાંથી ઘણું કમાય છે તેવા ખેતીપાકો ત્રીજા વિશ્વમાં ઉદ્‌ભવ્યા છે. જેમ કે યુ.એસ.એ. આજે થાઈલેન્ડ પછીનો બીજો ચોખા નિકાસ કરતો દેશ છે. આ માટેનું બધુ બિયારણ તેણે ભારત અને જાપાન પાસેથી મેળવ્યું છતાં ભારતને શું મળ્યું ?

કેટલાંક વર્ષો પહેલાં કેલિફોર્નિયાનો શકરટેટીનો પાક એક રોગકારક ફૂગનો ભોગ બનવા માંડયો, ખેડૂતો અને તે પાક સંબંધી ઉદ્યોગમાલિકો ચિંતામાં પડી ગયા. ભારતથી તેની સામે રોગપ્રતિકારક જનીન લઈ જવાયો અને તેની મદદથી જાત વિકસાવી કરોડો ડોલરની કિંમતનો પાક અને તેને આધારે ચાલતા ઉદ્યોગો બચાવી લેવાયા. કેલિફોર્નિયાવાસીઓ જેને આધારે કરોડો ડોલર કમાયા ને ભારતને ફૂટી કોડીય ન દેખાડી. માડાગાસ્કરની રોઝી પેરિવિન્કલ નામની વનસ્પતિમાંથી બે ઔષધો મળી આવ્યાં, વિન્બ્લાસ્ટાઈન અને વિન્ક્રિસ્ટાઈન. માત્ર આ જ બે ઔષધો આજ સુધીમાં બાળકોને થતાં લોહીનાં કેન્સર સામે અસરકારક પુરવાર થયાં છે. દવા-ઉદ્યોગની બહુ-રાષ્ટ્રીય કંપની ઈ. મર્કએ આ બંને દવાઓ ઉપર પેટન્ટ મેળવી લીધો છે અને માડાગાસ્કરને આજ સુધી કશુંય પરખાવ્યું નથી. એ જ રીતે ઈથિયોપીઆથી યૂરોપ અને યુ.એસ.એ. એ જવ અને ઘઉંને લાગતા વાયરસજન્ય યલો ડવાર્ફ રોગનો પ્રતિકાર કરતાં જનીનો મેળવી લીધાં. ડબલ્યુ. આ. ગ્રેસ નામની એક અમેરિકન કંપનીએ લીમડાના જંતુનાશક ગુણધર્મ પર પેટન્ટ મેળવી લીધો છે, ભલેને ભારતીયો તેનો સદીઓથી જંતુનાશક હેતુસર ઉપયોગ કરતા આવ્યા હોય. આવી યાદી તો ઘણી મોટી થાય.

આ તો પેલી વાર્તા કરતાંય ભૂંડું થયું. ગામડાંની એક ગરીબ સ્ત્રીએ છોકરો જણ્યો. એ બિચારી છોકરાને કઈ રીતે ભણાવે ? ગામનો શિક્ષક ચતુર. તેને થયું છોકરો છે બુદ્ધિશાળી. એણે શોધી કાઢયું કે એનું મગજ ઇજનેરી કરતાં દાક્તરીમાં વધુ ચાલશે. માએ દળણાં દળી છોકરાનું પેટ ભર્યું અને શિક્ષકે એને દાક્તર બનાવ્યો. પેલી મા બિમાર પડી. એના જ દીકરા પાસે ઇલાજ કરાવવા ગઈ તો પેલો ચબરાક શિક્ષક કહે 'ફી મને આપ તો તારો ઇલાજ કરાવું !' મા કહે, 'આવું તે કાંઈ હોય ?' પેલો શિક્ષક કહે, 'એવું જ હોય ! આ દાક્તર હવે મારી માલિકીનો, તે જે કમાય તે મારો નફો. ઇલાજ કરવો હોય તો પૈસા લાવ.' બાપડી મા શું કરે ?

ત્રીજા વિશ્વના દેશોમાં પાકોનું મૂળ વતન છે. ત્યાંના લોકોએ પાકો વિકસાવ્યા, જાતો વિકસાવી, રોગપ્રતિકારક જનીનો ઓળખ્યાં, તેવાં જનીનો આપ્યાં છતાં કશું માગ્યું નથી, કોઈએ તેમને કશું આપ્યું નથી. અને આજે બુદ્ધિને જોરે તે જ ચીજો માટે પ્રથમ વિશ્વના દેશો ત્રીજા વિશ્વના ગરીબ દેશો પાસેથી પૈસા પડાવવાના નુસખા અજમાવે છે.

પ્રથમ વિશ્વના દેશો પોતાની બુદ્ધિશક્તિના જોરે આ ખજાનો પોતાનો કરવા માંગે છે ત્યારે તે પણ સમજવાની જરૂર છે કે ટેકનોલોજીના વિકાસ અને બૌદ્ધિક સંપત્તિ અધિકારોના સંરક્ષણને

સીધો સંબંધ છે. યુરોપમાં આજથી ૩૦ વરસ પહેલાં પાક સંવર્ધકને બૌદ્ધિક સંપત્તિ અધિકારો અપાયા ત્યારે તેણે સુધારેલી જાતમાંથી ખેડૂતોએ પોતાના ખેતર પર પેદા કરેલ બીજ જો બીજે વરસે ખેડૂત વાપરે તો તે વાંધાજનક ન ગણાતું પણ આજે તેમ ન થઈ શકે. ખેડૂતે પાક સંવર્ધકને બીજે વરસે પણ તેનું મહેનતાણું ચૂકવવું પડે છે ! (ભલેને બિયારણ ખેડૂતે જાતે ઉગાડી લીધું હોય.) એટલે વિકસિત દેશોના પેટન્ટ સંબંધી કાયદા ત્રીજા વિશ્વના ગરીબ દેશો પર અમલીકરણ કરાય તો તે માટે વિકસેલા દેશો પર આર્થિક સામ્રાજ્યવાદનો આરોપ મૂકી શકાય.

પાક સંવર્ધનની ચીલાચાલુ પદ્ધતિઓમાં માત્ર સંકરીકરણ દ્વારા જ એકમાંથી બીજામાં જનીન દ્રવ્યની ઉમેરણી કરી શકાતી અને તે પણ એક જ પાકની બે જાતો વચ્ચે. એટલે કે ડાંગરની એક જાતમાંથી સંકરીકરણ દ્વારા કોઈ રોગપ્રતિકારક જનીન ડાંગરની જ બીજી જાતમાં ઉમેરી શકાતો. પરંતુ બાયોટેકનોલોજીએ આવી મર્યાદાઓ ઓળંગી નાખી છે. હવે કઠોળ વર્ગનો નાઇટ્રોજન સ્થિર કરતો જનીન ધાન્યવર્ગમાં ઉમેરી શકાય છે અને મકાઈનો રોગપ્રતિકારક જનીન ટામેટાં.ાં ઉમેરી શકાય છે, એટલું જ નહીં એક વૈજ્ઞાનિકે તો આગિયાના ચમકારા માટે જવાબદાર જનીન દ્રવ્ય શોધીને તેને તમાકુમાં દાખલ કરી દીધું એટલે તમાકુના છોડ રાતે આગિયાની જેમ ચમકવા માંડે છે. આવા છોડને ટ્રાન્સજેનિક છોડ કહેવાય છે. આવા છોડનું પેટન્ટીકરણ થાય છે. હકીકતમાં જીવ સંપદા કુદરતી દેણ હોઈ તેનું પેટન્ટીકરણ હોઈ ન શકે છતાં ધારો કે તેવા છોડનું પેટન્ટીકરણ કરે પણ તે માટેની પદ્ધતિનું પેટન્ટીકરણ (Process Patent) ન જ હોઈ શકે ને ! વાત, આટલેથી અટકતી નથી. પેલા આગિયાના ચમકારા માટેના જનીનનું પેટન્ટીકરણ (Gene Patent) કરી દેવાય છે. ભલા, લોખંડના કોઈ ચોક્કસ પ્રકારના નટ-બોલ્ટનું પેટન્ટીકરણ કરી શકાય પણ તે માટેની પદ્ધતિનું અને લોખંડનુંય પેટન્ટીકરણ થોડું કરાય ? આ તો નરી મૂર્ખતા અને સ્વાર્થ છે.

આવા પ્રકારના પેટન્ટીકરણની માગણી કરનારો વર્ગ છે મોટી મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓનો. ખાસ કરીને કૃષિ રસાયણોના ઉત્પાદન અને વેપાર કરતી કંપનીઓને પોતાનો નફો (તેમને બીજા કશાયમાં રસ નથી) વધારવો છે. એટલે હવે તે બીજના ધંધા તરફ વળી રહી છે. તેમ કરીને તે એક કાંકરે બે પક્ષી મારવા ધારે છે. એક તો આવાં બિયારણોનું પેટન્ટીકરણ કરી નફો રળશે અને બીજું તે એવાં બિયારણો વિકસાવશે કે જેથી તેમનાં જ રસાયણો વાપરવાં પડે. વર્લ્ડ હર્બિસાઈડ ફ્રન્ટ કહે છે, "આજે વિશ્વસ્તરે ૭૯ જેટલાં ઔદ્યોગિક સંશોધન કાર્યક્રમ દ્વારા કપાસ, મકાઈ, બટેટા, ડાંગર, જુવાર, સોયાબીન, ઘઉં, ટામેટાં, રજકો અને શેરડી જેવા પાકોની ૨૩ જેટલી જાતો એવી વિકસાવાઈ રહી છે કે જે કૃષિ રસાયણોનો ભરપૂર છંટકાવ ખમી શકે. એટલે જંતુનાશક–નીંદણનાશક પ્રતિકારક જાતો (ધ્યાન રહે, જંતુપ્રતિકારક નહીં)." એટલે એક વાર ખેડૂત આવું બિયારણ ખરીદે એટલે તે જ કંપનીનાં રસાયણોય ખરીદવાં પડે. નહીં તો તેનો પાક ન બચે. આને કારણે જંતુનાશકોનો વપરાશ વધશે અને પરિણામે અનેક પર્યાવરણીય આપત્તિઓ સર્જાશે. જમીન, પાણી, વાતાવરણનું પ્રદૂષણ વધશે, કીટકોમાં રસાયણો પ્રતિ પ્રતિકારશક્તિ કેળવાશે. આપણા ખોરાકમાં તેના અવશેષો આવશે તે તો નફામાં.

વળી, વધુ ઉત્પાદન અને કેટલાંક રોગ-કીટક પ્રતિકારક લક્ષણો જેવાં આર્થિક કારણોસર વિકસાવેલી અને પેટન્ટ કરેલી જાતોનો આવી કંપનીઓ પોતાની વિશાળ અને કુશળ બજારવ્યવસ્થાને કારણે ખૂબ પ્રચાર કરી ખેડૂતોને લલચાવશે, ખેડૂતો ભરમાશે અને દેશી બિયારણો છોડી તેની પાછળ પડશે. પરિણામે જનીનિક ધોવાણ થશે. કુદરતે ઉત્ક્રાંતિ દરમ્યાન કેળવેલી અમૂલી જનીન સંપદા દેશી બિયારણો સાથે ધોવાઈ જશે. કદાચ આપણે તેને ઓળખી શકીએ , તે પહેલાં નાશ પામશે. આમ, વિવિધ કુદરતી પરિબળો (જીવાત, રોગ, ઠંડી, ગરમી, દુષ્કાળ, પૂર વગેરે) સામે ટકી રહીને સલામતી આપતી ખેતી જોખમમાં મુકાશે.

ભારતમાં બીજોત્પાદનનું ક્ષેત્ર આજે પણ મોટે ભાગે વિકેન્દ્રિત રીતે ખેડૂતોના હાથમાં રહ્યું છે. બહુરાષ્ટ્રીય કંપનીઓને (અને તે પણ પેટન્ટના શસ્ત્ર સાથે) આ ક્ષેત્રમાં આવકારવાથી દેશના સંશોધનોની ગતિ અવરોધાશે અને ગરીબ રાષ્ટ્રોનું વિકસિત રાષ્ટ્રો પરનું અવલંબન વધશે. બૌદ્ધિક સંપત્તિ અધિકારની જાળવણીને નામે કુદરતી સજીવ સંપદા પર થઈ રહેલ આક્રમણ નૈતિક, પર્યાવરણીય અને આર્થિક પ્રલય લાવશે.

(ભારતીય કૃષિ અનુસંશોધન પરિષદના માસિક "ઈન્ડિયન ફાર્મિંગ"ના ઓક્ટોબર '૯૩ના અંકને આધારે)

# ડન્કલનું આ ડિંડવાણું શું છે?

**શું ફરી એક વાર આપણે યુરોપ-અમેરિકાના ગુલામ બની જશું? હવે તો એમણે અહીં આવીને રાજ કરવાની પણ જરૂર નહીં પડે!**

**વાસુદેવ**

ડન્કલ દરખાસ્તો આપણા દેશના વેપાર ઉદ્યોગનું ભાવિ નક્કી કરશે છતાં એટલી અટપટી અને ટેકનિકલ છે કે લોકો તેનો મર્મ સમજી શકતા નથી. અત્યારે દરેક દેશ પોતાની આયાત-નિકાસ નીતિ નક્કી કરે છે. આયાતો પર જાતજાતના અંકુશ મૂકે છે. સ્વતંત્ર દેશોનો એ અધિકાર છે. પરંતુ દુનિયા પર સોટો ચલાવતા અમેરિકા તથા યુરોપના પ્રબળ સમૃદ્ધ અને ઔદ્યોગિક દેશોને નબળા-ગરીબ દેશોની વેપારી નીતિ પસંદ નથી કારણ કે પોતાનો માલ એ દેશોમાં - એટલે દુનિયાના ૮૦ ટકાથી વધુ દેશોમાં જોઇએ તેવો ઘૂસી શકતો નથી. દરેક દેશ સાથે અલગ અલગ વેપાર-કરાર તેમને માથાકૂટ લાગે છે. તેઓ આખી દુનિયા માટે દરેક પ્રકારનું ઉત્પાદન અને તેના વેપાર માટે એક જ પદ્ધતિ નક્કી કરવા માગે છે, જે એ પદ્ધતિના દસ્તાવેજ પર સહી ન કરે તે દુનિયાના નવા મહાજનની બહાર! તેણે એકલે હાથે પોતાનું ફોડી લેવાનું. ન્યાત બહાર મુકાઇ જાય. આ ધમકીથી આપણા જેવા બધા દેશોએ ડન્કલના શરતનામા પર નીચી મૂંડીએ સહી કરી છે. પણ સહી ન કરીને એકલા પડી જવાના તત્કાલ ઝેરને બદલે સહી કરવી એ ધીમું ઝેર છે. આપણી સંસદમાં સખત વિરોધ થયો, કોંગ્રેસ પણ તેમાં છે છતાં સરકારે લાચારીથી કહ્યું કે આખું જગત જેમાં જોડાય તેમાં અલગ પડીએ તો આપણું શું થાય? જેમ ન્યાતના પંચ કે ગામના બહિષ્કાર સામે એક કુટુંબ જીવી ન શકે તેમ ડન્કલની બહાર જીવવું અશક્ય છે.

ડન્કલ દરખાસ્તો અથવા દુનિયામાં વેપારના નવા નિયમોની યાદી ખૂબ લાંબી છે, જેમાં ઔદ્યોગિક માલ, ખેતીની પેદાશો, મનોરંજનનાં સાધનો અને પશુ-પક્ષીની લે-વેચ. ટૂંકમાં મનુષ્ય જે કંઇ ઉત્પન્ન કરીને કે બનાવીને વેચી શકે તે તમામ ચીજોને નવી વેપાર વ્યવસ્થા આવરી લે છે.

એનો એક નિયમ છે કે કોઇ દેશ આયાત અને નિકાસ પર અંકુશ ન મૂકી શકે, કવોટા ન બાંધી શકે અને જકાતના દર પરસ્પર નક્કી થાય એટલા જ રાખી શકે.

એક જ હરોળમાં વિકસેલા ઔદ્યોગિક દેશોના ઢગલાબંધ માલ માટે આપણે દરવાજા ખોલી દેવા પડે. બેશક, માલ ખરીદવા માટે પૈસા ન હોય તો ચુમાઇને બેસી રહેવું પણ સરકાર ખરીદી-આયાત પર અંકુશ ન મૂકી શકે.

ધનિક દેશો લોંકડીના જેવી દલીલ કરે છે કે તમારા જેવા ગરીબ-પછાત દેશોના માલ માટે પણ અમારા દરવાજા ખુલ્લા છે. પણ કયાં આપણી વામન ઔદ્યોગિક શક્તિ અને કયાં તેમની વિરાટ શક્તિ! બે અસમાન વચ્ચે સમાનતાનું પરિણામ નબળાને ભોંયભેગો કરી નાખે.

બીજી શરત એ કે કોઇ પણ દેશની સરકારે પોતાનો માલ સસ્તો બનાવવા ખાતર ઉદ્યોગોને સબસીડી, ખાસ સવલતો વગેરે ન આપવાં. જો આપે તો બધા સાથે અલગ કરાર કરીને તે પ્રમાણે આપે. આપણા ઉદ્યોગો પછાત છે, ટેક્નોલોજી જરીપુરાણી છે. માલ દુનિયામાં વેચવો હોય તો સરકારના વિવિધ ટેકા વિના બજારમાં પાછો પડે.

આ બે કલમ આપણને ખોખરા કરવા માટે પૂરતી છે. તે ઉપરાંત સંખ્યાબંધ કલમો છે.

એક કલમ કહે છે કે એક દેશે શોધેલી કે નવી બનાવેલી ચીજની નકલ બીજો દેશ લાઇસન્સ ફી ચૂકવ્યા વિના બનાવી ન શકે. બેશક દરેક દેશને ટ્રેડ માર્ક અને લાઇસન્સના કાયદા હોય છે અને બીજાના કાયદાને માન આપે છે પણ નવા નિયમમાં બે શરતો નવી છે.

પેટન્ટનો સમય સાત વર્ષને બદલે ચૌદ વર્ષનો રહેશે. પેટન્ટ પ્રોસેસ ઉપરાંત પ્રોડક્ટની પણ હશે. પ્રોસેસ-બનાવવાની પદ્ધતિમાં ફેરફાર કરીને અથવા પ્રોડક્ટમાં થોડો ફેરફાર કરીને આપણે અત્યાર સુધી પરદેશી માલના જેવો માલ બનાવીએ છીએ, હવે એ બંધ થશે. મૂળ ઉત્પાદક કહે તે દરે લાઇસન્સ તેની પાસેથી લેવું પડે.

આ શરતથી આપણો દવાઓનો ઉદ્યોગ અમેરિકાના દબાણ નીચે જશે. રોગોની મૌલિક દવાઓ અહીં બહુ ઓછી શોધાય છે અને બને છે. મોટા ભાગની ફાર્માસ્યુટિકલ કંપનીઓ વિદેશી ફોર્મ્યુલેશનમાં થોડા ફેરફાર કરીને એની એ જ પ્રોસેસથી દવાઓ બનાવે છે. એ હવે બંધ... વિદેશી દવા બનાવવા માટે તે દવાનું તથા તેના ઉત્પાદન પ્રોસેસનું લાઇસન્સ મૂળ ઉત્પાદક કહે એટલા પૈસા ચૂકવીને લેવું પડે. આ કલમને પરિણામે વિદેશી કંપનીઓની અહીં બનતી દવાઓના ભાવ ચારથી દસ ગણા વધી જશે... ચૌદ વર્ષ પહેલાંની દવાઓને આ શરત લાગુ પડતી નથી.

ખેતીને સરકારે કોઇ એવી મદદ ન કરવી જેથી ખેડૂતનું પડતર ખર્ચ ઓછું થાય. આપણો ખેડૂત પાણી, વીજળી, ખાતર અને ટ્રાન્સપોર્ટમાં પણ ખાસ નીચા દર મેળવે છે. નવી શરતથી એના દરેક ઉત્પાદનની પડતર ઊંચી જવા સાથે બજારમાં પણ અનાજ-તેલીબિયાં વગેરે મોંઘા થશે.

ખેડૂતો હાઇબ્રીડ બિયારણ વાપરે છે. તેમાં વિદેશી સંશોધનો પણ હોય છે જેમ કે ઘઉંની મેક્સિકન જાત. એક વખત પાક ઉગાડ્યા પછી તેનું બિયારણ વાપરીએ છીએ તે હવે નહીં થાય. વિદેશી પેટન્ટના બિયારણના દરેક પાકમાં ખેડૂતે અસલ ઉત્પાદકને રૉયલ્ટી આપવી પડશે.

એક કલમ વળી એવી છે કે દરેક દેશે તેની ખેતીની પેદાશોના અમુક ટકાની ફરજિયાત આયાત કરવી પડશે. જાપાન અને કોરિયા તો બૂમાબૂમ કરે છે કે અમારા સ્વદેશી ચોખા પકવનાર ખેડૂત બરબાદ થઇ જશે. આપણે પણ ઘઉં, તેલીબિયાં, ચોખા વગેરે ન જોઇએ તો પણ આયાત કરવા પડશે.

અત્યારે કરાર પર સહી કરીને તે માન્ય રાખવા બંધાયા છીએ. પણ આ અટપટી વ્યવસ્થાનો અમલ થતાં વરસેક લાગશે. મલ્ટીનેશનલ કંપનીઓના મગરમચ્છ દેશી કંપનીઓને હજમ કરે છે અને ૧૯૯૪ની સાલમાં બેન્કો, શૅરબજાર વગેરેમાં પગપેસારો મોટા પાયે કરશે અને તેમાં પાછું ડન્કલ! આપણી દશા બહુ માઠી થશે. ફરી એક વાર આપણે યુરોપ-અમેરિકાના ગુલામ બનીશું. આ વખતે અહીં આવીને રાજ કરવાની તકલીફ તેઓ નહીં લે. દૂર બેઠાં બેઠાં લગામ ખેંચશે.

# –તો દવાના ભાવ બેહદ વધી જશે

**આ**ર્થર ડંકેલ નામના એક અમેરિકન મહાશય ભારતના બૌધ્ધિકોમાં અને ઉદ્યોગપતિઓમાં ભારે અળખામણના બન્યા છે. યુનોના એટલે કે અમેરિકાના અંકુશ હેઠળની જનરલ એગ્રીમેન્ટ ઓફ ટ્રેડ એન્ડ ટેરીફ (ગાટર) સંસ્થાના તેઓ ડિરેકટર જનરલ છે. વિશ્વના વિકસતા અને વિકસીત દેશોને સ્પર્શતો એક વિવાદાસ્પદ ખરડો તેમણે ઘડયો છે, જેનો ભારતમાં અમલ થાય તો બહુ મોટો અનર્થ થઇ જશે. ભારતને આ ખરડો કેવી માઠી અસર કરશે તે જોતાં પહેલાં બૌધ્ધિકોના પ્રત્યાઘાતો જોઇએ:

અગ્રણી અર્થશાસ્ત્રી ડૉ. અમીયા બાગચીએ તો ડંકેલ દરખાસ્ત લાવવા માટે યુનોને બદલે સીધું અમેરિકા પર દોષારોપણ કરતાં કહ્યું, "આ ખરડો મલ્ટીનેશનલોને અઢળક કમાણી કરવા માટે ઘડયો છે. અમેરિકાનું વર્ચસ્વ અનેક ક્ષેત્રોમાં હવે પહેલાં જેવું રહ્યું નથી. લોખંડ, ઇલેકટ્રોનિક્સ જેવાં ક્ષેત્રોમાં તે પાછળ પડી ગયું છે. એટલે તેણે વિકસતા દેશોનું કાંડું આમળવા માટે આ માર્ગ અપનાવ્યો છે. "ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (ફિક્કી)ના સેક્રેટરી જનરલ ડી.એચ. આઇ પણંદીકર કહે છે, "ડંકેલ દરખાસ્ત સમક્ષ ભારતની સરકાર ઝૂકી જશે તો અમેરિકા તેને ઝૂડવા માટે સુપર ૩૦૧ જેવી ઢગલાબંધ નવી દરખાસ્તો લાવશે.

પશ્ચિમ બંગાળની માર્કસવાદી સરકારના વેપાર પ્રધાન બિધુત ગાંગુલી કહે છે, "ભારતને સ્વાવલંબી બનતા રોકવાનું આ કાવતરું છે. અમેરિકા આમાં સફળ થશે તો આધુનિકીકરણ અને ઉદાર નીતિના ઓઠા હેઠળ વિદેશથી આયાતના દરવાજા ખુલી જશે અને ભારતનો વિકાસ રુંધાઇ જશે."

કેરળના વિજ્ઞાનીઓએ આ બાબત જનમત જાગૃત કરીને આંદોલન કરવાનો અનુરોધ કર્યો છે. પરંતુ કમનસીબી એ છે કે, ભારતના આર્થિક વિકાસને ખતમ કરવા માંગતી ડંકેલ દરખાસ્તો અપનાવવા માટે સરકાર ઉપર અમેરિકાનું દબાણ વધી રહ્યું છે. તો પણ હજુ કોઇ જનમત નથી અને સરકારનો પણ કોઇ મત નથી. દેશની મોટાભાગની પ્રજાને ડંકેલ દરખાસ્તો સાથે અત્યારે દેખીતી કોઇ નિસ્બત નથી, પરંતુ પગ તળે રેલો આવશે ત્યારે દવાના ભાવ બેહદ વધી જશે: નાના અને મધ્યમ કદના ઉદ્યોગોનો મૃત્યુઘંટ વાગશે. હરીફાઇ એટલી વધશે કે જંગલનો કાનૂન પ્રવર્તશે. મોટી માછલી (મલ્ટીનેશનલો) નાની નાની માછલીઓને ખાઇ જશે. ભારતના ઔદ્યોગિક ક્ષેત્રે મલ્ટીનેશનલો જ ડાંફો ભરતી દેખાશે!

દવા ઉદ્યોગને આ દરસાતની સૌથી માઠી અસર પહોંચશે. આ ઉદ્યોગ વર્ષે આશરે ૪૦ અબજ રૂપિયાની દવાનું ઉત્પાદન કરે છે જેમાંથી મોટા ભાગની દવાઓ વિદેશમાં શોધાઇ છે.

## ગ્રાહક સર્વેસર્વા

**–શિરીષ મહેતા**

દેશમાં હવે આ ઉદ્યોગના વિકાસ સાથે સંશોધન કાર્ય થતું રહે છે અને તેના ફળ સ્વરૂપ નવી નવી દવાઓ કેમિસ્ટોની દુકાનોમાં પહોંચતી થઇ છે ખરી, પરંતુ અત્યાર સુધી વિદેશમાં શોધાયેલી દવાઓના આધારે જ અહીંનો ઉદ્યોગ નભતો હતો. હવે વિદેશી કંપનીઓને આ દવાઓના પેટંટ હક્કની રોયલ્ટી મળે તેવી જોગવાઇ ડંકેલ સાહેબે સૂચવી છે. આ દરખાસ્તનો અમલ થાય તો આપણા દવા ઉત્પાદકોએ વિદેશી કંપનીઓને રોયલ્ટી પેટે લાખો-કરોડો ડોલર ચૂકવવા પડે અને પરિણામે દવાના ભાવ અહીં વધી જાય. એક અંદાજ પ્રમાણે દેશમાં વેચાતી ૪૨ ટકા એન્ટીબાયોટીક્સ અને ૮ ટકા બેક્ટેરીયા પ્રતિરોધક દવાઓ વિદેશી પેટંટના સપાટામાં આવી જાય. "અમુક દવાના ભાવ ૧૦ ગણા વધી જશે." એક ઉત્પાદક કહે છે. એક તરફ દવાના ભાવ વધશે અને બીજી બાજુ દવા કંપનીઓને નવી દવા વિષે સંશોધન કરવાનું કોઇ પ્રોત્સાહન જ નહિ રહે. કારણ કે ડંકેલની દરખાસ્ત અનુસાર વિદેશી દવાનું પેટંટ ધરાવનાર ઉત્પાદક આયાત કરતો હોય ત્યાં સુધી સ્વદેશી દવાના ઉત્પાદનને કોઇ રીતે પ્રમાણ ગણાશે નહિ. ડો. બાગીચી કહે છે, "આ દરખાસ્તનો અમલ થશે તો વિજ્ઞાન અને ટેકનોલોજીના શિક્ષણ પાછળ થતા ખર્ચનું કોઇ મહત્ત્વ નહિ રહે."

એવું જ કૃષિ ક્ષેત્રનું છે. ડંકેલ દરખાસ્ત કહે છે, સરકાર ખેતીના ઉત્પાદનમાં વધુમાં વધુ ૧૦ ટકા સબસીડી આપી શકશે. આ દરખાસ્તનો અમલ થાય તો કૃષિ ઉત્પાદન વધારવા માટે વધુ સબસીડી આપતા યુરોપિયન અર્થસમૂહના દેશો જેવા ઔદ્યોગિક રાષ્ટ્રોએ સબસીડીનું પ્રમાણ ઘટાડવું પડે. ભારત સહિત વિકસીન દેશોમાં આ પ્રમાણ ઓછું છે, પરંતુ આનો કંઇ અર્થ નથી. 'જમવામાં જંગલો અને કૂટવામાં ભગલો' એ ન્યાયે યુરોપિયન રાષ્ટ્રો ડંકેલની દરખાસ્તનો હળવે હલેસે અમલ કરશે એવું નિષ્ણાતો કહે છે.

ભારતને આંતરરાષ્ટ્રીય કવોટા જેટલો મળે એટલાં જ વસ્ત્રો અને કાપડની નિકાસ કરી શકે છે. આ કવોટા નિયંત્રણો ૧૯૯૬ સુધીમાં નાબૂદ કરવાનું ડંકેલ દરખાસ્ત સૂચવે છે.

આના પરિણામે ભારતમાંથી કાપડ અને તૈયાર વસ્ત્રોની નિકાસ વધવાની શકયતા છે ખરી, પરંતુ આ એક મૃગજળ છે, છળ છે એમ અનુભવીઓ કહે છે. યુરોપના દેશો અને અમેરિકા ગોકળગાયની ગતિએ પોતાને પ્રતિકૂળ એવી દરખાસ્તોનો અમલ કરશે અને અનુકૂળ એવી દરખાસ્તોના સ્વીકાર માટે ભયંકર દબાણ લાવશે.

દેશના બૌધ્ધિકો આ પરિસ્થિતિ પ્રત્યે આક્રોશ વ્યકત કરી રહ્યા છે ત્યારે નામ, સરનામાં વિનાનો એક પરિપત્ર સરકારી દફતરોમાં એક વગદાર લોબી વહેંચી રહી છે, જે ડંકેલ દરખાસ્તોના ફાયદાઓ સમજાવીને તે સ્વીકારી લેવા માટે ભારત સરકારને સમજાવી- પટાવી રહી છે! ભારત સરકારની મતિ મૂંઝાઇ ગઇ છે. નાણાકીય સમસ્યાઓ સુલઝાવવા માટે મનમોહનસિંહ જેવા કાબેલ નાણાંપ્રધાન છે, પરંતુ આંતરરાષ્ટ્રીય વેપાર સમસ્યાઓ ઉકેલવા માટે કોઇ કાબેલ વ્યકિત નથી. સરકારને આ બાબત શું કહેવાનું છે એવું દબાણ વિપક્ષી સભ્યોએ કર્યું ત્યારે મૂંઝાયેલા વેપાર પ્રધાન પી. ચિદમ્બરમે એટલું જ કહ્યું, 'સરકારે આખરી વલણ હજુ નક્કી કર્યું નથી!"


સંદેશ
પાના. ૨
તા. ૨૫.૪.૯૨

## ભીતરના વહેણ

કુલદીપ નાયર

૨૨

VINIYOG

# સ્વાવલંબી બનવાની આવશ્યકતા

નવી દિલ્હી, તા. ૧૨ મી ફેબ્રુઆરી.

વિદેશી મૂડી રોકાણનો અર્થ સરકારને મન કદાચ આમ હોય વિશ્વની પ્રખ્યાત બ્રાન્ડની ચોકલેટ, સોફ્ટ ડ્રીંક અને ફાસ્ટ ફુડ ભારતીય બજારમાં ઠલવાઈ જવાની તૈયારીમાં છે. વિદેશમાંથી મળેલી અરજીઓ માટે કોઈ માર્ગદર્શક સિધ્ધાંતો હોય તો કેવળ આ બાબતો માટે અતિરેક નહીં હશે બલ્કે વોશિંગ મશીન, ઓટોમોબાઈલ અને કલર ટી.વી. માટે પણ હશે.

નીતિ છૂટછાટભરી બનાવવાની પહેલ જ્યારે આરંભવામાં આવી ત્યારે અભ્યાસુઓ દ્વારા આ બાબતે ચોક્કસપણે દહેશત વ્યક્ત કરવામાં આવી હતી. તેઓએ એવી ચેતવણી ઉચ્ચારી હતી કે બહુરાષ્ટ્રીય કંપનીઓને મુખ્યત્વે ૧૫ કરોડ ભારતીયોમાં છે કે જેઓ ખરીદશક્તિમાં રસ ધરાવે છે. આ કંપનીઓ વીજળી, ટ્રાન્સપોર્ટ કે મશીનરી ક્ષેત્રે મૂડીરોકાણ નહીં કરશે. આ દહેશત ખરેખર ખોટી ઠરી પરંતુ ઉચ્ચ ટેકનોલોજી ક્ષેત્રે વિદેશી મૂડી રોકાણનો પ્રવાહ વહેતો ન થયો ત્યાં સુધી વાત સિમિત રહી અને શા માટે એ સ્પષ્ટતા કરવાનું સરકારે કદાચ ખૂબ મુશ્કેલ અનુભવ્યું. સામાન્ય મત એવો પ્રવર્તે છે કે વિદેશીઓના કહેવાથી નવી આર્થિક નીતિ તૈયાર કરવામાં આવી છે.

વપરાશકારો માટેની તેમજ ટકાઉ ચીજવસ્તુઓના ઉત્પાદનમાંથી વિદેશી મૂડીરોકાણકારોને નવી દિલ્હીએ વંચિત રાખવા જોઈએ. છેલ્લાં ઘણાં વર્ષોમાં ભારતે આ ક્ષેત્રે નિપુણતા મેળવી છે.

સરકાર પાસે કદાચ કોઈ વિકલ્પ નથી. વિશ્વની નજરમાં આર્થિક રીતે સધ્ધર દેખાવા લોન માટે ઔદ્યોગિક રાષ્ટ્રો ઉપર સંપૂર્ણ મદાર રાખવા સાથે તેઓ જેમ કહે તેમ અનુસરવા નવી દિલ્હી તૈયાર થયું છે. વાસ્તવમાં, આર્થર ડંકેલ (જનરલ એગ્રીમેન્ટ ઓન ટ્રેડ એન્ડ ટેરીફ 'ગેટ'ના ડાયરેક્ટર જનરલ) દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

પાકિસ્તાન અને બાંગલા દેશ સહિત ત્રીજા વિશ્વના દેશો વિરૂધ્ધ ડંકેલ દરખાસ્તો છે. 'ગેટે' અત્યાર સુધીમાં વ્યાપાર, કાનૂન અને કાર્યવાહી જેવા પાસાઓ ઉપર વર્ચસ્વ રાખ્યું છે અને આંતરરાષ્ટ્રીય સરહદ ખાતે લેવડદેવડ અંગે ટક્કર ઝીલી છે. કોઈ એક દેશની સરહદમાં જે કંઈ બને તે નિજની બાબત છે. હવે 'ગેટ'ના અવકાશને વ્યાપક બનાવવા વિચાર્યું છે કે જેથી કરીને એક સાર્વભૌમ રાષ્ટ્રના જાગીરમાં આવતા નીતિઓ અને લેવડદેવડને આવરી લેવાય. બીજા શબ્દોમાં કહીએ તો ત્રીજા વિશ્વના વ્યાપાર, ઔદ્યોગિક અથવા નાણાંકીય નીતિઓમાં વિકસીત રાષ્ટ્રો પોતાનો અભિપ્રાય આપશે. આ રાષ્ટ્રોની ઈચ્છાનું પાલન નહીં કરવામાં આવે તો તેઓ સજા કરે.

ઉદાહરણ તરીકે જોઈએ તો, ટેક્સટાઈલ કે જે ક્ષેત્રે વિકસતા રાષ્ટ્રો બેહતર સ્પર્ધાત્મકતા ધરાવે છે. 'ગેટ' દ્વારા ચીજવસ્તુઓની યાદીમાં ટેક્સટાઈલનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જેનો ઔદ્યોગિક રાષ્ટ્રોની બજારમાં નિશ્ચિત પ્રવેશ છે. જે જવાબદારીની ખાતરી આપવામાં આવી હતી તે હવે આ દરખાસ્તમાં રહેતી નથી અને મૂડીરોકાણ, સર્વીસીસ, બેંકીંગ, વીમા વિ. ક્ષેત્રોમાં વિકસીત રાષ્ટ્રોના આદેશ અનુસાર તેઓને છૂટછાટો બક્ષવા સહિત ગરીબ રાષ્ટ્રોની નિકાસ સાથે તેને સાંકળી લેવામાં આવી.

આ માટેની તર્કસંગતતા સમજી શકાય એવી છે પરંતુ સ્વીકારવી મુશ્કેલ છે. ઔદ્યોગિક રાષ્ટ્રો, ખાસ કરીને અમેરિકા ઉત્પાદનમાં પોતાની સ્પર્ધાત્મક તીક્ષ્ણતા ગુમાવી રહ્યુ છે. તેઓ વિશેષરૂપ, ટેકનોલોજી અને જ્ઞાનમાં પોતાની જૂની ઈજારાશાહી વલણ જાળવી રાખવા માગે છે. આથી, તેઓએ એવો નિર્ણય કર્યો કે રમતના નિયમ એકપક્ષી બદલી નાખવા. આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થામાં પોતાનો પ્રભાવ મજબૂત બનાવવા એક નૂતન આંતરરાષ્ટ્રીય ધારો તેઓ ઈચ્છે છે.

ડંકેલ દરખાસ્તોએ બધી જ બાબતોને એકમાં મૂકી આપી છે. માલસામાનમાં વ્યાપાર, સર્વિસીસ સંબંધે નિયમનો અને ફાર્માસ્યુટીકલ્સ અંગે પેટન્ટો સહિત બૌધ્ધિકોની મિલકતનો આમાં સમાવેશ થાય છે. ત્રીજા વિશ્વના દેશો આ તમામ બાબત સ્વીકારશે અથવા ફેંકાઈ જશે. ઝઘડાના નિરાકરણ માટે કાર્યવાહીને કારણે તેઓ વચ્ચેના સંબંધ વધુ ગાઢ બને છે. આ બાબતે, જો, ભારત અથવા અન્ય વિકસતાં રાષ્ટ્રો પશ્ચિમના રાષ્ટ્રો ખાતે નિકાસ કરતા હોય અને જાપાન આદેશનું પાલન કરવાનો ઈન્કાર કરે તો જે દેશોમાંથી આયાત કરવામાં આવતી હોય તે દેશોના માલસામાન ઉપર જકાત વધારી તે દ્વારા વળતું પગલું આ રાષ્ટ્રો લેશે.

ડંકેલ દરખાસ્તો જો આપણે સ્વીકારીએ તો ખાંડની નિકાસ ઉપર નુકસાન મજરે મળે એવી નિકાસ સબસીડી નાબૂદ કરવા અથવા ઘટાડવા માટેનું શિસ્ત આપણને બંધનકર્તા રહેશે. અનાજના પ્રાપ્તિ ભાવને પણ માફ નહીં કરાશે. અણુ ઉર્જા અને અવકાશ ટેકનોલોજીને પણ આ શિસ્ત આવરી લેશે.

સ્વાવલંબી બનવા સિવાય છૂટકો નથી. આનો અર્થ એવો નથી કે નૂતન અથવાં આધુનિક ટેકનોલોજી માટે દરવાજા બંધ કરી દેવા પરંતુ એવો ય અર્થ નથી થતો કે ૭૧ અબજ ડોલરની રકમ વટાવી ગયેલા વિદેશી દેવાને અટકાવવું. ભારત સંરક્ષણ પાછળ રૂ. ૧૭૦૦૦ કરોડ અને સબસીડી પાછળ રૂ. ૪૨૦૦૦ કરોડ ખર્ચે છે, કે જે પૈકી મોટાભાગની રકમ ટ્રાન્સપોર્ટ, વીજળી અને ઉચ્ચ કેળવણી પાછળ વપરાય છે. સંરક્ષણ અને સબસીડી પાછળ આટલી જંગી રકમ ખર્ચવાનું ચાલુ રાખવામાં આવે તો સ્વાવલંબી બનવાનો કોઈ વહેવારુ માર્ગ જણાતો નથી. દેખીતી રીતે જ સરકાર પાસે બીજા વિચારો છે; દસ લાખ ટન ઘઉંની આયાત દ્વારા વિદેશી હુંડિયામણનો બોજ વધશે કે જે કિલો દીઠ રૂ. આઠના ભાવે પડશે. તો ભારતીય ખેડૂતોને શા માટે ઘઉંનો વધુ ભાવ ન આપવો કે જેઓ સંગ્રહ કરેલ તમામ ખેત પેદાશ આપી દેશે ભારતના દ્રષ્ટિબિંદુએ તે સોંઘું જ હશે.

| |
|---|
| મુંબઇ સમાચાર |
| પાના નંબર : ૧૩ |
| દિનાંક : ૧૩-૨-૯૨ |

# હરિયાળી ક્રાંતિ હવે ખોટ બતાવી રહી છે

ડંકેલ પ્રસ્તાવ સામે ખેડૂતો આંદોલને ચડ્યા છે. ડંકેલ પ્રસ્તાવનો વિરોધ કરનારા ખેડૂતો અને તેમના નેતાઓ કહે છે કે ડંકેલના ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ હેઠળ ભારતીય કૃષિઉદ્યોગ તેની સ્વતંત્રતા ગુમાવી દેશે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય ખેડૂતોએ એગ્રો ટેક્નોલોજીના ક્ષેત્રમાં ધંધો કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓને કાંડાં કાપી આપવાં પડશે. આની સામે ડંકેલ પ્રસ્તાવનું સમર્થન કરનારા ખેડૂતો અને તેમના નેતાઓ કહે છે કે જો બહુરાષ્ટ્રીય કંપનીઓના બિયારણથી ઉતારો (પ્રોડક્શન એવરેજ) સારો મળતો હોય, જમીન ન બગડતી હોય અને ભાવ સારા મળતા હોય તો ઘણું થયું, અમને બીજી ચીજો સાથે સંબંધ નથી. તેઓ બીજી દલીલ એવી કરે છે કે ભારત જેને માટે ગૌરવ લે છે તે હરિયાળી ક્રાંતિ પણ અમેરિકન એગ્રો ટેક્નોલોજીનાં કારણે જ થઇ છે. અમેરિકા અને ફિલિપિન્સના બિયારણ સંશોધન સંસ્થાઓએ શંકર બિયારણ તૈયાર કર્યાં હતાં. માત્ર ભારતના દેશી બિયાંનો જ ઉપયોગ કરવામાં આવતો હોય એવું તો ભાગ્યે જ કંઇ જોવા મળશે.

ભારત પહેલાં અનાજની બાબતમાં સ્વાવલંબી નહોતું ત્યારે અમેરિકા સાથેના ભારતના કરાર પીએલ ૪૮૦ હેઠળ ઘઉં આવતા હતા. એ સમયે ભારતમાં હરિયાળી ક્રાંતિ ઝડપથી આગળ વધી રહી હતી. ૧૯૭૨-૭૩માં ભારત અન્નની બાબતમાં સ્વાવલંબી બની ગયું હતું. ભારત સરકાર અને ભારતના અર્થશાસ્ત્રીઓ એ માટે આજે પણ ગૌરવ લે છે. તેઓ ગૌરવથી કહી શકે છે કે

## ઇદમ્ સર્વમ્

અમારે ત્યાં વસતિવધારો છે તેની ના નહીં પણ અમે એ દરેક મોંને અન્ન આપી શકીએ છીએ. પણ હવે વિદ્વાનો કહે છે કે આ હરિયાળી ક્રાંતિ એ એક મીથ છે, ભ્રમણા છે. આપણા સમાજને સત્યને વારંવાર તપાસતા રહેવાની આદત નથી. આજનું સત્ય આવતી કાલે સત્ય ન પણ હોય. તેને તપાસતા રહેવું જોઇએ. દાખલા તરીકે આજે એક બંધ ઉપયોગી અને પરવડનારો લાગે તે કાલે ધોળો હાથી પણ સાબિત થાય. આપણે જ્યારે ઉત્પાદનખર્ચ અને આવકનાં લેખાંજોખાં માંડીએ ત્યારે આવા ધોળા હાથીને ગણતરીમાં લેવાનું ભૂલી [illegible] હોઇએ છીએ. જ્યારે લાગતાવળગતાઓને તે ભૂલી જવામાં રસ હોય છે. જેવું બંધનું એવું જ જમીનના બગાડનું અને બીજાં એવાં પરિબળોનું.

કૃષિસંશોધન એ ભરત ડોગરાનો ખાસ રસનો વિષય છે. તેઓ દિલ્હીમાં રહે છે એનાથી વધુ ભારતનાં ગામડાંઓમાં ફર્યા કરે છે. કૃષિ, પર્યાવરણ અને અન્ય વિકાસના સવાલો લઇને જ પત્રકારત્વ કરનારા ડોગરા કદાચ ભારતના એવા એકમાત્ર પત્રકાર છે. તેમણે એક લેખમાં લખ્યું છે કે આ હરિયાળી ક્રાંતિ હવે આપણને મોંઘી પડી રહી છે.

વી. એમ. રાય અને આર. એસ. દેશપાંડેના અભ્યાસોનો આધાર લઇને ભરત ડોગરાએ લખ્યું છે કે હરિયાળી ક્રાંતિ પહેલાં (૧૯૫૨-૬૫) ભારતના અનાજના ઉત્પાદનમાં વર્ષે ૧.૫૧ ટકાનો વધારો થતો હતો. ભારતમાં જ્યારે હરિયાળી ક્રાંતિ થઇ તે (૧૯૬૭-૭૪)નાં વર્ષોમાં એ વાર્ષિક વધારો ૧.૮૪ ટકાનો નોંધાયો હતો. આમ બહુ ખાસ ફરક પડયો નહોતો. બીજા એક અભ્યાસી એમ. વી. કરનીના કહેવા મુજબ તો જો ધાન્ય સિવાયનાં ઉત્પાદનોને બાદ કરવામાં આવે તો હરિયાળી ક્રાંતિ દરમિયાન અનાજના ઉત્પાદનમાં સરેરાશ ઘટાડો નોંધાયો છે. એની સામે આપણા કૃષિસંશોધનમાં અને જરૂરી સાધનો વિકસાવવા પાછળ અબજો રૂપિયાનો ખર્ચ થયો છે.

આ કૃષિખર્ચના આંકડા પર પણ એક નજર નાખવા જેવી છે. ૧૯૬૧-૬૨માં ભારતના ખેડૂતો ૨,૯૨,૦૦૦ ટન રાસાયણિક ખાતર વાપરતા હતા. ૧૯૭૦-૭૧માં એ આંકડો વધીને ૨૧,૭૭,૦૦૦ ટન થયો હતો. ૧૯૮૦-૮૧માં ખેડૂતોએ ૫૫,૧૬,૦૦૦ ટન રાસાયણિક ખાતર વાપર્યું હતું અને ૧૯૯૦-૯૧માં એ આંકડો વધીને ૧૨,૫૬૭,૦૦૦ ટન ખાતરનો થયો હતો. જેમ ખાતરનો વપરાશ વધ્યો છે તેમ બળતણ, જંતુનાશક દવાઓ, મશીનરી વગેરેનો ખર્ચ પણ વધ્યો છે.

હરિયાળી ક્રાંતિએ રસાયણો દ્વારા જે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યું છે તેને ગણતરીમાં લેવામાં આવે તો હરિયાળી ક્રાંતિનું ખાતું ખોટમાં જાય. જમીન બગડી છે. જમીનનાં પાણી બગડ્યાં છે. આબોહવા બગડી છે અને જમીન તેમ જ મોલાતને પોષક કીટાણુઓ (બાયોઝ) નાશ પામ્યાં છે. કેટલાંક પરંપરાગત બિયારણો નાશ પામ્યાં છે. કૃષિ ચીજોનું વૈવિધ્ય પણ નાશ પામ્યું છે. કૃષિપ્રવૃત્તિ બહુ ખરાબ રીતે એકસમાન (યુનિફોર્મ) થઇ ગઇ છે. ભારતના લોકો નાયલોનના કપડાં પહેરે તે જેમ બિનકુદરતી છે એમ જ ભારતની ભૂમિમાં રાસાયણિક ખાતર નાખવામાં આવે તે પણ બિનકુદરતી છે. ભારતની આબોહવા જોતાં ભારતના લોકોએ નાયલોનનાં કપડાં ન પહેરવાં જોઇએ અને જમીનમાં ખાતર નહીં નાખવું જોઇએ પણ આપણે પ્રકૃતિવિરોધી જીવનપ્રવૃત્તિ અપનાવી લીધી છે. હરિયાળી ક્રાંતિ વિશે એક પણ પ્રશ્ન કર્યા વિના આપણે તેને આપણી સિદ્ધિ તરીકે સ્વીકારી લીધી છે.

VINIYOG

સમકાલીન
પાના નંબર:
દિનાંક: ૯.૫.૯૩

VINIYOG

# ડંકેલ દરખાસ્તનો વિરોધ

ડંકેલ દરખાસ્તના સ્વીકાર સામે સમગ્ર રાષ્ટ્રમાંથી વિરોધ થવા છતાં કેટલીક શરતો સાથે ભારતે તેનો સ્વીકાર કર્યો છે. આથી હવે એમ માનવાને કારણ છે કે શાસકો અને આયોજકો દ્વારા રાષ્ટ્રના હિતનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યુ છે. એટલું જ નહીં તેમને શું કરવું જોઈએ તેની કોઈ જ ગતાગમ નથી.

સરકારને હમણા - હમણા તો દરેક બાબતનું વેચાણ કરવાનો પવન લાગ્યો છે. જાહેર ક્ષેત્રના એકમોના શેર વેચાણ થવાના છે, રેલવેની જમીન વેચાણ થવાની છે - ખાનગીકરણ દ્વારા ટેલિફોન સેવાનું વેચાણ થવાનું છે - માત્ર હવા - પાણી સિવાય બધું જ વેચાવા માટે બહાર આવવાનું હોય તેમ લાગે છે.

નફફટ રાજકારણીઓ રાષ્ટ્રને ક્યાં લઈ જઈ રહ્યા છે - તેની સમજ પડતી નથી. સામાન્ય વ્યકિતને મન તો એક જ વાત છે કે સાંજ પડે છે અને દિવસ નીકળી જાય છે તે જ તેમના માટે પૂરતું છે. તેમની પાસે લડવાની કે સંઘર્ષ કરવાની કોઈ જ શકિત નથી. આવડત નથી કે તેટલો સમય નથી. આથી હવે કરવું શું? પરંતુ નાના - નાના સંગઠનો દ્વારા વૈચારિક એકતા મજબુત કરવાના પ્રયાસો હવે થવા જોઈએ. ઘણા કહે છે કે ડંકેલ દરખાસ્ત કરતાં અમને શેરબજારમાં વધુ રસ છે. પરંતુ આ બાલીશતા છે ડંકેલ દરખાસ્તો દ્વારા ખોરાક જીવનજરૂરી ચીજવસ્તુઓ વગેરે પર પશ્ચિમની રાક્ષસી પકડ વધવાની છે. આ વાતથી કેટલા જાણકાર છે?

પશ્ચિમના રાષ્ટ્રો શોષક અર્થવ્યવસ્થા ધરાવે છે. મતલબ કે બીજાનું શોષણ કરીને જ તેમને આગળ વધવું છે. ડંકેલ દરખાસ્ત માટે ભારત પર અનેક રીતે દબાણ કરવામાં આવ્યું અને અંતે કાંડા કપાઈ ગયા. બિયારણ બીજીવાર વાપરવું તે ખેડૂતને ગ્રાહક તરીકે આપોઆપ મળતો અધિકાર છે છતાં રોયલ્ટી માંગશે.

યુરોપીઅન કોમ્યુનીટી અને અમેરિકા વચ્ચે સમજુતિ થઈ છે. હવે આ પશ્ચિમી સમૂહ એશિયા તથા આફ્રિકા પર ત્રાટકશે. તેમને મન શોષણ એજ સર્વસ્વ છે. શોષણ એ તેમનો "વિશેષાધિકાર" છે અને પ્રોફેશન પણ છે. આવું માનનારો વર્ગ પણ પશ્ચિમમાં વસે છે. પશ્ચિમી વિચારધારાનો પ્રતિકાર માત્ર સંગઠન દ્વારા જ થઈ શકશે.

યુવક મંડળો, યુનિયન - સમાજની વિવિધ સંસ્થાઓ જો એક જ પ્લેટફોર્મ પર આવે અને આ અંગે પ્રતિકાર કઈ રીતે કરવો તેની ભૂમિકા તૈયાર નહીં કરે તો સમાજના દરેક વર્ગને માટે ડંકેલ દરખાસ્ત એ આફતનું પડીકુ પૂરવાર થવાની છે. તેના પરીણામો લાંબે ગાળે જોવા મળશે અને તે વિઘાતક હશે.

મુંબઇ સ..ચાર
પાના નંબર:
દિનાંક: ૧૯-૧૨-૯૩

(૨૫)

મુંબઈ સમાચાર, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૯૩ ૧૮


# મુંબઈ સમાચાર

શનીવાર, તા. ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩: અગ્રહાયણ - ૨૭ શકે ૧૯૧૫.


હંમેશા દરેક વસ્તુની ઉજળી બાજુને જુઓ, ઉલ્લાસ કેળવો - આનંદી વાતનો સંગ્રહ કરો અને તમારા મિત્રોને તે કહો.

હેનરી મીલર

## નિકાસ વધારવાની ભ્રમણા

ડંકેલ દરખાસ્તના સ્વીકાર બાદ નિકાસોમાં વધારો થશે અને તે રીતે વિદેશી હુંડિયામણની કમાણી થશે તે મતલબનું નીવેદન વાણિજ્ય મંત્રી શ્રી પ્રણવ મુકરજીએ કર્યું હતું તે કંઈક અંશે તો સત્યથી વેગળુ અને ગેરમાર્ગે દોરવનારૂં છે. નિકાસ વધવાથી રાષ્ટ્રને ફાયદો થતો નથી - પરંતુ આયાત - નિકાસની આદર્શ સમતુલાથી આર્થિક ફાયદો થાય છે.

નિકાસ વધારવાની જે પેલછા છે તેમાં ઘઉં, દુધ, ચોખા અને જીવનજરૂરી ચીજવસ્તુ ઉપરાંત ખાદ્યતેલનો પણ સમાવેશ થાય છે. રાષ્ટ્રની જરૂરીઆત સંતોષાતી નથી તેવે વખતે નિકાસ વધારવાની માગણી કરવી તે કેટલી વ્યાજબી છે ? આખરે રાષ્ટ્રના હિતો અને આંતરીક પૂરવઠાનો પણ કોઈ વિચાર કરવામાં આવે છે કે નહીં ?

શ્રી પ્રણવ મુકરજી દ્વારા કેન્દ્ર સરકારનો બચાવ કરવામાં આવે તે સમજી શકાય તેવું છે કારણ કે જો તેઓ તેમ ન કરે તો અન્ય શું કરી શકે ? નવી દિલ્હી આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવસ્થા બહાર રહી શકે તેમ નથી પરંતુ ચીનનો દાખલો નજર સમક્ષ છે. બર્મા અને તાઈવાન પણ ટકી રહ્યા છે. ઈરાકની સામેના પ્રતિબંધ છતાં તેને કંઈ જ વાંધો આવ્યો નથી.

કેન્દ્ર સરકાર રાષ્ટ્રના હિતોની રખેવાળી કરવામાં નિષ્ફળ રહી છે. સંસદને પણ અંધારામાં રાખીને ડંકેલ દરખાસ્ત સ્વીકારી લેવામાં આવી છે તે એક હકીકત છે. હવે વડાપ્રધાન તો આજ તેની ઔપચારિક જાહેરાત જ કરે છે. આ દરખાસ્ત સ્વીકાર્યા બાદ કોઈપણ રાષ્ટ્ર આર્થિક રીતે સાર્વભૌમત્વ વગરનું બની જશે. મૂડીવાદી રાષ્ટ્રો તેમને શોષણનું કેન્દ્ર બનાવી દેશે.

જેમનું ધ્યેય નફો રળવાનું છે તેવા રાષ્ટ્રો અને તેમની અર્થવ્યવસ્થામાં શોષણ એ તમામ પ્રવૃત્તિમાં કેન્દ્રસ્થાને છે. કાચા માલમાં એશીયા અને આફ્રીકાનું પ્રભુત્વ છે તે વાત તેઓ જાણે છે છતાં ટેકનોલોજી ક્ષેત્રે પશ્ચિમે પોતાની સર્વોપરીતા દ્વારા તેમનું શોષણ કર્યું છે. યુરોપ - અમેરિકાની વસ્તી વિશ્વના ત્રીજા ભાગની છે અને કુદરતી સાધનોનો ૭૫ ટકા ઉપભોગ તેઓ કરે છે.

વિશ્વમાં અસમાનતા વધતી જાય છે તે જો ઘટાડવામાં નહીં આવે તો ઈર્ષા અને અદેખાઈના પ્રત્યાઘાતરૂપે ઘર્ષણ અને તેમાંથી યુધ્ધ થવાની સંભાવના છે. અસમાનતાના મૂળ એ વિશ્વ અર્થવ્યવસ્થામાં પડેલા છે. તેમાં અંતર ઘટાડવાને બદલે વધે તેવા પ્રયાસો થાય છે તે યોગ્ય નથી. નિકાસ વધે તો દેવું ઘટે તે ખ્યાલ પણ છેતરામણો છે. જો તેમ જ હોત તો સાઉદી અરેબિયાની આર્થિક હાલત આજે સારી હોત.

શ્રી પ્રણવ મુકરજીએ કદી સુતરાવ કાપડની મીલો કેમ ખોટ કરી રહી છે અને શા માટે બંધ થઈ રહી છે તેનો અભ્યાસ કર્યો છે ખરો ? કાપડની મીલોને તેમના વિવિધ ઉત્પાદનના વ્યાજબી અને આકર્ષક ભાવ મળી રહે તે માટે કોઈએ વિચાર સુધ્ધાં કર્યો નથી. જે રીતે યુરોપ - અમેરિકા પર હાઈ ટેકનોલોજી માટે આપણે આધાર રાખીએ છીએ તે જ રીતે યુરોપ પણ સુતરાવ કાપડ માટે એશીયા તથા આફ્રીકા પર નિર્ભર છે અહિં સોદાબાજી દ્વારા કોનો હાથ ઉપર રહેવો જોઈએ તેની ચર્ચા થઈ રહી છે. ગેટ અને ડંકેલ દરખાસ્ત એ બીજ કંઈ જ નથી - ભારતને આર્થિક રીતે ગુલામ બનાવવાનો જ પ્રયાસ છે. વાણિજ્ય મંત્રી નિકાસ વધારવાના ફાયદા વર્ણવે છે પરંતુ અર્થતંત્ર પર તેની અસરો અંગે કેમ જણાવતા નથી ?

સુતરાવ કાપડની નિકાસ એ ત્રીજા વિશ્વ દ્વારા યુરોપનું નાક દબાવી શકાય તેવી મહત્ત્વની ચીજ છે પરંતુ મહાસત્તા અમેરિકાએ ભાગલાવાદી પ્રવૃત્તિ દ્વારા તમામને વિભાજીત કરી નાખ્યા છે એટલે કોઈ સોદાબાજી કરી શકે તેમ નથી. ઉપરાંત તેલ રાષ્ટ્રોના સંગઠનને પણ વિભાજીત કરી નાખનાર અમેરિકા હાલમાં તો દરેક જગ્યાએ ફાવી રહ્યુ છે.

એકંદરે પ્રજાજનો આ બધી દરખાસ્ત ડંકેલ કે ગેટ પ્રત્યે જોઈએ તેટલા જાગ્રત નથી પરંતુ તેના સ્વીકાર બાદ અનેક ગૂંચવાડા અને શોષણ થશે તે નિશ્ચીત છે. વિશ્વ અર્થવ્યવસ્થા અને માર્કેટ ઈકોનોમી એ મૂડીવાદી અર્થવ્યવસ્થાના મોડેલ છે જે ભારતને કોઇ કાળે જચે તેમ નથી એટલું જ નહીં સામાજીક - આર્થિક વ્યવસ્થાને તે અનુરૂપ નથી.

VINIYOG

# ડંકેલ દરખાસ્તનો રકાસ

અમેરીકા દ્વારા ભારતીય કૃષિ પદ્ધતિમાં માથુ મારવા ડંકેલ દરખાસ્તના નામે પ્રયાસ થયો હતો તેને ભારત દ્વારા સ્પષ્ટ રીતે નકારી કાઢવામાં આવેલ છે. અમેરીકા દ્વારા જે બીયારણ ભારતમાં વેચાણ થાય, સંશોધન થાય કે ફેરઉપયોગ થાય તે પેટન્ટ કરાવવાની વાત હતી.

કોઈપણ સ્વમાની રાષ્ટ્ર જે દરખાસ્ત કદાપી સ્વીકારી શકે નહીં. ડંકેલ દરખાસ્ત સ્વીકારવામાં આવે તો તેના પર રોયલ્ટી પેઢીઓની પેઢી સુધી ચુકવવાની રહે છે. આવો ખોટનો ધંધો કોણ કરે ? પરંતુ અમેરીકા હવે શોષણખોર મહાસત્તા તરીકે ઉપસી રહ્યુ છે.

જગતનું સૌથી મોટું કતલખાનું શિકાગોમાં છે. ત્યાં દૈનિક બે લાખ ઢોર કતલ કરવાની વ્યવસ્થા છે. પ્ર ખ્યાત અમેરીકન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહ્યુ હતું કે અમેરીકાની ધરતી ૧૦૦ વર્ષમાં રસકસ વગરની થઈ જશે. કારણ કે પશુઓની કતલ થાય છે તેથી કુદરતી ખાતરનો પૂરવઠો ઘટી જશે. જ્યારે ભારતમાં આમ નહીં થાય - ભારતની ધરતી રસાળ બની રહેશે.

કારણ કે છેલ્લા ૧૦ હજાર વર્ષથી ભારતની ધરતીને ઢોરના ગોબર મારફતે આવશ્યક સત્ત્વો મળી રહે છે. મહાન વૈજ્ઞાનિક દ્વારા ભારત અને અમેરીકાની સરખામણી કેવી રીતે કરવામાં આવી હતી તે સમજવા જેવું છે. અમેરીકા સમૃદ્ધ છે - પૈસાદાર છે - છતાં જીવહિંસા થાય છે તેથી ક્યાંય નિરાંત જેવું કોઈને નથી.

ડંકેલ દરખાસ્ત એક તરકટ - અને એક પૂર્વયોજીત કાવતરૂ છે. આવી દરખાસ્ત સામે વિરોધ થવો જોઈએ. પરંતુ ખૂબ જ મોડે મોડે વિરોધ શરૂ થયો હતો. આખરે કેન્દ્ર સરકાર પણ પ્રજામત સામે ઝુકી છે અને ડંકેલ દરખાસ્ત બનાવનારને અંગૂઠો બતાવવામાં આવ્યો છે. આ એક આવકાર્ય વલણ છે.

રાષ્ટ્ર પ્રેમના અભાવે એક માન્યતા જ ઘુસી ગઈ છે કે વિદેશનું હોય તે બધું જ સારૂ છે. ૧ હજાર વર્ષના વિદેશી શાસકોના પ્રભાવ હેઠળ રાષ્ટ્રીય ચારીત્ર્ય જેવી કોઈ ચીજ રહી નથી. આથી પ્રજા પણ જે રોષપૂર્વક વિરોધ દર્શાવવો જોઈએ તેમાં કરકસર કરે છે. આમ સમગ્ર બાબત જાહેરચર્ચા માગી લે છે.

વિદેશી બિયારણ કરતા ભારતીય બીયારણ અનેક દરજ્જે સારા છે. ભારત ભલે કદાચ હેકટરદીઠ ખેતીવાડી ઉત્પાદનમાં પાછળ હશે પરંતુ પશુઓના ગોબરનો પૂરવઠો વધારીને ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. કંઈક અંશે ભારતીય કૃષિ પદ્ધતિમાં અજ્ઞાતાકમ જ ખોટા છે.

ભારત શાકભાજીના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા નંબરે છે. લગભગ ૪૮ પ્રકારના લીલા શાકભાજી ભારતમાં થાય છે. તેના બીયારણ પણ ભારતીય હવામાનને અનુરૂપ અને અનુકુળ હોવા જોઈએ. હવે તે ડંકેલ દરખાસ્ત પ્રમાણે ભારતમાં ક્યાંથી ભલીવાર થવાની હતી ?

ભારતના કૃષિકારોએ બીજા પાસે કશું જ શીખવવા જવાની જરૂર નથી તેવી ભુમિકા જ્યારે નિર્માણ થશે તે વખતે ડંકેલ દરખાસ્તનો આપોઆપ રકાસ થશે. ભારતમાં અનાજ, તેલીબીયા, શાકભાજી અને ફળફળાદીનું જેટલું ઉત્પાદન થાય છે તેને વ્યવસ્થિત સાચવવાની અને ઉપભોકતા સુધી પહોંચે તેમ કરવાની જરૂર છે.

સંસદ સભ્યો કરતાં વધુ રોષ ભારતીય ખેડૂતોએ દર્શાવ્યો હતો તે એક નોંધપાત્ર બાબત છે. અંતે સાચી વસ્તુ સમજાણી છે. ખોટા માર્ગે જતાં અગાઉ જ તે માર્ગ ખોટો છે તેનો ખ્યાલ આવી ગયો છે તે સારી બાબત છે. સ્વદેશી ચળવળનો એક પ્રતીતિજનક વિજય થયો છે. પરંતુ હજુ લાંબી મઝલ કાપવાની છે.

ડંકેલ દરખાસ્ત એશીયા અને આફ્રીકાના રાષ્ટ્રોને પાયમાલ કરે તેમ હતી. કમસે કમ ભારત તેમાંથી બચી ગયું છે. આ બાબતનો યશ ભારતના ખેડૂતો અને ડંકેલ દરખાસ્ત સામે વિરોધનો ઝંડો ઉપાડનાર સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓને ફાળે જાય છે.

મુંબઈ સમાચાર
તા. ૧. ૬. ૯૩
પાના. ૮

VINIYOG

# ખેડુતોની સંગઠીત રેલી

ડંકેલ દરખાસ્તો સામે ભારતભરના ખેડુતોએ વિરોધ દર્શાવ્યો છે. આ અંગે રેલીનું નવી દિલ્હીમાં આયોજન થયું. ખેડુતોની માગણી એવી છે કે વિદેશી કંપનીઓને કૃષિક્ષેત્રમાં દાખલ થવા દેવી નહીં જોઈએ. પરંતુ ભ્રષ્ટ અને લાંચીયા અધિકારીઓએ કૃષિ નીતિને ખતમ કરી નાખી છે અને ગાડી તદ્દન ઉંધા પાટે ચડાવી દીધી છે.

વિદેશી બિયારણ દ્વારા ભારતમાં ખેતી થઈ શકે નહીં અને કરવામાં આવે તો તે સફળ થાય નહીં. કારણ કે દરેક પ્રદેશમાં - જમીન - હવામાન - જમીનમાં ઓછો ભેજ - તેમજ જમીનની ફળદ્રુપતા અને ખેતીની પદ્ધતિ સિંચાઈ ક્ષમતા વગેરેને આધારે ચોક્કસ ખેતીવાડી પદ્ધતિ વિકસાવવામાં આવી છે. યુરોપની ગાય કે ભેંસ ભલે દુધનું ઉત્પાદન વધારે આપતી હોય પરંતુ તેને ભારતમાં લાવી ન શકાય.

કારણ કે તે ભારતના હવામાનમાં ચાલી ન શકે - ટકી ન શકે. આ એક પાયાની વાત છે. જેવી રીતે રાસાયણીક ખાતરના ઉપયોગથી જમીનના સત્વો નાશ પામી રહ્યા છે તેવી જ રીતે વિદેશી બ્રાન્ડના બીયારણને કારણે એકાદ - બે વખત ઉત્પાદન વધારો જોવા મળે છે. પરંતુ બાદમાં તેમ બનતું નથી અને નકારાત્મક અસરો શરૂ થઈ જાય છે.

ભારતની કૃષિ પદ્ધતિ ઘણી જ પ્રાચીન છે અને વર્ષોના અનુભવ બાદ તે વિકાસ પામી છે. કદાચ - બે ચાર નાની મોટી ખામી જોવામાં આવે તો તેનો અર્થ એ નથી કે સમગ્ર પદ્ધતિ જ નકામી છે. ભારતની મુલાકાતે આવી ગયેલા યુરોપના કૃષિ પંડીતોએ આ સદીની શરૂઆતમાં કહ્યુ હતું કે ભારતીય ખેડુતો પાસેથી ઘણું શીખવા જેવું છે. તેમની પાસે કોઈ યુનીવર્સીટીની ડીગ્રી નથી પરંતુ કોઠા સૂઝ ઘણી છે.

ભારતની પાસે ગાય અને ગૌશાળાના વિકાસ અને ઉછેરનો ૧ લાખ વર્ષનો અનુભવ છે. આ પરથી સમજવું રહ્યુ કે ભારતનું કૃષિ માળખુ કેટલું સમૃદ્ધ છે. પરંતુ તે જોનારની દ્રષ્ટિ હોવી જોઈએ માત્ર વિદેશી બાબતનું અનુકરણ કરવાથી સમૃદ્ધી આવી જવાની નથી. વિદેશી બિયારણ કરતાં આપણે પોતે જ સ્વદેશી બિયારણમાં સંશોધન કેમ નથી કરતા તે પ્રશ્ન વિચારવા જેવો છે.

છેલ્લા ૨૦ વર્ષમાં ભારતના કૃષિ ખાતાએ જે - જે "નીતિ વિષયક" નિર્ણય લીધા છે તેની તટસ્થ રીતે તપાસ કરવાની આવશ્યકતા છે. હાલમાં તો એમ જ લાગે છે કે કૃષિ ખાતાની કામગીરી ખેડુતોના હિત વિરોધી રહી છે એટલું જ નહીં વપરાશકારોના હિત પણ જોવાયા નથી. ખૂબ જ શંકા અને આશંકા રહે તેવી તેની કામગીરી રહી છે. પ્રજાના પ્રતિનિધિઓ સુધી આવી વાત પહોંચે છે કે કેમ તે પણ શંકા રહે છે.

તાજેતરમાં જ અહેવાલ છે કે અમેરીકાએ ત્રણ લાખ ટન મકાઈનો પુરવઠો ભેટ આપ્યો છે. પરંતુ ભારતના કૃષિ ખાતા અને નાણા ખાતા વચ્ચે તે સ્વીકારવા અંગે ગજગ્રાહ ચાલી રહ્યો છે. કેન્દ્રનું કૃષિ ખાતું એમ કહે છે કે મકાઈ નહીં સ્વીકારવી જોઈએ. જ્યારે નાણાખાતું કહે છે કે તે ભેટ સ્વીકારવી જોઈએ. ભારતમાં વિદેશીઓ કેવી રીતે "લોબીંગ" કરે છે તેનો આ એક જ પુરાવો છે.

લોર્ડ વેલેસ્લીએ સહાયકારી યોજના બનાવી હતી તેમાં ભારતના રજવાડાઓનું અલગ દળ સ્થાપવું, તેના સૈનિકોને બ્રિટીશરો તાલીમ આપે અને અંકુશ બ્રિટીશરોનો રહે. તેમ જમીન ભારતની - મહેનત ભારતીય ખેડુતો કરે અને બીયારણ તથા રાસાયણીક ખાતર વિદેશનું આવું કંઈક ગોઠવાયું હોવાની વાત પ્રાથમિક રીતે જણાય છે.

ચીનની કૃષિ ક્ષેત્રની સિદ્ધીઓને ફરીથી પુનરાવર્તીત કરવાનું મન થાય છે. ચીન જે સિદ્ધી મેળવી શકે તે ભારતને કેમ ન મળે ? નવી દિલ્હીમાં ખેડુતોને રેલી કાઢીને વિદેશી બિયારણનો વિરોધ કરવો પડે તેવી હાલત થાય તે જ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર કોઈક મુદ્દા પર ખોટી દિશામાં જઈ રહી છે. આ અંગે જાગૃતિની જરૂર છે.

માત્ર ૫૦-૬૦ વર્ષ અગાઉ જ ભારત અનાજની નિકાસ કરતું હતું. ભારતમાં કઠોળ - અનાજ - જાડાં ધાન્ય અને તેલીબીયાનું પુષ્કળ જથ્થામાં ઉત્પાદન થતું હતું. બ્રિટીશ શાસન હોવા છતાં લોકોનું આર્થિક શોષણ થતું હતું - પરંતુ અનાજની તંગી નહોતી. ધી - દુધ પૈસા આપતાં છુટ્ટા મળી રહેતા હતા આજે શું હાલત છે તે નક્કી કરવાનું કાર્ય નાગરિકોનું છે.

ભારતના ૪ લાખ ગામડા એ ભારતની સમૃદ્ધીના કેન્દ્રો હતા. ગામડામાં સ્વાવલંબન દ્વારા અત્યારે આપણને રોજગારી આપીને વિદેશી દેવું કર્યા વગર કે વિશ્વ બેન્કની લોન લીધા વગર ફરીથી સમૃદ્ધીનું નિર્માણ કરવાના પ્રોજેક્ટની આવશ્યકતા છે. પરંતુ અગ્રતાક્રમ ખોટા છે આથી ગામડા ભાંગ્યા અને શહેરો વિકસ્યા પરંતુ હજુ મોડુ થયું નથી.

સ્વાવલંબી - આત્મનિર્ભર ભારત માટે જે - જે ભૂલો થઈ છે. તે સુધારવાની જરૂર છે. આ માટે નિખાલસતાની પણ આવશ્યકતા છે. ખાસ કરીને ચીનનો દાખલો એ નજર સમક્ષ રાખવા જેવો છે. ભારતીય ખેડુતોની શક્તિનું મહત્વ ઓછું આંકવા જેવું નથી. ખેડુતોને યોગ્ય તક આપવી રહી અને તેમને કોઠાસુઝ દ્વારા જ આગળ વધવાની ભૂમિકા નિર્માણ કરવી રહી.

** ** **

મુંબઈ સમાચાર

પાના નંબર :

દિનાંક : ૪.૩.૯૩

(૨૯)

VINIYOG

# ખેડૂતોનો વ્યાજબી રોષ

મું. સમાચાર તા. ૧૭-૭-૯૩ પાનું ૮

બેંગ્લોર નજીક કારગીલ કંપનીના વિદેશી બિયારણ પ્લાન્ટમાં ખેડૂતોએ ઘુસી જઈને ભાંગફોડ કરી હતી. ડંકેલ દરખાસ્ત પ્રમાણે વિદેશી બીયારણ ભારતમા ઘુસાડીને અહીં સદી દેશી ખેતીવાડી પધ્ધતિનો નાશ કરવાનું જે કાવત્રુ રચાયુ છે તે સામે લોકમત કેટલો પ્રબળ છે તે આ દ્રષ્ટાંત પરથી જાણવા મળે છે.

સ્વમાની અને રાષ્ટ્રવાદી ખેડૂતોને ખ્યાલ છે કે પેટન્ટ કરાવવાને પાત્ર બીયારણ સ્વીકારવાથી કેટલી પાયમાલી થઈ શકે તેમ છે. આથી જ નાન્જુડ સ્વામીની આગેવાની હેઠળ ત્યાં સ્વંયભુ આંદોલન શરૂ થયુ હતું. આ માટે સંમેલન બોલાવવામા આવ્યુ હતુ. તેમજ નવી દિલ્હી કૂચ લઈ જવામાં આવી હતી. વિદેશી બીયારણ ઉત્પાદક કંપનીના હાંજા ગગડી જાય તેવું આંદોલન થયું હતું.

આમ પણ મલ્ટીનેશનલ કંપની દ્વારા જે કોઈ ઉત્પાદન ભારતમાં વેચાણ માટે લાવવામાં આવે છે તે ભારતના પર્યાવરણ અને સામાજીક માળખા સાથે સુસંગત હોતા નથી તેવી એક વ્યાપક ફરિયાદ છે. અમેરિકાની જમીનમાં જે બીયારણ ઉપજ આપી શકે છે તે ભારતને માટે અનુકૂળ હશે જ તેમ કઈ રીતે માની લેવામા આવે છે ? આખર વિવેકબુધ્ધિ જેવી કોઈ ચીજ છે કે નહીં ?

ડંકેલ દરખાસ્ત જો સાવ શુધ્ધ ગુજરાતી ભાષામાં કહીએ તો ફકત મટીને ભનીજા બનાવવાની વાત છે. આ દરખાસ્ત પ્રમાણે જે કોઈ બીયારણ આયાત થાય તેની પેટન્ટ અમેરિકી કંપનીની બની જાય. તેમજ તેના પર રોયલ્ટી મુકવાની પણ થાય. આવી દરખાસ્ત એ બીજુ કંઈ નથી પણ શોષણની સામ્રાજ્યવાદી પધ્ધતિ જ છે. આ સામે અવાજ ઉઠાવ્યો છે તે વ્યાજબી છે.

કર્ણાટકના ખેડૂતોએ તો સીધો કારખાના પર હુમલો કરીને જ પોતાનો રોષ પ્રગટ કર્યો છે. તેઓ કહે છે કે આ કંપની ભારતમાં જોઈએ જ નહીં. ખેડૂતોને ખ્યાલ છે કે તેમનું શોષણ કેટલું કરવામાં આવે છે. ઉપરાંત જો એકવાર આવી કંપનીઓ પગ કરી ગઈ તો પછી શોષણ તો કાયમી બની જાય. આથી જ જ્યાં બાંધકામ ચાલતું હતું તે વિભાગ પર હુમલો કરીને નુકશાન પહોંચાડ્યુ હતું.

બીયારણ પ્રોસેસીંગ પ્લાન્ટ ઘણા મહીનાથી તૈયાર છે. પરંતુ ત્યાં ઉત્પાદન પ્રક્રીયા હજુ શરૂ થઈ નથી. આ પ્રક્રીયા એટલા માટે શરૂ થઈ નથી કે વિરોધ જોરદાર રીતે થઈ રહ્યો છે. બ્રિટીશ શાસને ભારતીય ખેડૂતોને દેવાળીયા બનાવ્યા પરંતુ સ્વાતંત્ર્ય બાદના આયોજકોએ તેમને સાવ પાયમાલ કરી નાખ્યા. હવે બાકી રહ્યુ છે તે પૂરૂ કરવા ડંકેલ જેવી દરખાસ્ત આવી રહી છે.

પરંતુ પ્રચંડ વિરોધ જોતાં આવી ડંકેલ દરખાસ્ત અમલી બને તેમ લાગતું નથી. છતાં શાસકોની ખંધાઈ આ બાબતે જોવામાં આવી રહી છે તેમનાથી સાવચેત રહેવાની જરૂર છે. અત્યારે ભલે તેમને પછડાટ લાગી છે. પરંતુ તેઓ આસાનીથી હાર સ્વીકારે તેમ નથી. કોઈને કોઈ નવા સ્વરૂપે પાછલે દરવાજેથી ઘુસી ન જાય તેનો ખ્યાલ રાખવો રહ્યો.

# 'ગાટ' કરારથી નુકસાન જ: ગરીબ દેશોનો પ્રત્યાઘાત

વોશિંગ્ટન, તા. ૧૮મી ડીસેમ્બર (પી. ટી. આઈ.)

ગાટના ઉરૂગ્વે ખાતેના સમાપ્તિના દોરમાં થયેલા કરારને ગરીબ દેશો પોતાને થયેલા નુકસાનની રૂએ મૂલવે છે એમ જરનલ ઓફ કોમર્સે આજે કહ્યું હતું.

ન્યુયોર્ક સ્થિત વાણિજ્ય દૈનિકે પાકિસ્તાનના રાજદૂત અહમદ કમાલને ટાંકીને કહ્યું હતું કે અમેરિકા, યુરોપ, જાપાન અને બીજી અગ્રણી સત્તાઓ નવા વ્યાપાર કરારની રૂએ અબજો ડોલરમાં નફો ગણી રહ્યા છે ત્યારે ગરીબ રાષ્ટ્રો કરોડો ડોલરના નુકસાનની વાતો કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે વિકાસશીલ દેશોને વધ્યું ઘટયું જ મળવાનું છે.

પશ્ચિમ યુરોપની ભૂતપૂર્વ કોલોનીઓમાંથી તૈયાર થયેલા આફ્રિકા, કરેબિયન, પેસિફિકના ૬૯ દેશોના એકમ માટેના બ્રુસેલ્સ સ્થિત નિષ્ણાત પીટર ગાકુનોએ કહ્યું હતું કે અતિ ગરીબ રાષ્ટ્રો જીનેવામાં એક ખૂણે ધકેલાઈ ગયા હતા.

વિશ્વ બેન્ક અને ઈકોનોમિક કો - ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ માટેની સંસ્થાએ તાજેતરમાં દર્શાવ્યું હતું . કે વ્યાપારની ખરાબી કરતી આર્થિક રાહતોનું હટાવવું અને કરારના અન્વયે નિકાસ બજારમાંના ધરખમ વધારાને કારણે ૨૦૦૨ની સાલ સુધીમાં વિશ્વ અર્થકરણને ૨૧૩ અબજ ડોલરનો લાભ થશે, છતાં અભ્યાસમાં જણાવાયું હતું કે આફ્રિકાનાં દેશોને ૨.૬ અબજ ડોલરનું નુકસાન થશે અને નાનકડા કેરેબિયન દેશો ચોખ્ખું નુકશાન ભોગવનારામાં હશે.

અભ્યાસમાં કહ્યું હતું કે આફ્રિકા, કરેબિયન, પેસીફીક (એસીપી) દેશો તો શકય એટલા મોટા ખોટ ખમનારા હતા. જરનલે કહ્યું હતું કે ખાદ્ય સામગ્રીની બહોળી આયાત કરનારા વિકાસશીલરાષ્ટ્રો ઊંચા કિંમત દરોનો સામનો કરશે. અમેરિકા અને ઈયુ નિકાસ રાહત ઘટાડશે ત્યારે તો શરૂમાં આમ ચોકકસ જ બનવાનું છે.

જગતના ૧૩૨ વિકાસશીલ દેશોમાંના ૧૦૦ દેશો પૂરા પ્રમાણની ખાદ્ય સામગ્રીની આયાત કરનારાઓમાં છે. અમેરિકા અને ઈયુના દેશોમાં ખેતીવાડી માટે અપાતી વિશાળ રાહતે ત્રીજા વિશ્વના ખેતીવાડીને સાવ અર્થહીન કરી મૂકી હતી.

અખબારે જણાવ્યું હતું કે વિકાસશીલ દેશોએ એવી ફરિયાદ કરી હતી કે ૧૯૮૬માં ઉરૂગ્વે દોરનો તબકકો શરૂ થયો હતો ત્યારે તેની પ્રજા વિશ્વ પરની અસરનું મુલ્યાંકન કરવાનું અપાયેલું વચન તેઓ ભૂલી ગયા હતાં ગાકુનોએ કહ્યું હતું કે ઉરૂગ્વે દોરમાં વિકાસશીલ દેશોને ગંભીર રીતે લેવામાં આવ્યા જ નહોતા.

ક્રિશ્ચિયન એઈડના વ્યાપારનીતિના સલાહકાર પીટર મેડને કહ્યું હતું કે બીજાઓને આટલો ફાયદો આપનારા ઉરૂગ્વે દોરના કરારનો ભોગ જગતના અતિ ગરીબ અને નિરૂપાય થઈ ગયેલા રાષ્ટ્રો બને કે સારૂ તો ન જ કહેવાય.

# સ્પેશ્યલ ૩૦૧ કલમ હેઠળ ભારત સામે પગલાંની અમેરિકાની ધમકી

વોશીંગ્ટન, તા. ૨૭મી ફેબ્રુઆરી. (પી.ટી.આઈ., યુ.એન.આઈ.)

ભારતના 'પેટન્ટસ' અંગેના વહીવટી તંત્રની વલણ વ્યાજબી નહિ હોવાનો આક્ષેપ અમેરીકાની સરકારે કર્યો છે અને અમેરીકાની ટ્રેડ લોની "સ્પેશ્યલ ૩૦૧" કલમ હેઠળ જ્યારે જરૂર લાગે ત્યારે ભારત સામે વળતા પગલાં લેવાનો પોતાનો અધિકાર તેણે અનામત રાખ્યો છે.

અમેરીકાના ટ્રેડ રીપ્રીઝેન્ટેટીવ એમ્બેસેડર શ્રીમતી કારલા હીલસે આજે એવી જાહેરાત કરી હતી કે વેપારી ક્ષેત્રે ભારત સામે પગલાં લેવાના સંબંધમાં અમે હજી દ્વાર ખુલ્લા રાખ્યા છે. આ સંબંધમાં કારણ શોધી કાઢવા માટે ઈન્ટેલીજન્સ ગ્રુપને જણાવવામાં આવ્યું છે.

તેમણે આવી વલણ એટલા માટે અખત્યાર કરી છે કે ભારત સરકારે પેટન્ટસને પુરતુ અને અસરકારક રક્ષણ આપવાની ના પાડી છે. તેની આ વલણ વાજબી નથી. તેમના જણાવ્યા પ્રમાણે આથી અમેરીકાની વેપારી ક્ષેત્રની પ્રવૃત્તિ પરત્વે બોજો વધી જાય એમ છે.

આ અંગેની અમેરીકાની માંગણીને પહોંચી વળવા ભારત સરકારે પ્રયત્ન કર્યા છે એ વાત નો તેમણે એકરાર કર્યો છે પણ એ સાથે તેમણે જણાવ્યું હતું કે અમેરીકાને સંતોષવા માટે આટલું પૂરતુ નથી.

એક નિવેદન દ્વારા ભારતને ચેતવણી આપીને તેમણે જણાવ્યું હતું કે દ્વિપક્ષી મંત્રણામાં ભારતની અત્યારની વલણમાં ફેરફાર કરાવવા અમે તેને આગ્રહ કરીશું અને વેપારી ક્ષેત્રે તેની સામે પગલાં લેવાનું યોગ્ય છે કે એનો અંદાજ કાઢીશું.

હાલને માટે ભારત માટે એટલી જ છૂટછાટ મૂકવામાં આવી છે કે ગઈ કાલે અમેરીકાએ તેની સામે વેપારી પગલાં લીધા નથી.

("સ્પેશીયલ - ૩૦૧" હેઠળ તેની સામે પગલાં લેવા માટેની સમય મર્યાદા ગઈકાલ સુધીની હતી.)

આમ છતાં જરૂર જણાય તો આવી છે. શક્યતાને ભવિષ્યમાં અમેરીકાની સરકારે નકારી કાઢી ન હતી.

અમેરીકાની સરકારની આજની જાહેરાતમાં એ વાતની નોંધ લેવામાં આવી હતી કે તપાસ હેઠળના અન્ય પ્રશ્નોની બાબતમાં પ્રગતિ થઈ છે ખરી આમ છતાં ભારતના પેટન્ટ ધારાની સબંધમાં ગંભીર પ્રશ્નો હજુ પણ ઊભા છે.

'પેટન્ટો'ની બાબતમાં પુરતુ રક્ષણ આપવાની ભારત હજી ખાત્રી આપતું નહિ હોવાથી અમેરીકાના આ મહિલા આગેવાને આવી ગેરવાજબી વલણ અખત્યાર કરી છે.

તેમણે જણાવ્યું હતું કે અમે એવું માનીએ છીએ કે ભારતે આર્થિક ક્ષેત્રે લીધેલા પગલાંઓ દ્વારા જો તેણે સંપૂર્ણ લાભ ઉઠાવવો હોય તો તેણે ખાસ કરીને ફારમાસ્યુટીકલ્સના ક્ષેત્રે 'પેટન્ટસ' અંગેની વિશ્વના ધોરણે તેને રક્ષણ આપવું જોઈએ. ભારત સામે આ ક્ષેત્રે પગલું લેવાની અમને જરૂર જણાય એ અગાઉ તેની સાથે સહકાર સાધી શકાશે એવી અમને આશા છે.

મુંબઇ સમાચાર
પાના નંબર: ૧૬
દિનાંક: ૨૮.૨.૯૨

VINIYOG

# IPRs: Farm expert fears MNC monopolies in plant breeding

PTI

NEW DELHI 2 DECEMBER

FORMULATION of rules governing intellectual property rights (IPR) under the Uruguay Round, particularly in plant breeding, will have serious implications for developing countries if adequate compensation for them was not ensured, feels Prof Khem Singh Gill, the vice-chancellor of Punjab Agricultural University.

Prof Gill said he feared commercial distortion of plant breeding research and its objectives in developing countries would be to the detriment of farmers in the long run.

Most of the plant breeding business is now under the control of multinational companies which have created a monopolistic domination of the genetic component of agri-business, Prof Gill said.

The business trends of the multinational companies were dictated by short-term gains which run counter to plant breeding research which is a long-term and continuous process, he said.

If long-term plant breeding, is left solely to the public sector it could create an imbalance for the future flow of improved seed varieties, which would prove detrimental to agriculture, the vice-chancellor said.

Prof Gill said the private sector in most of the developing countries where plant variety protection is non-existent would be attracted to breed and sell hybrid seeds in such crops as maize, pearl millet, sorghum and sunflower rather than working on self-pollinated crops.

The farmer cannot plant back the saved seed from his crop for hybrid varieties unlike the self-perpetuating varieties of self-pollinating crops, he said.

In India private seed companies have come up very quickly. The IPR regimes if imposed would lead to amalgamation of small companies into big companies and hence reduce the genetic diversity among varieties reaching the farmer, he cautioned.

Research in private seed companies in India is largely concentrated on hybrid seeds of field and vegetable crops because of inbuilt protection and assured sale of their product. These companies have increased diversity of farmer's fields but the imposition of intellectual property rights will have a detrimental effect on their growth, Prof Gill feels.

Among the potentially bad effects of the IPR regime, is also the overriding aim of private companies to enhance profits which may increase litigations as the issue of plant breeding rights is confounded with monopoly and the inclusion of bio-technology into plant breeding, he said.

Prof Gill said plant breeding rights (PBR) are biased towards multinational seed companies and this was bound to encourage monopolistic seed situation.

This is further aggravated by the Seed Act of 1988 which allows import of seeds in large quantities and has attracted multinational companies to invest in seed research and development, he said.

The PBR system allows the exploitation of developing countries for import of seeds of new varieties for multiplication and the subsequent export of seed to developed countries.

Developing countries are used as a source of cheap labour and for exploiting suitable agroclimate for increasing profits. Thus, the only benefit to developing country is by way of employment, Prof Gill said.

Giving the example of Tanzania, Prof Gill said a Dutch company had developed a bean seed which was produced in Tanzania because of cheap labour but the seed is sold from The Netherland.

Tanzania receiving a minimal share of the gains from the export of the seed, but under the PBR cannot directly export the seed without the permission of the the Dutch company, he said.

The losses from the IPR system might well outweigh the gains for a developing country like India, Prof Gill said primarily due to restrictions on the free flow of germplasm and monopolisation of seed trade by private industry.

Delays in the availability of new variety seeds increase seed prices, forcing the farmer to buy fresh seed every year and restricting the availability of patented genetic stocks for research purposes are the other adverse trends that would result from the IPR regime.

Stressing the importance of totally excluding plant and agriculture from any form of IPR, Prof Gill said, this would mean total freedom for the introduction and diffusion of new seed varieties.

India should strive for a non-monopolistic mix of the public and private sector having both competitive and collaborative approach in which there is a free flow of genetic resources between the two sectors, he said.

The decisions in accepting any options for Indian agriculture under the trade related intellectual property rights (TRIPs) negotiations within the GATT issue need to be made with adequate measures to protect the agriculture sector from disaster and safeguard the interests of the small farmer, Prof Gill added.

THE ECONOMIC TIMES
PAGE: 3
DATE: 3.12.91